અમદાવાદ સીટી માટે

પાનાં : ૧૪ કિંમત : રૂા. ૫-૦૦ ** તા. ૨૩ નવેમ્બર ૨૦૨૬ સોમવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૧૪ વર્ષ : ૯૪, અંક : ૩૧૬ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1 - 2 - 3 - 4

ગુજરાત સમાચાર
futuristic
કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા
બાયોઈલેક્ટ્રોનિક ગેજેટ્સ દ્વારા માથામાં ફરી વાળ ઉગશે!
વૈજ્ઞાનિકોએ સ્પેસ ડસ્ટની મદદથી નેપ્ચૂનની પાર પાણીના પુરાવા શોધ્યા
વાંચો અંદરના પાને...

અમેરિકાના બે પ્રતિષ્ઠિત અખબારો ન્યૂયોર્ક ટાઈમ્સ, વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલોથી ખળભળાટ

ટ્રમ્પ ઊંઘતા ઝડપાયા

ચીને એડવાન્સ AI ટેક્નોલોજી તફડાવી

(પીટીઆઈ) વોશિંગ્ટન, તા.૨૨

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)માં ચીનને પ્રભુત્વ જમાવતું રોકવા માટે અમેરિકાએ એડવાન્સ એઆઈ ટેક્નોલોજી અને સેમીકન્ડક્ટરની ચીનમાં નિકાસ પર પ્રતિબંધો મૂકેલા છે ત્યારે ચીનની જાસૂસી એજન્સીએ ૩.૬ અબજ અમેરિકન ડોલરના ફન્ડિંગની મદદથી બે વર્ષ કરતા વધુ લાંબા સમયમાં આંતરરાષ્ટ્રીય સ્તરે કંપનીઓનું જબરજસ્ત નેટવર્ક ગોઠવીને એડવાન્સ એઆઈ ચીપની ટેક્નોલોજી તફડાવી લીધી. ચીનની જાસૂસી સંસ્થાના આ કારનામા વચ્ચે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઊંઘતા ઝડપાયા છે. એનવીડિયાના પૂર્વ સીઈઓ જેનસેન હુઆંગ ચીનની જાસૂસી મહિલા એલિસ હુઆંગ સાથે વિવાદમાં સપડાયા પછી ચીનનું આ નેટવર્ક ખુલ્લુ પડ્યું હતું તેમ અમેરિકન મીડિયામાં જણાવાયું છે.

ચીને ૩.૬ અબજ ડોલરના ફન્ડિંગની મદદથી બે વર્ષ સુધી સિક્રેટ મિશન ચલાવી આંતરરાષ્ટ્રીય સ્તરે કંપનીઓની માયાજાળ પાથરી અને એઆઈ ટેક્નોલોજી હાંસલ કરી

એઆઈ ક્ષેત્રમાં પ્રભુત્વ હાંસલ કરવા માટે ચીનની જાસૂસી એજન્સીએ એડવાન્સ સેમીકન્ડક્ટર ચીપ્સ અને સર્વર મેળવવા તથા વૈશ્વિક ચીપ ઉદ્યોગમાંથી માહિતી મેળવવાની બાબતને તેની પ્રાથમિકતા બનાવી હતી. અમેરિકાના પ્રતિષ્ઠિત અખબારો ધ ન્યૂયોર્ક ટાઈમ્સ અને વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલોમાં દાવો કરાયો છે કે ચીને પશ્ચિમી દેશોના નિકાસ પ્રતિબંધોને બાજુ પર ધકેલીને એડવાન્સ એઆઈ ટેક્નોલોજી મેળવવા લગભગ બે વર્ષથી અભિયાન ચલાવ્યું છે.

અમેરિકન મીડિયા અહેવાલો મુજબ બિઝનેસ વુમન અને એનવીડિયાના પૂર્વ સીઈઓ જેનસેન હુઆંગની ગર્લફ્રેન્ડ એલિસ હુઆંગની તપાસ કરી રહ્યા છે તેવા સમયે ચીનના આ આંતરરાષ્ટ્રીય નેટવર્કનો પર્દાફાશ થયો છે. ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ એલિસ હુઆંગના પરિવાર સાથે સંકળાયેલી કંપનીઓ અને ચીનના સરકારી ડિફેન્સ કોન્ટ્રાક્ટરો વચ્ચે વ્યાપક સંબંધોનો ખુલાસો થયો હતો. ચીન સરકારના ૩.૬

(અનુસંધાન ૧૧મે પાને)

એનવિડિયાના પૂર્વ સીઈઓ જેનસેન હુઆંગ અને એલિસ હુઆંગના સંબંધોની તપાસ સમયે જ ચીનના નેટવર્કનો પર્દાફાશ

સિંગાપોર અને મલેશિયાના માર્ગે એનવિડિયાના સર્વર ચીન મોકલાયા

વોશિંગ્ટન, તા.૨૨

ધ વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટ મુજબ એનવીડિયાની એડવાન્સ કમ્પ્યુટિંગ ક્ષમતા અને ચિપ્સને કથિત રીતે ચીન પહોંચાડનારી કંપનીઓના નેટવર્કનો ઘટસ્ફોટ થયો છે. આ રિપોર્ટ મુજબ બાવન વર્ષનો ચીની નાગરિક લી મિંગ સિંગાપોર સ્થિત કંપની મેગાસ્પીડ સાથે જોડાયેલો હતો. લીએ એનવિડિયાની ચીપ્સ વાળા કમ્પ્યુટર સર્વર ખરીદ્યા અને આ ઉપકરણો તેમની સિંગાપોર સ્થિત કંપની લક્ઝુરિયેટ યોર લાઈફ માટે હોવાનું કહીને અમેરિકન સપ્લાયરોને ગેરમાર્ગે દોર્યા હતા. આ સર્વરોને પહેલા મલેશિયા મોકલાયા અને ત્યાંથી કોઈ અજ્ઞાત ત્રીજા સ્થળે મોકલી દેવાયા

(અનુસંધાન ૧૧મે પાને)

ચીનના સુરક્ષા મંત્રાલય (એમએસએસ)ના પ્રમુખ ચેન યિશિનના નેતૃત્વમાં આ અભિયાન હેઠળ પશ્ચિમી દેશોમાંથી એડવાન્સ એઆઈ ટેક્નોલોજીની દાણચોરી કરી તેને ચીન પહોંચાડવા આવી હતી. આ સાથે સેમીકન્ડક્ટર ઉદ્યોગ અને તેની સપ્લાય ચેઈન સંબંધિત ગુપ્ત માહિતી પણ એકત્ર કરવામાં આવી રહી છે. અહેવાલમાં એશિયા, અમેરિકા અને યુરોપના વર્તમાન તથા ભૂતપૂર્વ સુરક્ષા અને જાસૂસી અધિકારીઓને ટાંકવામાં આવ્યા છે.

અમેરિકન અધિકારીઓ ચીનની

બણગાઓના બજારમાં જિનપિંગના ઓપરેશન 'ચૂપચાપ'ની બોલબાલા!

બેઈજિંગ, તા.૨૨

દુનિયામાં છેલ્લા કેટલાક વર્ષોમાં ચીન મહાસત્તા તરીકે ઊભરી આવ્યું છે, જેમાં પ્રમુખ શી જિનપિંગની મહત્વની ભૂમિકા છે. રશિયા અને યુક્રેન યુદ્ધ તેમજ પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈરાન યુદ્ધની વૈશ્વિક અરાજક સ્થિતિમાં કોઈ નેતા પોતે દુનિયામાં કેટલા યુદ્ધો બંધ કરાવ્યા તેના બણગા ફૂંકી રહ્યા છે જ્યારે કોઈ નેતા તેમના કહેવાથી સોનાના ભાવ નીચે આવ્યાનો દાવો કરી રહ્યા છે. કોઈ નેતા દુનિયામાં યુદ્ધો બંધ કરાવી શાંતિ સ્થાપવા એક દેશથી બીજા દેશ જવાનો દાવો કરી રહ્યા છે. આવા સમયે અમેરિકન પ્રમુખ ટ્રમ્પના ટેરિફને પડકારવાના હોય કે એડવાન્સ એઆઈ

(અનુસંધાન ૧૧મે પાને)

નેપાળના પીએમ ભારતની મુલાકાતે



પડોશી દેશો વચ્ચે સારા સંબંધો કેવા હોય, તેનું ઉત્તમ ઉદાહરણ અનેક વર્ષોથી ભારત અને નેપાળ રહ્યા છે. નેપાળના રાજા ત્રિભુવન(૧૯૫૦-૧૯૫૧)થી લઈને છેલ્લા રાજા જ્ઞાનેન્દ્ર (૨૦૦૨) સુધી તમામ માટે ભારત હંમેશાથી ખાસ રહ્યું. ભારતની સ્વતંત્રતાની લડાઈમાં ભાગ લઈ ચૂકેલા નેપાળના પહેલા પીએમ બી.પી. કોઈરાલા (૧૯૬૦) સૌથી પહેલા ભારત પ્રવાસે જ આવ્યા હતા. હાલ, જેન-ઝી આંદોલન બાદ પીએમ બનેલા બાલેન્દ્ર શાહ ભારત આવ્યા છે. પરંતુ, ઘણું બધું બદલાઈ ગયું છે. તેઓ સરકાર બન્યાના છેક આઠ મહિના બાદ ભારત આવ્યા છે. આ આઠ મહિના એ વાતની સાબિતી કે, બંને દેશો વચ્ચે અનેક મુદ્દે મનભેદ જોવા મળી રહ્યા છે. ભારત-નેપાળ વચ્ચેના સૂમેળ સંબંધોમાં આ અનેક ગ્રહણ લાગ્યા છે, જે ફક્ત મોટી મોટી જાહેરાતો કરવાથી નહીં સુધરે. ભારતે વિદેશનીતિ પર પુનઃવિચારણાની જરૂર છે. ભારતે ચીનની નજીક જઈ રહેલા નેપાળને વિશ્વાસ પાછો આપવો પડશે. જિનપિંગની વિદેશનીતિને ટક્કર આપવા માટે નક્કર પગલા જ કામ લાગશે.

કોર કમાન્ડર સ્તરની બેઠકમાં કેટલાક મુદ્દાઓ પર સહમતિ સધાઈ

અરૂણાચલ સરહદે સંઘર્ષ દૂર કરવા ભારત-ચીનની કમાન્ડર સ્તરની બેઠક

નવી દિલ્હી, તા.૨૨

અરૂણાચલ પ્રદેશ સરહદ નજીક ભારત અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી સંઘર્ષના અહેવાલો આવી રહ્યા છે ત્યારે શિયાળાની ઠંડી શરૂ થાય તે પહેલાં આ તણાવ દૂર કરવા માટે ભારત અને ચીન વચ્ચે બીજા તબક્કાની કોર કમાન્ડર સ્તરની બેઠક યોજાઈ હતી. બીજીબાજુ અરૂણાચલમાં સિયાંગ ડેમના વિરોધ વચ્ચે સરકારે દાવો કર્યો કે ચીન સરહદ નજીકના ૪૦ ગામોમાં પલાયન અટકી ગયું છે અને સ્થાનિક વસતી વધી છે.

સિયાંગ ડેમના વિરોધ વચ્ચે ચીન સરહદ નજીકના ૪૦ ગામોમાં પલાયન અટક્યું હોવાનો સરકારનો દાવો

અરૂણાચલ પ્રદેશમાં સરહદ નજીક ચીના સૈનિકો ઘૂસણખોરી કરતા હોવાના અહેવાલો વચ્ચે બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો. આવા સમયે દિવાળી પછી ૮ નવેમ્બરે ભારત અને ચીન વચ્ચે બીજા તબક્કાની કોર કમાન્ડર સ્તરની બેઠક યોજાઈ હતી. આ બેઠક લગભગ ૧૦ દિવસ સુધી ચાલી હતી. આ બેઠકમાં ભારતનું નેતૃત્વ સેનાની ત્રીજી કોર (સ્પીયર કોર)ના જનરલ ઓફિસર કમાન્ડિંગ લેફ્ટનન્ટ જનરલ ગિરીશ કાલિયાએ કર્યું હતું. તેમની સાથે વિદેશ મંત્રાલયના એક પ્રતિનિધિ પણ બેઠકમાં જોડાયા હતા.

સૂત્રો મુજબ સૌહાર્દપૂર્ણ માહોલમાં આ બેઠક યોજાઈ હતી, જેનો મુખ્ય આશય બંને સેનાઓ વચ્ચે સંપર્કના

(અનુસંધાન ૧૧મે પાને)

આંદોલનોથી ચર્ચામાં આવેલ સીજેપીનું નવુ નજરાણું

સીજેપીએ કોકરોચ ક્લબની શરૂઆત કરી પણ અભિજીત દિપકે 'ઘેરહાજર'!

નવી દિલ્હી, તા. ૨૨

કોકરોચ જનતા પાર્ટીએ રવિવારે કોકરોચ ક્લબની શરૂઆત કરી હતી, પાર્ટીના નેતા સૌરવ દાસે એક વીડિયો જાહેર કરીને કહ્યું હતું કે જ્યારે આપણે ગાંધી, નેહરુ અને આંબેડકરને વાંચીશું તો આપણી જીત જરૂર થશે, અમે કોકરોચ ક્લબમાં પણ તેનું જ ઉદ્ઘાટન કર્યું છે. આ ટ્રેલર હતું હજુ અનેક લોકો ક્લબમાં જોડાશે. જેનો હેતુ વાંચન, ચર્ચા, સાંસ્કૃતિક કાર્યક્રમો છે.

ક્લબમાં વાંચન, ચર્ચા, ફિલ્મ સ્ક્રીનિંગ, કોમેડી શો સહિતના કાર્યક્રમો યોજાશે : સૌરવ, રાન્કાએ લોન્ચિંગ કર્યું

અત્યાર સુધી કોકરોચ જનતા પાર્ટી વિવિધ મુદ્દે રસ્તા પર આંદોલનો કરતી જોવા મળી હતી, હવે એક એવુ ક્લબ સ્થાપવામાં આવ્યું છે કે જ્યાં એકઠા થઈને લોકો આંબેડકર, ગાંધી, નેહરુ વગેરેને વાંચશે, આ સ્થળ પર કોમેડીની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે, ફિલ્મ સ્ક્રીનિંગ કરાશે, અભ્યાસ સેશન ગોઠવાશે સાથે જ યુવાનોને વિચારો વ્યક્ત કરવા માટે પ્લેટફોર્મ પુરુ પાડવામાં આવશે તેમ સૌરવ દાસે જણાવ્યું હતું. આશુતોષ રાંકાએ સોશિયલ મીડિયા એક્સ પર ક્લબના લોન્ચિંગની તસવીરો જાહેર કરી હતી, જેમાં આર્ટિસ્ટ પર્ફોર્મ કરતા જોવા મળ્યા હતા. કેટલીક તસવીરોમાં ઓડિયંસને પણ દેખાડવામાં આવી હતી. જોકે લોન્ચિંગ સમયે માત્ર સૌરવ દાસ અને આશુતોષ રાન્કા જ કેમ હાજર રહ્યા, કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દિપકે ક્યાંય જોવા નહોતા મળ્યા. તેથી એવા સવાલો ઉઠી રહ્યા છે કે અભિજીત દિપકેએ કોકરોચ ક્લબમાં સામેલ થવાનું ટાળ્યું હોઈ શકે છે.

ફૂડ ઓઈલના ઊંચા ભાવની અસરથી ભારતનું આયાત બિલ વધ્યું

ઓક્ટોબરમાં ફૂડ-ગેસનો આયાત ખર્ચ ૬૦ ટકા વધી ૧૬ અબજ ડોલરે પહોંચ્યો

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૨૨

ભારત માટે વિદેશમાંથી ફૂડ ઓઈલની આયાત મોંઘી થઈ રહી છે. ઓક્ટોબરમાં ભારતનું ફૂડ ઓઈલ અને ગેસ આયાતનું બિલ ૬૦ ટકા વધીને ૧૬ અબજ ડોલરે પહોંચી ગયું હતું. પેટ્રોલિયમ મંત્રાલય હેઠળ આવતા પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસીસ સેલ (પીપીએસી)ના અહેવાલ મુજબ આંતરરાષ્ટ્રીય સ્તરે ફૂડ ઓઈલના ઊંચા ભાવના કારણે ભારતના ફૂડ આયાત બિલમાં વધારો થયો હતો. ઓક્ટોબર ૨૦૨૫માં દેશનું નેટ ફૂડ આયાત બિલ ૧૦ અબજ ડોલર હતું. બીજીબાજુ ઓક્ટોબરમાં દેશમાં એલપીજીનો વપરાશ ઘટ્યો હતો.

ભારતે ઓક્ટોબરમાં સરેરાશ પ્રતિ બેરલ ૧૨૪.૭૭ ડોલરના ભાવથી ૨.૩૩ કરોડ ટન બ્રેન્ટ ફૂડની આયાત કરી

પીપીએસીના રિપોર્ટ મુજબ ભારતે ઓક્ટોબરમાં સરેરાશ પ્રતિ બેરલ ૧૨૪.૭૭ ડોલરના ભાવથી બ્રેન્ટ ફૂડની આયાત કરી હતી, જે એક વર્ષ અગાઉ સમાન સમય કરતાં લગભગ બમણો ભાવ હતો. ઓક્ટોબર ૨૦૨૫માં ફૂડનો ભાવ ૬૪.૭૫ ડોલર હતો જ્યારે સપ્ટેમ્બર ૨૦૨૬માં ફૂડ ઓઈલનો સરેરાશ ભાવ ૧૧૬.૭૭ ડોલર હતો. ફૂડ ઓઈલમાં ભાવવધારાની સીધી અસર ભારતના ઈમ્પોર્ટ બિલ પર પડી છે. ઓક્ટોબર ૨૦૨૬માં ભારતીય બાસ્કેટના ફૂડ ઓઈલની સરેરાશ કિંમત પ્રતિ બેરલ ૧૧૯.૯૧ ડોલર હતી, જે એક વર્ષ પહેલાં ૬૫.૦૮ ડોલર હતી.

ઓક્ટોબરમાં ભારતે ૨.૩૩ કરોડ ટન ફૂડ ઓઈલની આયાત કરી હતી, જે ગયા વર્ષના સમાન સમય કરતાં ૧૧ ટકા વધુ છે, પરંતુ આ ખરીદી પરનો ખર્ચ ૧૦.૪ અબજ ડોલરથી વધીને ૧૯.૫ અબજ ડોલર થઈ ગયો હતો.

ભારતે ઓક્ટોબરમાં એલએનજીની આયાત પર ૧.૩ અબજ ડોલરનો ખર્ચ કર્યો હતો. બીજીબાજુ પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસથી દેશને ૬.૩ અબજ ડોલરની આવક થઈ હતી. ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર વચ્ચે ઓઈલ અને ગેસનું નેટ આયાત બિલ વધીને ૯૭.૭ અબજ ડોલર થઈ ગયું, જે ગયા વર્ષે સમાન સમયમાં ૭૦.૩ અબજ ડોલર હતું. આ સમયમાં જથ્થાની દૃષ્ટિએ ફૂડ ઓઈલની આયાત ૨.૭ ટકા વધી, પરંતુ તેના પર ૧૧૧ અબજ ડોલરનો ખર્ચ થયો હતો, જે એક વર્ષ પહેલા ૭૨.૩ અબજ ડોલર

(અનુસંધાન ૧૧મે પાને)

અમેરિકન પ્રતિબંધોની અસર

ચીનના ત્રણ એઆઈ ઈન્ડેક્સમાં કડાકો, રૂ. ૧૫૮ લાખ કરોડ ડૂબ્યા

બેઈજિંગ, તા.૨૨

અમેરિકાને પછાડીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)માં બાદશાહ બનવાનું સપનું જોઈ રહેલા ચીનને મોટો ફટકો પડ્યો છે. કેટલાક મહિના પહેલા સુધી નફાનું મશીન મનાતા ચીનના એઆઈ સેક્ટરની કંપનીઓમાં હવે મોટો કડાકો બોલાયો છે. જૂનના અંતથી અત્યાર સુધીમાં ચીનના ત્રણ મુખ્ય ટેક્નોલોજી ઈન્ડેક્સમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ ૧.૭ ટ્રિલિયન ડોલર એટલે કે રૂ. ૧૫૮.૧૦ લાખ કરોડ ઘટી ગયું છે.

દુનિયાભરમાં એઆઈ સેક્ટરની

(અનુસંધાન ૧૧મે પાને)

૫૮૦ ડ્રોન ટેન્ડરોમાં ચીનના પાર્ટ્સની માગ

ભારતીય સેનામાં ચીનના પાર્ટ્સવાળા ડ્રોન ન ખરીદવા સરકારને ચેતવણી

નવી દિલ્હી, તા.૨૨

ભારતીય સેનામાં ચીનની ઘૂસણખોરી રોકવા માટે ઉદ્યોગ સંગઠન ડ્રોન ફેડરેશન ઈન્ડિયા (ડીએફઆઈ)એ કેન્દ્ર સરકારને ચીનના પાર્ટ્સવાળા ડ્રોન ન ખરીદવા અંગે ચેતવણી આપી છે.

ડ્રોનમાં ચીનના પાર્ટ્સ ભારતીય સેના માટે જોખમી સાબિત થઈ શકે : ડીઆઈએફનો દાવો

ડીએફઆઈએ વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓને જણાવ્યું કે, છેલ્લા છ વર્ષમાં ભારતીય સેના અને સરકારી એકમો તરફથી ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ પર જાહેર કરાયેલા ૬૮૯ ટેન્ડરોમાં ચીની ડ્રોન અને તેના પાર્ટ્સની માગ કરાઈ હતી.

ડીએફઆઈએ સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ અને સીડીએસ જનરલ એન.એસ. સુબ્રમણિને આવેદનપત્ર આપી જણાવ્યું કે, સેના, સુરક્ષા દળો

(અનુસંધાન ૧૧મે પાને)

૫૦થી વધુ ઘરોમાં આગજની, તોડફોડ

બાંગ્લાદેશમાં અંધાધૂંધી, હસીના તારિકના ટેકેદારો વચ્ચે ખલ્લું યુદ્ધ

ઢાકા, તા. ૨૨

બાંગ્લાદેશમાં છેલ્લા કેટલાયે દિવસોથી ગૃહયુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે, તે અટકવાને બદલે ગૃહયુદ્ધ વધતું જાય છે. દેશમાં લગભગ અરાજકતા જેવી સ્થિતિ ઊભી થઈ ગઈ છે અને શેખ હસીનાની પ્રતિબંધિત કરાયેલી પાર્ટી આવામી લીગના સભ્યો તથા ટેકેદારો વચ્ચે શેરી યુદ્ધો ફાટી નીકળતાં સમગ્ર દેશમાં અંધાધૂંધી જેવી પરિસ્થિતિ ઊભી થતી દેખાય છે.

દિવસોથી ચાલતી તંગ પરિસ્થિતિ હવે હિંસક બની આ સપ્તાહના પ્રારંભે ચારનાં મૃત્યુ થયાં હતાં

આ યુદ્ધમાં ૪ વ્યક્તિઓનાં મોત થયાં છે તેમાં દેશના શાસક પક્ષ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએપી)ના ૩ કાર્યકરોનો સમાવેશ થાય છે.

મૂળ ઢાકાથી શરૂ થયેલાં આ રમખાણો હવે દેશનાં અન્ય શહેરો અને ગામડાંઓમાં પણ પ્રસરી રહ્યાં છે.

આ રમખાણોનો પ્રારંભ તો શુક્રવારે બપોરે બંદરચાહ ગામેથી થયો હતો અને

(અનુસંધાન ૧૧મે પાને)

દિલ્હીની વાત


પંજાબ ચૂંટણી પહેલા કોંગ્રેસીઓ સંગઠીત થયા

નવીદિલ્હી, તા. ૨૨

છેલ્લા ઘણા સમયથી પંજાબ કોંગ્રેસમાં ખેંચતાણ ચાલી રહી હતી. કેટલાક સિનિયર નેતાઓએ પોતાનો ચોકો અલગ કર્યો હતો. પંજાબમાં કોંગ્રેસની ટક્કર આમ આદમી પાર્ટી સાથે છે. હાઈકમાન્ડની સમજાવટ પછી હવે પંજાબ કોંગ્રેસના નેતાઓ સંગઠીત થઈ રહ્યા છે. પંજાબ કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ અને લુધિયાણાના સાંસદ

(અનુસંધાન ૧૧મે પાને)

બેધડક -મંજુલ



આપણે અત્યારે નિતિશ પુલ પર હોઈએ તેવું લાગે છે !

પગમાં પડી વિનંતી કરી છતાં બળજબરીથી ઉઠાવી ગયા

અમેરિકાના એરપોર્ટ પર બે મુસાફરોને અધિકારીઓ ઘસડીને લઈ જતા હોબાળો

નવી દિલ્હી, તા. ૨૨

અમેરિકાના સિએટલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર શનિવારે એક વિવાદ સામે આવ્યો હતો, અમેરિકાના આઈસ વિભાગના બન્ને મુસાફરો લોસ એન્જલસ જતી ફ્લાઈટમાં સવાર થવા જઈ રહ્યા હતા તે પહેલા જ એરપોર્ટ પર તેમની અટકાયત દરમિયાન ભારે વિવાદ સર્જાયો હતો.



કર્મચારીઓ માસ્ક પહેરીને એરપોર્ટ પર પહોંચ્યા હતા અને બે મુસાફરોને ઢસડીને અટકાયતમાં લેવાયા હતા.

અમેરિકાના સિએટલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં અમેરિકાના ઈમિગ્રેશન એજન્ટ ઢસડીને બે મુસાફરોને લઈ જતા જોવા મળી રહ્યા છે. વીડિયોમાં એક મહિલા કહી રહી છે કે મારી પુત્રીને પરાણે લઈ જવામાં આવી રહી છે, મારી પાસે વર્ક પરમિટ છે. મહિલા અધિકારીના પગ પકડીને કરગરી રહી છે. બાદમાં અલાસ્કા એરલાઈને આ ઘટનાની ટીકા કરી હતી અને કહ્યું હતું કે અમેરિકન ઈમિગ્રેશન એજન્ટ્સની આ કાર્યવાહી અંગે અગાઉ અમને કોઈ જ જાણ કરાઈ નહોતી, આ ઘટના મુસાફરો અને કર્મચારીઓ માટે પરેશાન કરનારી છે.

જ્યારે અમેરિકાના ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એનફોર્સમેન્ટ આઈસ દ્વારા જારી એક નિવેદનમાં જણાવવામાં

(અનુસંધાન ૧૧મે પાને)

વર્ક પરમિટ હોવા છતા અટકાયતમાં લેવાયાનો પ્રવાસીઓનો દાવો અમેરિકામાં ગેરકાયદે રહેવા બદલ કાર્યવાહીની આઈસની દલીલ

મેક્સિકોમાં ડ્રગ કાર્ટેલ ચીફની ધરપકડ બાદ હિંસા : ગોળીબારમાં ૧૧નાં મોત

ગુઆસાવે, તા.૨૨

મેક્સિકોના સિનાલોઆ રાજ્યમાં કુખ્યાત ડ્રગ કાર્ટેલના સરદાર ઈસિદ્રો મેઝા ફ્લોરેસ ઉર્ફે અલ ચાપો ઈસિદ્રોની ધરપકડ પછી ભયાનક હિંસા ફાટી નીકળી હતી. આ અથડામણોમાં સાત શંકાસ્પદ કાર્ટેલ સભ્યો અને ચાર મેક્સિકન સૈનિકો સહિત ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા હતા. અમેરિકાની એફબીઆઈની મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ આ ગુનેગારને શનિવારે પકડીને મેક્સિકો સિટી લઈ જવામાં આવ્યો હતો.

અમેરિકા-મેક્સિકોનું સંયુક્ત અભિયાન, ઈસિદ્રોને પકડવા પાંચ મિલિયન ડોલરનું ઈનામ જાહેર કરાયું હતું

ગુઆસાવે શહેરમાં શુક્રવારે રાત્રે આશરે સાત કલાકે કાર્ટેલના સભ્યો અને સુરક્ષા દળો વચ્ચે ભારે ગોળીબાર થયો હતો. શહેરમાં સૈન્ય હેલિકોપ્ટર અને ડ્રોન દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. અનેક વાહનો અને દુકાનો સળગાવી દેવામાં આવ્યા હતા. કાર્ટેલે રસ્તાઓ પર ઓછામાં ઓછા દસ અવરોધો ઊભા કર્યા હતા. ભયભીત નાગરિકોએ ગોળીબારથી બચવા દુકાનો અને અન્ય સ્થળોએ આશરો લીધો હતો.

મેઝા ફ્લોરેસ બેલ્ટ્રાન લેયવા કાર્ટેલનો મુખ્ય નેતા હતો અને પછી તેણે પોતાની ગુનાહિત ગેન્ગ સ્થાપી હતી. અમેરિકા દ્વારા તેની ધરપકડ માટે પચાસ લાખ ડોલરનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ડ્રગ્સની હેરાફેરી અને ગેરકાયદે હથિયારો રાખવાના આરોપો હેઠળ તે વોન્ટેડ હતો. અમેરિકી ગુપ્તચર માહિતીની મદદથી મેક્સિકન

(અનુસંધાન ૧૧મે પાને)

ગુજરાત યુનિવર્સિટીમાં આ વર્ષે

યુજી-પીજીમાં ૭૬ હજારથી વધુ પ્રવેશ સામે ૭૩૭૦૦ વિદ્યાર્થીનું એનરોલમેન્ટ

અમદાવાદ,રવિવાર

ગુજરાત યુનિવર્સિટીમાં આ વર્ષે યુજી અને પીજી કોર્સીસમાં જીકાસ હેઠળ ૭૬ હજારથી વધુ વિદ્યાર્થીઓના પ્રવેશ થયા છે.પ્રવેશ થયા બાદ યુનિ.ના નિયમ મુજબ યુજીના નવા વિદ્યાર્થીઓએ ફરજીયાત એનરોલમેન્ટ ફોર્મ ભરવાનું હોય છે અને પીજીના વિદ્યાર્થીઓનું નિયમ મુજબ રજિસ્ટ્રેશન થાય છે. ગુજરાત યુનિ.દ્વારા વધારેલી મુદત સાથે આ એનરોલમેન્ટ અને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે.જેમાં ૭૩૭૫૦ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ-રજિસ્ટ્રેશન થયુ છે.જો કે થયેલા કુલ પ્રવેશ સામે એનરોલમેન્ટ-રજિસ્ટ્રેશન ઓછું થયું હોઈ અનેક વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા બાદ આગળ અભ્યાસ ચાલુ રાખ્યો નથી કે અન્ય યુનિ.માં જતા રહ્યા છે.જો કે ગત વર્ષ કરતા આ વર્ષે પ્રવેશ વધતા ૩ હજાર જેટલુ એનરોલમેન્ટ વધ્યુ છે.

યુજીમાં ૬૧૭૧૧ અને પીજીમાં ૧૨૬૦૦ વિદ્યાર્થીની નોંધણી : અનેક વિદ્યાર્થીઓ પ્રવેશ બાદ કોલેજ જ ન ગયા

ગુજરાત યુનિવર્સિટીમાં ગત વર્ષે યુજી અને પીજીમાં નવા પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓમાંથી ૭૧ હજારથી વધુ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ-રજિસ્ટ્રેશન થયુ હતું. આ વર્ષે ગુજરાત યુનિ.સંલગ્ન કોલેજો અને ભવનોમાં યુજી રેગ્યુલર તેમજ ઈન્ટિગ્રેટેડ કોર્સીસમાં તેમજ નર્સિંગ અન્ય યુજી કોર્સીસમાં કુલ મળીને ૬૧ હજારથી વધુ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ ભરાયા છે.જ્યારે પીજી કોર્સીસમાં ૧૨૬૫૩ વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશન થયા છે.આ વર્ષે જીકાસ હેઠળ ગુજરાત યુનિ.ના વિવિધ ભવનો તેમજ કોલેજોમાં યુજી કોર્સીસમાં બીએ, બીકોમ, બીબીએ, બીસીએ અને બીએસસી સહિતના કોર્સીસ તેમજ ઈન્ટિગ્રેટેડ કોર્સીસમાં અને પીજીમાં એમ.એ,એમકોમ ,એમએસસી સહિતના પીજી કોર્સીસમાં કુલ મળીને ૭૬ હજારથી વધુ પ્રવેશ થયા હતા.

પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ રીતે પુરી થયા બાદ ગુજરાત યુનિ.દ્વારા ઓક્ટોબરમાં આ વર્ષના નવા વિદ્યાર્થીઓ માટે એનરોલમેન્ટ અને રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરાઈ હતી.જેમાં યુજીના નવા વિદ્યાર્થીઓનું ફરજીયાત એનરોલમેન્ટ કરવાનું હોય છે અને પીજીમાં નવા વિદ્યાર્થીનું ફરજીયાત રજિસ્ટ્રેશન થાય છે.જે વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ અને રજિસ્ટ્રેશન થાય તેઓ જ પરીક્ષા આપવા માટે લાયક હોય છે. ગુજરાત યુનિ.દ્વારા પૂર્ણ કરાયેલી આ રજિસ્ટ્રેશન-એનરોલમેન્ટ પ્રક્રિયા બાદ કુલ ૭૩૭૫૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે.જેમાં યુજી-ઈન્ટિગ્રેટેડ સહિતના રેગ્યુલેર કોર્સીસમાં ૬૧૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને પીજીમાં પેરામેડિકલ કોર્સીસને બાદ કરતા ૧૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે પીજીમાં રેગ્યુલર કોર્સીસને બાદ કરતા અન્ય ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ મેડિકલ-પેરામેડિકલમાં છે.કુલ મળીને ૭૪૩૬૪ વિદ્યાર્થીઓ આ વર્ષે નવા ગુજરાત યુનિ.માં નોંધાયા છે.જો કે હજુ નર્સિંગ અને ફીઝિયોથેરાપીમાં યુજી-પીજીના નવા વિદ્યાર્થીઓની નોંધણી બાકી છે.

ડ્રગ્સનું નેટવર્ક તોડવા શામ, દામ, દંડ અને ભેદની નીતિ

પોલીસે ૯૫૧ પેડલર્સને સીધા દોર કર્યા પછી પણ ૩૫ સ્થળેથી ડ્રગ્સ મળ્યું

અમદાવાદ,રવિવાર

યુવાધનને બરબાદ કરવા નશાનું સેવન ગાજા અને ચરસ પૂરતું સીમીત રહ્યું નથી. ડ્રગ્સ માફિયા બેફામ પ્રથમ યુવાનોને નશાના રવાડે ચઢાવીને નશીલા પદાર્થો વેચતા કરી દીધા છે. એમ.ડી. ડ્રગ્સનું વેચાણ કરીને તેમનું નેટવર્ક મજબૂત કરી રહ્યા છે નશાના સેવનમાં ગરીબ અને મધ્યમવર્ગ તો ઠીક પણ હવે શૈક્ષણિક સંસ્થા સુધી પહોચી ગયું હોવાથી વિદ્યાર્થીઓ પણ નશાની ચૂંગાલમાં સપડાઈ રહ્યા હોવાથી નશાના બંધાણી બની ગયા છે. એટલું જ નહી નશાના કાળા કારોબારમાં ડ્રગ્સ માફિયા અને પેડલરો કરોડોના આસામી બની ગયા છે.

ડ્રગ્સ નહીં વેચવા કડક સૂચના પણ માફિયા-પેડલરો જામીન ઉપર છૂટ્યા પછી ફરીથી માદક પદાર્થ વેચતા પકડાય છે

નશાના નેટવર્કને તોડવા અમદાવાદ પોલીસે કાયદાનો સકંજો કસ્યો છે અને તાજેતરમાં શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટર્સ જે ડી નગરવાલા સ્ટેડિયમ ખાતે ૯૫૧ જેટલા ડ્રગ્સ પેડલર્સને ભેગા કરીને સફેદ મંડપમાં લઈ જઈને મંડપ લઈને પેડલરોની મંડપ સર્વિસ કરી હતી અને ડ્રગ્સના કારોબારથી દૂર રહેવા કડક ચેતવણી આપી હતી. તેમ છતાં ત્રણ દિવસમાં અમદાવાદ શહેર અલગ અલગ વિસ્તારમાંથી ૩૫ સ્થળેથી ગાંજો, ચરસ તથા એમ.ડી. ડ્રગ્સ પકાયું છે.

તાજેતરમાં સરખેજમાં એમ. ડી. ડ્રગ્સની ફેક્ટરી પકડાતા ડ્રગ્સના નેટવર્કને લઈને અનેક સવાલો ઉભા થયા હતા. જેને ધ્યાનમાં રાખીને પોલીસે ડ્રગ્સના ગુનામાં સપડાયેલા ૯૫૧ ડ્રગ્સ પેડલર્સને શાહીબાગ પોલીસ સ્ટેડિયમમાં બોલાવીને ચેતવણી આપી હતી એટલું જ નહી ડ્રગ્સના ધંધામાં સંડોવણી સામે આવશે તો આકરી કાર્યવાહી થશે અને તેમની મિલકતો જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરાશે.

ત્યારબાદ પોલીસે પકડેલા ડ્રગ્સ પેડલરો અને માફિયા પાસેથી માહિતી એકઠી કરીને અમદાવાદમાં એરપોર્ટ હાઉસની સામે, બોપલ ખાતે, સવારે ૮:૩૦થી ૧૧.

દેસાઈ : સ્વ. અનંતભાઈ નટવરલાલ દેસાઈ (નિવૃત્ત એએમસી)નું બેસણું, ભાસ્કરરાય પંડ્યા હોલ, બોડકદેવ ખાતે.

ધાર્મિક કાર્યક્રમ

અન્નકૂટ : ભૂત ખદેડી બાલા હનુમાન મંદિર-જમાલપુર દરવાજા બહાર ખાતે સવારે ૧૧થી સાંજે ૭સુધી અન્નકૂટ દર્શન, ભંડારો રામરોટી સવારે ૧૧:૩૦થી ૧, સુંદરકાંડના પાઠ રાત્રે ૮થી ૧૧.

ભજન/સત્સંગ : સ્વ. તોરલ ધનરાજ પંડિતની સ્મૃતિમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા શાંતિપાઠ પારાયણ, વેદ મંદિર, કોકરિયા ખાતે, સવારે ૮.

અવસાન નોંધ

સોમાણી : સ્વ. મનહરલાલ કેશવલાલ સોમાણીનું બેસણું, શ્રી સ્વામિનારાયણ મંદિર, એસી હોલ, જીવરાજ પાર્ક મેટ્રો સ્ટેશનની નીચે, જીવરાજ પાર્ક ચાર રસ્તા ખાતે, સવારે ૯થી ૧૧.

પટેલ : સ્વ. ભોગીલાલ કાળીદાસ પટેલનું બેસણું, પલાશ રેસિડેન્સી, પારસ-૩, રો

વાચકોએ નોંધ લેવી કે કોઇપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- જાહેરખબર મેનેજર

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, (૧) પર્વતભાઈ ભાવાભાઈ (વગર વહેંચાયેલ ૧૨૯૧૬ ચોરસમીટરની જમીન) તથા (૨) અમ્રતભાઈ ભાવાભાઈ (૧૨૯૧૭ ચોરસમીટરની જમીન), બંને રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા ધોલેરાના ગામ મોજે કાસિંદ્રાની સીમના રી-સર્વે અનુસારના સર્વે/બ્લોક નંબર-૧૬૨(જુના સર્વે/બ્લોક નંબર-૧૧૦)ના ખાતા નંબર-૩૬૫ની હે-આરે-ચોમી ૩-૮૫-૩૪ યાને કે ૩૮૫૩૪ ચોરસમીટરની જમીન પૈકી હે-આરે-ચોમી ૨-૫૮-૩૩ યાને કે ૨૫૮૩૩ચોરસમીટરની જમીન ઉપર દર્શાવેલ અનુસારની જમીન ઉપરોકત જમીનમાલિકોની સંપૂર્ણ, સંયુકત, સહીયારી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોકત જમીનમાલિકોના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોકત જમીનમાલિકોનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ સદરહુ જમીનના વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૨૧-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ
એડવોકેટ,
એચ. એમ. રાવલ એન્ડ કંપની,
એડવોકેટ્સ,

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

શિયાળાની અસર : સિંહ, વાઘ, દીપડા, હાથીથી લઈને વાનર અને હરણ સુધીના જીવોના ખોરાકમાં વધારો

માણસની માફક વન્યજીવો માટે પણ ડાયટ પ્લાન! ઝૂમાં પશુ-પક્ષીઓને વજન અને ઉંમર મુજબ અપાતો ખોરાક

અમદાવાદ, રવિવાર





ટેકનોલોજી અને સુવિધાઓનો જેમ જેમ વિકાસ થઈ રહ્યો છે, તેમ તેમ આજનો માનવી પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે પણ વધુ જાગૃત બન્યો છે. વડીલો કે આધેડો જ નહીં, યુવાનો પણ ખોરાકની પસંદગી બાબતે જાગૃત થયા છે. એક સમયે મોટા સેલિબ્રિટી રાખતા હતા તેવા રોજિંદા ખાન-પાનનો ડાયટ પ્લાન આજે સામાન્ય લોકો રાખતા થઈ ગયા છે.

પ્રાણીઓના ખોરાકમાં થતો વધારો

પ્રાણી	સામાન્ય દિવસો	શિયાળામાં
સિંહણ-વાઘણ	૮ કિલો	૧૦થી ૧૨ કિલો
સિંહ-વાઘ	૧૦થી ૧૨ કિલો	૧૨થી ૧૪ કિલો
હાથી	૧૬૦થી ૧૮૦ કિલો	૨૦૦થી ૨૧૦ કિલો
હરણ/તૃણાહારી	૪થી ૫ કિલો	૪.૫થી ૫.૫ કિલો
વાનર	૩થી ૪ કિલો	૪થી ૪.૫ કિલો
પક્ષીઓ	૨૦-૩૦ ગ્રામથી ૧.૫ કિલો	૧૦થી ૧૫ ટકા

શા માટે ખોરાક વધી જાય છે? સીધું અને સાદું ગણીત

આપણુ શરીર એક મશીન સમાન છે. તેને ચલાવવા ઈંધણ રૂપી ખોરાકની જરૂર પડે છે. શિયાળામાં ઠંડી સામે રક્ષણ મેળવવા માટે શરીરમાં ગરમી ઉત્પન્ન કરવા વધારે એનર્જીની જરૂર પડે છે. એટલે ખોરાક વધી જાય છે. માણસ અને પશુઓમાં આ સરખી થીયરી લાગૂ પડે છે.

- ડો. આર.કે. સાહુ,
એડવાઈઝર, કાંકરિયા ઝૂ

અમદાવાદના કાંકરિયા સ્થિત ઝૂમાં આશરે ૨૧૦૦ વન્યજીવો રાખવામાં આવ્યા છે. આ જીવો માટે ઋતુ અનુસાર ખોરાક આપવાનો ચોક્કસ ડાયટ પ્લાન વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરાયો છે. આ અંગે વધુ વિગતો આપતા ઝૂના સૂત્રો જણાવે છે કે, સામાન્ય રીતે શિયાળામાં મોટાભાગના જીવોનો ખોરાક વધી જાય છે. જ્યારે ઉનાળામાં ઘટી જાય છે. ત્યારે જે તે પ્રજાતિના પશુ કે પક્ષીની ઉંમર, વજન, આરોગ્યલક્ષી સ્થિતિ વગેરે પાસાઓના આધારે તેના ખોરાકમાં પણ ઋતુ અનુસાર વધારો કે ઘટાડો કરવામાં આવે છે. હાલમાં શિયાળામાં તમામ જીવોનો ખોરાક વધ્યો છે. તો ડાયટ પ્લાનમાં દર્શાવેલા આંકડા અનુસાર જે તે પશુ-પશુઓને ખોરાક અપાઈ રહ્યો છે. વન્યજીવો જ્યારે બંધનાવસ્થામાં હોય ત્યારે તેના ખોરાકની વિશેષ કાળજી લેવી પડે છે. આ ઉપરાંત બિમાર પડે કે માદા સર્ગભા હોય અથવા સ્તનપાન કરાવતી હોય તેવા સમયે પણ ખોરાકના પ્રમાણમાં વધારો-ઘટાડો કરવામાં આવે છે.

ડાયટ પ્લાનની વાતને વધુ વિગતે સમજાવતા ઝૂના સૂત્રો જણાવે છે કે, સિંહનું વજન ૨૦૦થી ૨૫૦ કિલો હોય છે અને દીપડાનું વજન ૫૦થી ૬૦ કિલો હોય છે. તો બંનેને આપવામાં આવતા માંસના ખોરાકમાં તેના વજન અને ઉંમરને ગણીને ૦.૫થી ૪ કિલો સુધીનો વધારો-ઘટાડો કરાય છે. આવી રીતે હાથીનું વજન ૪૦૦૦ કિલો હોય છે. તો તેના ખોરાકમાં પણ ૩૦-૪૦ કિલો સુધીનો વધારો થાય છે. હરણ અને વાનર સહિતના તૃણાહારી પ્રાણીઓમાં પણ આવી જ ગણતરી હોય છે. સમયાંતરે આ ડાયટ પ્લાનમાં ફેરફાર પણ થાય છે.

ડાયટ પ્લાનમાં ખોરાકની ગુણવત્તા પર વિશેષ ભાર

આપણે ઘરમાં રાંધેલો ખોરાક અમુક કલાક પછી બગડી જાય છે અને ખાવા લાયક રહેતો નથી. શાકભાજી-ફળોમાં પણ આવું થાય છે. ત્યારે પશુ-પક્ષીઓને પણ અખાદ્ય ખોરાક આપવામાં આવતો નથી. તેના માટે ડાયટ પ્લાનમાં વિશેષ કાળજી લેવામાં આવે છે. પાંજરામાં મૂકાયેલો ખોરાક નિશ્ચિત સમય પછી કાઢી લેવામાં આવે છે.

ખોરાક	સમય મર્યાદા
ફળ-શાકભાજી	૪ કલાક
માંસ	૫ કલાક
લીલો ચારો	૧૨ કલાક
સૂકુ ઘાસ	૨૪ કલાક
જુવાર-બાજરી, ચણ	૨૪ કલાક

આ વન્યજીવોનો ખોરાક ઘટી જાય છે!

પ્રકાર	સામાન્ય દિવસો	શિયાળામાં
મગર	દરરોજ	બે દિવસે એક વાર
સરિસૃપ	દરરોજ	સપ્તાહમાં એક વાર

કોલ્ડ બ્લેડેડ ગણાતા આ જીવો ઠંડી વધે ત્યારે સુસુપ્ત થઈ જાય છે. હલન-ચલન ઓછુ કરે છે. દિવસના મોટાભાગનો સમય ઊંઘવામાં જ પસાર કરે છે. જેના કારણે તેના શરીરની ઊર્જા જળવાયેલી રહે છે. ખોરાકની બહુ જરૂર પડતી નથી. માટે આ જીવોનો ખોરાક ઘટી જાય છે. ઘણી વખત તો બે-ત્રણ દિવસ સુધી ખોરાક લેતા નથી.

ઝૂમાં કયા વન્યજીવનોને કેવો ખોરાક અપાય છે?

પ્રાણી	ખોરાક
સિંહ, વાઘ, દીપડા	માંસ
હાથી	રાગી-ચોખાના ગોળ,સૂંઠવાળા લાડુ, ઘાસ, કાકડી, કેળા
હરણ, તૃણાહારીઓ	દાણ, લીલો અને સૂકો ચારો
વાનર	શાકભાજી, ફળો, સિંગ, પાંદડા
પક્ષીઓ	જુવાર સહિતનું અનાજ

પશુ-પક્ષીઓની સ્થિતિના રોજિંદા ઓબ્ઝર્વેશનના આધારે વિવિધ પાસાઓને ધ્યાને લઈને વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરાયેલા ખાસ ડાયટ પ્લાન અનુસાર દરેક ઋતુમાં ખોરાક આપવાની ચોક્કસ પદ્ધતિ

ડ્રગ્સ પેડલર સુનિતા રાઠોડના ગેરકાયદે મકાનને તોડી પડાશે

અમદાવાદ,રવિવાર

સરખેજ પોલીસે પાંચ દિવસ પહેલા સરખેજ સન્યાસ આશ્રમમાં રહેતી સુનિતા રાઠોડને ત્યાં દરોડો પાડીને સવા બે કિલો અને ૫૪ લાખની રોકડ પણ જપ્ત કરી હતી. તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો સામે આવી હતી કે સુનિતા રાઠોડ અને તેના પતિ દીપક રાઠોડનું મકાન ગેરકાયદે છે. જે ૩ વર્ષ અગાઉ તોડી પડાયું હતું. પરંતુ, આરોપીઓ ફરીથી બાંધકામ કરીને રહેવા આવી ગયા હતા અને ગાંજાનો કારોબાર ચલાવતા હતા. સોમવારે આ મકાન તોડવા માટે એએમસી દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

ગત બુધવારે બોડકદેવ પોલીસે થલતેજ મલાવ તળાવ પાસેથી રાજુ ભીલ નામનો યુવકને ૧૩૧ ગ્રામ ગાંજા સાથે ઝડપી લીધો હતો. તેની પ્રાથમિક પુછપરછમાં જાણવા મળ્યું હતું કે તે સરખેજ સન્યાસ આશ્રમ નજીક આવેલી વસાહતમાં રહેતી સુનિતા રાઠોડ નામની મહિલા પાસેથી નિયમિત રીતે ગાંજાનો જથ્થો લાવીને વેચાણ કરતો હતો.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ,અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

વાત વાતમાં

જીટીએ કરતાંય જોરદાર ગેમ્સ !

૧૩ વરસ પછી રિલીઝ થયેલી જીટીએ ગેમમાં એવું તે શું છે કે કંપનીના સ્ટાફને રમવા માટે રજા અપાય છે ? અને જુવાનિયાઓ રમવા માટે આખી આખી રાતના ઉજાગરા કરે છે ?

વેલ, ગેમ તો ચોરી કરવાની છે ! એ પણ કારની ચોરી ! (જીટીએ = ગ્રેટ થેફ્ટ ઓટો.) જેમાં માત્ર પોલીસથી બચવાનું છે...



બસ ? આટલું જ ? ભારતમાં તો આનાથી પણ અઘરી અને ખતરનાક એવી રીયલ ગેમ્સ રમાય છે ! જુઓ...

* * *

જીટીબી :

આનો પહેલો અને દિલધડક રાઉન્ડ બિહારમાં ૬૦ ફૂટ લાંબો ફુલ લોખંડનો બ્રિજ ધોળે દહાડે, સૌના દેખતાં ચોરાઈ ગયો હતો ! (એપ્રિલ ૨૦૨૨)

* * *

જીટીઆર :

બ્રિજ ચોરવા માટે તો ઓજારો, ટેમ્પો અને માણસોની પણ જરૂર પડે ! પરંતુ પંચમહાલમાં આખેઆખો રોડ ચોરાઈ ગયો હતો ! ગ્રેટ થેક્ટ રોડ ! એ પણ એવી રીતે કે ત્યાં રોડ બન્યો જ નહોતો ! ડાયરેક્ટ ઓન-પેપર જ બન્યો... અને પેમેન્ટ મળતાં જ રોડ અદ્રશ્ય !! બોલો.

* * *

જીટીબી :

ગ્રેટ થેફ્ટ બેંક નામની આ ગેમ તો ભારતમાં સૌથી વધુ લોકપ્રિય છે ! આ ગેમના મેઈન હિરો કેરેક્ટરો વિજય માલ્યા, મેહુલ ચોકસી તો હજી પોલીસથી પકડાતા નથી ! દર વરસે ભારતની બેંકોમાંથી લગભગ અઢી લાખ કરોડની ખુલ્લેઆમ ચોરી થાય છે જેને સરકારે એનપીએ જેવું રૂપાળું નામ આપી રાખ્યું છે !

* * *

જીટીઓ :

આ ગેમ વધુ ને વધુ ખેલાડીઓ રમી રહ્યા છે. આમાં પણ બેન્કો સંડોવાયેલી છે અને આમાં પણ ૮૫ ટકા ખેલાડીઓ પોલીસના હાથમાં આવતા નથી. પ્લેકનાં ખાતાંઓમાંથી ૫૫૦૦૦ કરોડ રૂપિયા ચોરાઈ ગયા છે, અને તમે કહો છો કે જીટીએ બહુ જોરદાર ગેમ છે ?

* * *

જીટીટી :

'ગ્રેટ થેફ્ટ ટેમ્પલ' નામની આ ગેમ કદાચ ફ્લોપ પણ જાય ! કેમકે રામમંદિરની દાનપેટીમાંથી થયેલી ચોરી પછી આ ગેમમાં પોલીસ, સીબીઆઈ અને પોલિટીશીયનોની વાટ લાગી છે !

* * *

જીટીવી :

રાહુલ ગાંધી માને છે કે દેશમાં જો ૧૩ કરોડ વોટની ચોરી ના થઈ હોત તો આજે પોતે દેશના વડાપ્રધાન હોત ! બોલો, કેવી મનોરંજક ગેમ છે ?

- મન્નુ શેખચલ્લી

ગુજરાતમાં માર્ગ (છેલ્લા પાનાનું ચાલુ)

ગઢવાલ રાયફલ આર્મી ગ્રુપના ત્રણ પરિવારના સાત સભ્યોના અકસ્માતમાં મૃત્યુ નિપજ્યા છે. ભુજના ભીરંડીયારા - વેકરીયા માર્ગ પર શનિવારે રાત્રે પુરઝડપે ધસી આવેલી ટ્રકે લશ્કરના ત્રણ પરિવારના સભ્યો જતા હતા તેવી ઉત્તરાખંડ પાસિંગની કારને કચડી નાંખી હતી. આ બનાવમાં ભુજ આર્મીમાં ફરજ બજાવતાં સૌરવસિંહ જશપાલસિંહ નેગી તેની પત્ની સવિતા નેગી તેમની દિકરી શિવિકા નેગી તેમજ અન્ય જવાન રાજેશસિંહ ભારતસિંહ રાવત તેની પુત્રી રક્ષિતા રાજેશસિંહ રાવત (૭.વ.૭) તેમજ ફરત ઉપર હોવાથી સાથે નહીં ગયેલા જવાન નિતિન ગુસાઈની પત્ની રીન્કીબેન ગુંસાઈ, તેમની દિકરી વનિતા ગુસાઈના મોત નિપજ્યા હતા. કચ્છ સરહદે તહેનાત ભારતીય લશ્કરના બે જવાન સહિત ત્રણ પરિવારના સાત સભ્યોના કરૂણ મોતનું કારણ બનેલાં ટ્રક ચાલકની મોડી રાત્રે અટકાયત કરવામાં આવી છે.

કચ્છમાં ટ્રકે બાઈકને ઉડાવતાં દંપતિ ખંડીત અને હાઈવે ઉપર કાર અડફેટે બાઈકસવારનું મોત

કચ્છમાં અકસ્માતના વધુ બે બનાવમાં એક મહિલા અને યુવકના મૃત્યુ નિપજ્યા હતા. આઈ.ઓ.સી.માં નોકરીએ જવા ૨૧ વર્ષના ભીખુભા ચૌહાણ પોતાની બાઈક લઈને નીકળ્યા હતા. નેશનલ હાઈવે ઉપર ચિરઈ કબ્રસ્તાન નજીક કેટા કારે ટક્કર મારતાં ભીખુભાનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે, આદિપુરમાં રહેતા સેંધાજી ઠાકોર તેમના પત્ની વિનુબેન સાથે પોતાના વતન જાસ્કા ગામેથી આદિપુર ઘરે આવી રહ્યા હતા. નાની ચિરઈ ગામના પુલ નજીક ટ્રકે દંપતિની બાઈકને ટક્કર મારી હતી. વિનુબહેનનું ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યું હતું. તેમના પતિ સેંધાજીને સામાન્ય ઈજા થઈ છે.

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ - ૧૨ (નિકોલ) ના તાલુકા દશકોઈ ના મોજે ચાંદીયેલ ની સીમના ખાતા નં.૧૧૫૨ માં ચાલતા રિ-સર્વે/બ્લોક નં.૬૧ (જુના સર્વે નં. ૫૮૫) ની ૦-૪૫-૭૬ હે.આરે.ચો.મી., આકાર રૂા.૨.૮૫ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન પૈકી ૦-૪૩-૪૩ હે.આરે.ચો.મી. જમીન રબારી ગોપાલભાઈ બાબુભાઈની માલિકી, કબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફર્સ્ટ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ - ૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી)ના તાલુકા વટવાના ગામ મોજે વટવાની સીમના (એ) સર્વે નંબર-૧૦૩/૧ ની કુલ ૭૨૮૪ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૧૨૮ (વટવા- અસલાલી)માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૩૧/૧ ની કુલ ૪૩૭૦ ચોરસમીટર બિનખેતીની જમીનનો સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થતા તેને સીટી સર્વે વોર્ડ-વટવા (બિનખેતી)ના શીટ નંબર-NA૯૯ અન્વયે ફાળવવામાં આવેલ સીટી સર્વે નંબર- NA૧૦૩/૧પૈકી૧ ની કુલ ૪૩૭૦ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન તથા (બી) સર્વે નંબર-૧૦૪/૧ ની કુલ ૧૧૮૩૭ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર- ૧૨૮ (વટવા-અસલાલી)માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવે

પોલીસ આવાસમાં સિંહણનો નાઈટ રાઉન્ડ! બારણું ખોલી ડોકિયું કર્યું



જાફરાબાદના દરિયાઈ કાંઠા વિસ્તારમાં સિંહોની અવરજવર હવે માનવ વસાહતો સુધી પહોંચી રહી હોવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જાફરાબાદના સરકેશ્વર બીચ નજીક આવેલા પોલીસ આવાસમાં મોડી રાત્રે એક સિંહણ આવી ચઢતાં સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. નવાઈની વાત એ છે કે સિંહણ માત્ર આવાસના પરિસરમાં લટાર મારીને જ અટકી નહોતી, પરંતુ એક રૂમનું બારણું પણ ખોલી અંદર ડોકિયું કર્યા બાદ ત્યાંથી પરત ફરી હતી.સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલ કેમેરામાં કેદ થયો છે, જે હાલ સોશિયલ મીડિયામાં વાઇરલ થતાં લોકોમાં ભારે ચર્ચા જાગી છે. વીડિયોમાં સિંહણ પોલીસ આવાસના પરિસરમાં નિર્ભયતાથી આંટાફેરા કરતી જોવા મળે છે. મોડી રાત્રિના સમયે રહેણાક વિસ્તારમાં આવી પહોંચેલી સિંહણની હાજરીથી ત્યાં રહેતા લોકોની સુરક્ષાનો પ્રશ્ન પણ ચર્ચામાં આવ્યો છે. ખાસ કરીને પોલીસ આવાસ જેવા રહેણાક સંકુલમાં ખૂંખાર વન્યપ્રાણી ગણાતી સિંહણ આવી પહોંચે અને રૂમનું બારણું ખોલે તે ઘટના લોકોને આશ્ચર્યમાં મુકી રહી છે.

જામનગર-રાજકોટ હાઈવે પર એસીબીએ ટ્રેપ ગોઠવી

અમદાવાદના ઓડિટ ઓફિસર ૮ લાખની લાંચ લેતા ઝડપાયા

રાજકોટ, રવિવાર

ઈન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટની કચેરીની અંડરમાં આવતી ઓફિસ ઓફ ધ પ્રિન્સિપાલ ડાયરેક્ટર ઓફ ધ ઓડિટની અમદાવાદના નવરંગપુરા સ્થિત કચેરીમાં આસિસ્ટન્ટ ઓડિટ ઓફિસર (એએઓ) તરીકે ફરજ બજાવતા વિનસકુમાર અમરચંદ સાવરિયા (ઉ.વ.૪૪)ને જામનગર-રાજકોટ એસીબીએ જામનગર-રાજકોટ હાઈવે પરથી રૂા. ૮ લાખ જેવી માતબર રકમની લાંચ લેતા ઝડપી લીધા હતા.

ઈન્કમટેક્સ રિટર્નની મેટર ક્લોઝ થઈ જવા છતાં તેને ઓડિટ માટે રિ-ઓપન કરવાની વાત કરી લાંચ માગી હતી

એસીબીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, નવરંગપુરાના ઓડીટ ભવનમાં આરોપી ફરજ બજાવે છે. ફરિયાદીની ઓફિસના મેનેજિંગ ડાયરેક્ટરે ૨૦૨૪-૨૫માં ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કર્યું હતું, જેની ક્વેરીનું નિરાકરણ પણ થઈ ગયું હતું. આ મેટર ક્લોઝ થઈ ગઈ હતી. આમ છતાં તેને ઓડીટ માટે રિ-ઓપન કરવાની આરોપીએ વાત કરી હતી.

જો તેમ ન કરવું હોય તો ફરિયાદી પાસેથી રૂા. ૮ લાખ જેવી માતબર રકમની લાંચ માગી હતી. ફરિયાદીએ આ અંગે એસીબીનો સંપર્ક કરતાં તેની ટીમે ટ્રેપ ગોઠવી હતી. નક્કી થયા મુજબ આરોપી અમદાવાદથી પોતાની ફોર્ડ કાર લઈ



જામનગર-રાજકોટ હાઈવે પર ત્રિમંદિર જવાનાં સાઈન બોર્ડ પાસે ઈન્કમટેક્સ ઓફિસની બાજુમાં પહોંચ્યા હતા.

જ્યાં અગાઉથી ઉભેલા ફરિયાદીએ આરોપીની કારમાં જઈ લાંચની રકમ આપતાં જ ટ્રેપમાં ગોઠવાયેલા એસીબીના પીઆઈ એ.આર. ગોહીલે રંગેહાથ ઝડપી લીધા હતા. આરોપી ક્લાસ-૨ અધિકારી છે તેમ પણ એસીબીના સૂત્રોએ જણાવ્યું હતું. જામનગર એસીબી સાથે રાજકોટ એસીબીની ટીમ પણ આ ટ્રેપમાં સામેલ થઈ હતી.



પરિવારે વિરોધ કરતા કાકી ભત્રીજા સાથે નાસી ગઈ !

કૌટુંબિક કાકીએ ૧૭ વર્ષના ભત્રીજાને પ્રેમજાળમાં ફસાવી બ્લેકમેઈલ કર્યો

અમદાવાદ, રવિવાર

અત્યારના જમાનામાં સામાજિક વ્યવસ્થા ખોરવાઈ ગયાના અનેક બનાવ સામે આવે છે. ત્યારે અમદાવાદના જીવરાજ પાર્કમાં રહેતા એક ૧૭ વર્ષના સગીર ભત્રીજાને તેના કૌટુંબિક કાકીએ પ્રેમજાળમાં ફસાવીને બ્લેકમેઈલ કરીને પરિવારથી અલગ કરવાનો પ્રયાસ કર્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કૌટુંબિક કાકીએ સગીર ભત્રીજાને પોતાની સાથે રહેવા માટે અમરેલીના બાબરામાં બોલાવી લીધો હતો. પરંતુ, સગીરના પિતા તેને છોડાવીને અમદાવાદ પરત લાવ્યા હતા. આ સમયે સગીરની કૌટુંબિક કાકી અમદાવાદ આવીને ભત્રીજાને ભગાડીને લઈ ગઈ હતી. ત્યારે સમગ્ર મામલો વાસણા પોલીસ મથકે પહોંચતા પોલીસે કલાકોની જહેમત બાદ બંનેની ભાળ મેળવીને લાંબા કાઉન્સીલીંગ બાદ જીદ પર ચડેલી ૩૪ વર્ષની કૌટુંબિક કાકીને તેના ભત્રીજાથી દુર રહેવા સમજાવતા માંડ માંડ મામલો થાળે પડ્યો હતો.

પરિવારજનોએ મહિલાને ભત્રીજાથી દૂર રહેવાનું કહેતા તેણે મરી જવાની ધમકી આપી : પોલીસની સમજાવટથી મામલો થાળે પડ્યો

સમાજમાં આંચકો આપતી આ ઘટના એવી છે કે અમદાવાદના જીવરાજ પાર્કમાં રહેતા એક આધેડને સંતાનમાં બે પુત્રો છે. જેમાં એક હાલ ૧૭ વર્ષનો પ્રતિક (નામ બદલેલ છે) છે. જ્યારે આધેડનું વતન અમરેલીનું બાબરા ગામ છે. જ્યાં તેના પિતા રહે છે. બાબરામાં જ પ્રતિકના પિતાના કૌટુંબિક ભાઈ રહેતા હતા. પ્રતિક નાનો હતો ત્યારેથી બાબરા આવતો જતો રહેતો હતો. જેથી તે તેના ૩૪ વર્ષની કૌટુંબિક કાકી ને(પ્રતિમા)(નામ બદલેલ છે) ત્યાં જતો હતો. પ્રતિમાને પણ સંતાનમાં આઠ વર્ષ અને ૧૦ વર્ષની પુત્રી છે. પરંતુ, પ્રતિમાએ તેના ભત્રીજાને પુત્ર સમાન ગણવાને બદલે તે ૧૫ વર્ષનો હતો ત્યારથી તમામ મર્યાદાનો ભંગ કરીને અંગત સંબધો રાખ્યા હતા. જે વાતની જાણ પ્રતિમાના પતિને થતા તકરાર થઈ હતી અને છેવટે મામલો છુટાછેડા સુધી પહોંચ્યો હતો.

થોડા દિવસ પહેલાં પ્રતિમાએ પ્રતિકને અમદાવાદ ફોન કરીને જણાવ્યું હતું કે બાબરાથી અમદાવાદ આવી રહી છે અને તેને ઘરની બહાર બોલાવ્યા બાદ લઈને નાસી ગઈ હતી. આ વાતની જાણ પ્રતિકના પિતાને થતા તેમણે વાસણા પોલીસની મદદ લીધી હતી. પોલીસે ટેકનીકલ એનાલીસીસથી પ્રતિમા અને પ્રતિકની ભાળ મેળવી હતી અને પ્રતિકને પરિવારને સોંપ્યો હતો. જ્યારે પ્રતિમાને સમજાવવા માટે પ્રયાસ કર્યો હતો કે પ્રતિક તેના પુત્ર સમાન છે અને તેમના સંબધથી કૌટુંબિક વિખવાદ પણ વધશે. જે વાતને પ્રતિમા માનવા તૈયાર નહોતી અને પ્રતિકને ધમકી આપતી હતી કે જો તે તેની સાથે નહી રહે તો જીવી નહી શકે.આમ, તેને બ્લેકમેઈલ કરતી હતી.

છેવટે વાસણા પોલીસ સ્ટેશનના પીઆઈ આર એન પટેલ અને કાઉન્સીલીંગ સ્ટાફ દ્વારા કલાકો સુધી પ્રતિક અને પ્રતિમાનું કાઉન્સીલીંગ કરીને સમજાવવામાં આવ્યા હતા. ત્યારે માંડમાંડ પ્રતિમાએ ખાતરી આપી હતી કે તે હવે પ્રતિકને હેરાન કે બ્લેકમેઈલ નહી કરે.

તારા કારણે મારા છૂટાછેડા થયા છે, હવે તારે મારી સાથે રહેવું પડશે

આ ઘટના બાદ પ્રતિમાએ તેના ભત્રીજા પ્રતિકે ઈમોશનલ બ્લેકમેઈલ કરીને જણાવ્યું હતું કે તારા કારણે મારા છૂટાછેડા થયા છે અને હવે તારે મારા સાથે રહેવું પડશે નહીતર હુ મરી જઈશ. જેથી તે સમયે ૧૫ વર્ષની ઉમર ધરાવતો પ્રતિક કુમળી માનસિકતાનો શિકાર બનીને ડરી ગયો હતો. અને તે ઘરેથી નાસીને પ્રતિમાને ઘરે રહેવા માટે જતો રહ્યો હતો. આ સમયે સામાજિક હોબાળો ન થાય તે માટે પ્રતિમા પ્રતિકને લઈને નાસી ગઈ હતી અને થોડા દિવસ બાદ પરત આવી તે દરમિયાન તેણે પ્રતિકનું માઈન્ડ વોશ કરીને તેને પરિવાર વિરૂદ્ધ કરી દીધો હતો. આ સમયે સામાજિક બદનામીના ડરથી પરિવારજનોએ મામલો ઘરેથી પતાવી દીધો હતો. પરંતુ, ત્યારબાદ પ્રતિક વારંવાર પ્રતિમાના ઘરે જતો રહેતો હતો. આ સમયે તે તેના ભત્રીજા સાથે શારિરીક સંબધ પણ બાંધતી હતી. જે વાતની જાણ ખુદ પ્રતિકે તેના પરિવારને કરી હતી.

પ્રતિકને કાકીથી દૂર રહેવા પિતાએ કડકાઈથી સમજાવ્યો

બીજી તરફ અમદાવાદમાં રહેતા પ્રતિકના પિતાએ તેને અમદાવાદ બોલાવી લીધો હતો અને તેને સમજાવ્યો હતો કે પ્રતિમા તેની કૌટુંબિક કાકી છે અને આ અનૈતિક સંબધ છે. પરંતુ, પ્રતિક તેમના વિરૂદ્ધ જ રહેવા માંગતો હોવાથી થોડી આકરી પદ્ધતિથી તેને સમજાવ્યો હતો. જો કે માનવા તૈયાર નહોતો.

નીટ પેપર મોડ કે કમ્પ્યુટર મોડમાં તે પણ હજુ નક્કી નથી

આગામી નીટ પણ ફીઝિયોથેરાપી માટે ફરજિયાત હશે કે નહીં તે હજુ અનિશ્ચિત

અમદાવાદ,રવિવાર

ધોરણ ૧૨ સાયન્સ પછીના મેડિકલ,ડેન્ટલ,આયુર્વેદ અને હોમિયોપેથી કોર્સમાં પ્રવેશ માટેની યુજી નીટ ગત વર્ષે પેપર લીકની ઘટનાને પગલે રદ થયા બાદ સરકારે ૨૦૨૭થી નીટ પેપર-પેન્સિલને બદલે કમ્પ્યુટર બેઝ લેવાની જાહેરાત કરી હતી. જો કે કેન્દ્ર સરકારે રચેલી ટાસ્ક ફોર્સના રિપોર્ટ બાદ નીટ કમ્પ્યુટર બેઝ જ લેવાશે કે કેમ તે નક્કી નથી ત્યાર બીજી બાજુ નીટ આગામી વર્ષે પણ ફીઝિયોથેરાપી પ્રવેશ માટે ફરજીયાત રહેશે કે કેમ તે હજુ અનિશ્ચિત છે.કારણકે કમ્પ્યુટર બેઝ નીટ લેવાની થાય તો ફીઝિયોથેરાપીના વિદ્યાર્થીઓ સાથે ૨૭થી૨૮ લાખ વિદ્યાર્થીઓ માટે નીટ લેવી પડે અને સમગ્ર દેશમાં આટલી મોટી સંખ્યામાં એક જ દિવસે એક જ સેશનમાં કમ્પ્યુટરો ઉપલબ્ધ થાય તેમ નથી.

ફીઝિયોથેરાપીમાં જનારા ૩થી૪ લાખ વિદ્યાર્થીઓના જોડાવાથી કમ્પ્યુટર બેઝ નીટ લેવી NTA માટે ખૂબ જ મુશ્કેલ

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષમાં મેડિકલ,ડેન્ટલ,આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટેની નીટ ગત મેમાં લેવાઈ હતી અને જેમાં ૨૨.૮૦ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. પરીક્ષા લેવાયા બાદ પેપર લીકની ઘટનાને પગલે નીટ રદ કરી દેવાઈ હતી અને ફરીવાર નીટ લેવાઈ હતી.જેમાં બે લાખ વિદ્યાર્થીઓ ઘટ્યા હતા એટલે કે રી-નીટ આપી જ ન હતી.

જો કે નીટને લઈને સમગ્ર દેશમાં ઉભા થયેલા ચોમેર વિરોધ-આંદોલનને પગલે જ્યાં નીટ મુદ્દે શિક્ષણમંત્રીએ પણ રાજીનામુ આપવુ પડ્યુ હતુ ત્યારે હવે આગામી નીટ વિના વિવાદ કઈ રીતે તેને લઈને કેન્દ્ર સરકાર ગડમથલમાં છે.કેન્દ્ર સરકારે નીટ સહિતની રાષ્ટ્રીય પરીક્ષાઓ સારી રીતે યોજવા માટે રચેલી ટાસ્ક ફોસે વિવિધ રાજ્યોના બોર્ડથી માંડી સંસ્થાઓ અને લોકો પાસેથી સૂચનો મંગાવ્યા પછી કેટલીક ભલામણો સાથેનો રિપોર્ટ કેન્દ્ર સરકારને આપ્યો હતો. જો કે કેન્દ્ર સરકારે ટાસ્કફોર્સની મુદત વધારીને જાન્યુઆરી ૨૦૨૭ સુધી કરી હતી.

૨૦૨૭ની નીટ એટલે કે આગામી નીટ પણ પેપર-પેન્સિલ મોડમાં જ લેવાય તેવી શક્યતા છે.આમ તો સરકારે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓની નીટ રદ થયા બાદ નવા વર્ષથી નીટ પેપર પેન્સિલ મોડને બદલે કમ્પ્યુટર બેઝ લેવાની જાહેરાત કરી હતી.પરંતુ કમ્પ્યુટર બેઝ નીટ લેવા સામે અનેક પેડકારો છે.ગત વર્ષે નીટનું રજિસ્ટ્રેશન શરૂ થયા બાદ અલાઈડ એન્ડ હેલ્થકેર કમિશનનની ભલામણોને આધારે ફીઝિયોથેરાપી માટે પણ નીટ ફરજીયાત કરવાની વિચારણા હતી.કારણકે કેમિશને ફીઝિયોથેરાપીમાં નીટના આધારે જ પ્રવેશનો નિયમ કર્યો છે.પરંતુ ગત વર્ષે નીટનું રજિસ્ટ્રેશન શરૂ થઈ ગયુ હોવાથી અને મોટા પાયે રજિસ્ટ્રેશન થતુ હોવાથી ફીઝિયોથેરાપી માટે નીટ લેવાનો નિર્ણય પડતો મુકાયો હતો.

સ્વજનના આક્ષેપ બાદ ભારે હોબાળો

સિવિલમાં મૃતદેહને ઢાંકવા કાપડની અછત હોવાનો આક્ષેપ

અમદાવાદ,રવિવાર

અસારવા સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહને ઢાંકવા માટે કફનનું કાપડ ઉપલબ્ધ નહીં હોવાના સ્વજનના આક્ષેપને પગલે વિવાદ સર્જાયો છે. અલબત્ત, સિવિલ તંત્રે આ પ્રકારની અછત હોવાના આક્ષેપોનો ઈન્કાર કર્યો છે.

પરિવારજનોને બહારથી કાપડ લાવવું પડતી હોવાની રજૂઆત, સિવિલ હોસ્પિટલનો ઈન્કાર

સ્વજનો દ્વારા કરવામાં આવેલા આક્ષેપ પ્રમાણે સિવિલ તંત્ર દ્વારા મૃતદેહને ઢાંકવા માટે થોડીવારમાં કાપડ આવે છે તેવો જવાબ મળી રહ્યો હતો. પરંતુ કલાકો સુધી કાપડ આવ્યું જ નહીં. આ પછી સ્ટાફે એમ કહ્યું કે ૧૫ દિવસથી સ્ટોક જ નથી. મૃતદેહ માટે બહારથી સામાન લેતા આવો.

આરોગ્ય વિભાગના પરિપત્ર પ્રમાણે સ્વજનો પાસે કાપડ કે થેલી કંઈ મગાવી શકાય નહીં. સ્વજનના મૃત્યુના આઘાતમાં હોય તેવા પરિવારજનોને પોસ્ટમોર્ટમની પ્રક્રિયા દરમિયાન અનેક ઔપચારિકતાઓમાંથી પસાર થવું પડે છે. આવી સ્થિતિમાં મૃતદેહને ઢાંકવા માટેની મૂળભૂત વ્યવસ્થા પણ હોસ્પિટલમાં ઉપલબ્ધ હોવી જરૂરી છે.

આ અંગે સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેડન્ટ ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું કે, 'મૃતકના સ્વજન પાસે ક્યારેય કાપડ કે કંઈ મગાવવામાં આવ્યું નથી. મૃતદેહ માટે કાપડ ખૂટી પડ્યાના આક્ષેપ સાવ પાયાવિહોણા છે.'

ચૂંટણીના મહિનાઓ પછી પણ સર્વસંમતિ નહી

અમદાવાદ મનપામાં વિપક્ષના નેતાપદ માટે કોંગ્રેસમાં ખેંચતાણ

અમદાવાદ,રવિવાર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષના નેતાની નિમણૂકને લઈને કોંગ્રેસમાં આંતરિક ખેંચતાણ હવે ખુલ્લીને સપાટી પર આવી ગઈ છે. ૧૯૨ બેઠકોમાંથી ૩૨ બેઠકો જીત્યા બાદ અને ચૂંટણી પરિણામો આવ્યાના પાંચ મહિનાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં કોંગ્રેસ હજુ સુધી વિપક્ષના નેતાનું નામ નક્કી કરી શકી નથી. પ્રદેશ નેતાઓની ખેંચતાણમાં મનપાનુ વિપક્ષ નેતા પદ અટવાયું છે.

અમિત ચાવડા નિરવ બક્ષીની તરફેણમાં, શૈલેષ પરમાર શહેઝાદખાનને નેતાપદ બનાવવા મેદાને

ચર્ચા ચાલી રહી છેકે, મનપાના વિપક્ષનેતા પદ માટે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ધારાસભ્ય શૈલેષ પરમાર વચ્ચે સીધી ખેંચતાણ ચાલી રહી છે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા કોર્પોરેટર નીરવ બક્ષી અથવા બાપુનગરના કાઉન્સિલર જૈમિન શર્માના નામ આગળ કરીછે. નીરવ બક્ષીને લઈને ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પણ ભરપૂર લોબિંગ કરી રહ્યાં છે. તેમનું કહેવુ છેકે, હવે ફરી વાર લઘુમતીને વિપક્ષ નેતાપદ આપવું યોગ્ય નથી. ખાડિયા ઈતિહાસમાં પહેલીવાર કોંગ્રેસ જીત્યુ છે તે જોતાં આ વિસ્તારના યુવા કોર્પોરેટરને વિપક્ષની કમાન સોપવાનુ લગભગ નક્કી છે.

અગાઉ ૨૦ કોર્પોરેટરોએ શહેર પ્રમુખ સોનલ પટેલની બેઠકનો બહિષ્કાર કરીને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આ કાઉન્સિલરોએ શહેઝાદ ખાન પઠાણને જ ફરીથી વિપક્ષના નેતા બનાવવા માટે લેખિત રજૂઆત કરી હતી.આ સમગ્ર પ્રકરણ શાંત પાડવા દિલ્હી હાઈકમાન્ડે રાજસ્થાનના સાંસદ કુલદીપ ઈન્દોરાને નિરીક્ષક તરીકે જવાબદારી સોંપી છે. તેમણે કાઉન્સિલરોની સેન્સ લીધી હતી, જેમાં ૧૭ કાઉન્સિલરોએ અંતિમ નિર્ણય પ્રદેશ પ્રમુખ પર છોડ્યો હતો.

ઉલ્લેખનીય છેકે, દિવાળી પહેલાં વિપક્ષના નેતાનું નામ જાહેર કરવા નક્કી થયુ હતું પણ હજુ સુધી મેળ પડ્યો નથી.

સિવિલમાં ૬૨ વર્ષીય વૃદ્ધના અંગદાનથી પાંચને નવજીવન

અમદાવાદ, રવિવાર

અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં ૬૨ વર્ષીય વૃદ્ધના અંગદાનથી પાંચ વ્યક્તિને નવજીવન મળ્યું છે. પતિને ગુમાવવાના અસહ્ય દુ:ખ વચ્ચે પણ પત્નીએ અદભુત હિંમત અને માનવતાનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડતાં અંગદાન માટે લેખિત સંમતિ આપી હતી.સિવિલમાં ૨૬૨માં અંગદાન સાથે અત્યારસુધી ૧૧૩૭ અંગો-પેશીનું દાન મળ્યું છે. જેમાં ૪૮૪ કિડની, ૨૩૬ લીવર, ૮૪ હૃદય, ૩૪ ફેફસાં, ૨૫ સ્વાદુપિંડ, ૬ હાથ, બે નાના આંતરડાનો સમાવેશ થાય છે.

પ્રેક્ષકના સ્વાંગમાં મોબાઈલ ફોન ચોરવાની મોડસ ઓપરેન્ડી

દિલજીતના શોમાં બે આરોપીએ મોંઘીદાટ ટિકિટ લઈને ૧૧ મોબાઈલ ફોન ચોર્યા

અમદાવાદ, રવિવાર

મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં દિલજીત દોસાંઝના લાઈવ શો દરમિયાન ભીડનો લાભ લઈને મોબાઈલ ફોનની ચોરી કરવા માટે વિવિધ ગેંગ સાથે સંકળાયેલા વ્યક્તિઓ પ્રેક્ષકો બનીને આવ્યા હતા અને મોટા પ્રમાણમાં મોબાઈલ ફોન ચોરી કર્યા હતા. પોલીસે શંકાને આધારે દિલ્હીના બે શખ્સોને રોકીને તેમની પાસેથી શો દરમિયાન ચોરી કરાયેલા ૧૧ જેટલા મોબાઈલ ફોન ચોરી કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે બંને યુવકો શોમાં મોબાઈલ ચોરી કરવા માટે ગોલ્ડ ટિકિટ લઈને પ્રેક્ષક બનીને આવ્યા હતા. આ અગાઉ પણ તે ભારતમાં યોજવામાં આવતા શોમાં પ્રેક્ષક બનીને જઈને મોટા પ્રમાણમાં મોબાઈલ ફોન ચોરી કરતા હતા. આ સમગ્ર મામલે મોટેરા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

મોટેરામાં આવેલા ક્રિકેટ સ્ટેડિયમમાં શનિવારે ગાયક દિલજીત દોસાંઝના લાઈવ કોન્સર્ટ દરમિયાન મોબાઈલ ચોરી થવાના કિસ્સા સામે આવ્યા હતા. જેથી પોલીસે શો પુરો થયો તે દરમિયાન શકમંદો પર વોચ રાખી હતી. જેમાં ડીસીપી ઝોન-સ્ક્વૉડના સ્ટાફે મોહમંદ અસદ ગુલઝાર (રહે.સુનારવાળી ગલી, દરિયાગંજ, નવી દિલ્હી) અને અશરફ હુસૈન ઈરીશી (રહે. ચાંદબાગ, દયાલપુર, દિલ્હી)ને રોકીને તપાસ કરતા તેમની પાસેથી રૂપિયા સાડા સાત લાખની કિંમતના ૧૧ જેટલા મોબાઈલ ફોન મળી આવ્યા હતા.

નવા વાડજમાં આવેલી ઈન્સ્ટાકાર્ટ કંપનીના

ડિલિવરી બોયે પાર્સલમાંથી મોબાઈલ ફોન કાઢી અન્ય મત્તા મૂકી દીધી

અમદાવાદ,રવિવાર

નવા વાડજ નિર્ણયનગર વિસ્તારમાં આવેલી કાર્ટ કંપનીમાં નોકરી કરતા ડિલિવરી બોયે કિંમતી મોબાઈલ ફોન ગ્રાહકોના પાર્સલમાંથી કાઢીને તેમાં અન્ય મત્તા મુકીને તેમજ વેરહાઉસમાંથી પાર્સલની ચોરી કરીને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ વાડજ પોલીસ મથકે નોંધવામાં આવી છે.

જુહાપુરામાં રહેતા અને ઈન્સ્ટા કાર્ટ કંપનીમાં નોકરી કરતા અતિક સૈયદ નામના વ્યક્તિએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે નિર્ણયનગરમાં આવેલા આશ્રય ઓપેલમાં ઈન્સ્ટા કાર્ટ કંપનીના ગોડાઉનમાંથી પાર્સલ સપ્લાય કરવા માટે ગત ઓગસ્ટ મહિનામાં હનુમાનરામ મેવારામ નામનો યુવક જોડાયો હતો. જે આબુ રોડ પાસેનો વતની હતો. તેને કંપનીમાંથી ગ્રાહકોને સપ્લાય કરવા માટે મોબાઈલ ફોનના ભરેલા ચાર પાર્સલ આપ્યા હતા. જે મોબાઈલ તેણે ગ્રાહકોને પહોંચતા કરવાને બદલે કાઢીને પાર્સલમાં અન્ય વસ્તુઓ મુકીને ગ્રાહકોએ નથી સ્વીકારી તેમ કહીને કંપનીમાં પરત આપી હતી. સાથેસાથે અન્ય ૨૫ પાર્સલ પણ ગ્રાહકોને પહોંચતા કર્યા નહોતા. તેમજ ગોડાઉનમાંથી અન્ય આઠ પાર્સલની ચોરી કરી હતી. આમ, લાખોની મત્તાની ચોરી કરીને તે નાસી ગયો હતો.

વસ્ત્રાલમાં હોર્ન મારવા બાબતની તકરારમાં

મુંબઈથી લગ્ન પ્રસંગે આવેલા સાળા-બનેવી ઉપર ચાકુ,પાઈપથી ખૂની હુમલો

અમદાવાદ, રવિવાર

મુંબઈથી વસ્ત્રાલમાં લગ્ન પ્રસંગમાં આવેલા સાળા અને બનેવીને પાઈપના ફટકા માર્યા બાદ ચાકુથી જીવલેણ હુમલો કર્યો હતો. પોલીસ તપાસમાં મુંબઈથી આવેલો યુવક મોપેડ લઈને જતો ત્યારે આરોપીએ સાઈડ કાપવા માટે સતત હોર્ન વગાડતા હતા. જેથી યુવકે પાછું વળીને જોતા તકરાર કરીને તિક્ષ્ણહથિયારથી ખૂની હુમલો કર્યો હતો, ગંભીર રીતે ઘાયલ બન્ને હાલમાં સારવાર હેઠળ છે.

મુંબઈ ઈસ્ટમાં ડોમ્બીવલી ખાતે રહેતા અને ટેક્સ એન્ડ લીગલ કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા રત્નેશ્વર શુક્લા (ઉ.વ.૨૩)એ વસ્ત્રાલ પોલીસ સ્ટેશનમાં સૌરભ તથા રાજુ સહિત અજાણ્યા ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે તા.૧૮-૧૧-૨૬ના રોજ તેમના સંબંધીના દીકરાના લગ્નમાં હાજરી આપવા માટે પરિવાર સાથે વસ્ત્રાલ આવ્યા હતા. તા.૨૦ના રાતના સમયે ફરિયાદીના બનેવી અમિતભાઈ મોપેડ લઈને બહેનના ઘરે જતા હતા ત્યારે વસ્ત્રાલમાં કામધેનું સોસાયટી પાસે બાઈક ઉપર આવતા આરોપીઓ પાછળથી વારંવાર હોર્ન મારી અપશબ્દો બોલી રહ્યા હતા. જેથી યુવકે મોપેડ ઉભુ રાખી અપશબ્દો બોલાવાની ના પાડતા ઉશ્કેરાઈ ગયા હતા અન મારા મારી કરવા લાગ્યા હતા. ફરિયાદી યુવક ત્યાં પહોંચતા આરોપીઓ ફરીથી પાઈપ અને ચાકુ લઈને આવ્યા હતા અને સાળા બનેવીને પાઈપના ફટકા તથા ચાકુના ઘા મારીને ધમકી આપીને નાસી ગયા હતા.

મકાન બનાવવા દેવું થતા પુજારીની દેરાસરમાં ચોરી

જૈન દેરાસરમાં ૯ કિલો ચાંદીના ખોખાની ચોરી કરનારો પુજારી ઝડપાયો

અમદાવાદ, રવિવાર

કૃષ્ણનગરમાં જૈન દેરાસરમાંથી ભગવાન વાસુપૂજ્ય સ્વામી મૂ તનું ૯ કિલો ચાંદીનું ખોખું ચોરાયું હતું. જેમાં પોલીસે પુજારીની ધરપકડ કરીને તેની પાસેથી રૂપિયા ૭.૬૪ લાખની કિંમતની ૬ કિલો ચાંદી કબજે કરી હતી અને બીજી બાકી ૩ કિલો ચાંદી કબજે કરવા માટે આરોપીના રિમાન્ડ મેળવીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ તપાસમાં આ�ઠ વર્ષથી દેરાસરમાં નોકરી કરતા પુજારીએ સાબરકાંઠા ખાતે મકાન બનાવતા દેવું થઈ જતાં તેણે ચોરી કરી હોવાનું બહાર આવ્યું છે.

કૃષ્ણનગર વાસુપૂજ્ય દેરાસરમાં પુજારી આઠ વર્ષથી નોકરી કરતો, ૭.૬૪ લાખની ૬ કિલો ચાંદી મળી

કૃષ્ણનગરમાં રહેતા અને મહાસુખનગરમાં આવેલા વાસુપૂજ્ય ભગવાનના જૈન દેરાસરમાં પ્રમુખનો હોદ્દો ધરાવી સેવા આપતા કનુભાઈ શાહે જૈન દેરાસરમાં આઠ વર્ષથી પૂજારી તરીકે નોકરી કરતા સાબરકાંઠાના અશ્વિનભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી છે કે પંદર વર્ષ પહેલા ભગવાનની મૂર્તિનું ૯ કિલો ચાંદીના ખોખાની તે સમયે ચાર લાખમાં ખરીદી કરી હતી. જેને ગત ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ દેરાસરમાં પંજુસન મહોત્સવમાં ભગવાનની મૂર્તિને પહેરાવ્યું હતું.ત્યારબાદ ૧૭ નવેમ્બરના રોજ તપાસ કરતાં તેની ચોરી થઈ હતી. બીજીતરફ મંદિરના પુજારી બીજી નવેમ્બરના રોજ નોકરી છોડીને જતો રહ્યો હતો. આ બનાવ અંગે કૃષ્ણનગર પોલીસે આરોપી પુજારીની સાબરકાંઠાના વિજયનગર તાલુકાના ડગલા ગામથી હાલમાં રૂા.૭,૬૪,૫૫૦ કિંમતની ૬ કિલો ૨૬૪ ગ્રામ ચાંદી સાથે ધરપકડ કરી છે.

અન્ય પ્લેટફોર્મ પણ તબક્કાવાર શરૂ કરવાની તૈયારી

કાલુપુરના પ્લેટફોર્મ નંબર ૧૦ પર આખરે ટ્રેન વ્યવહાર શરૂ કરાયો

અમદાવાદ,રવિવાર

કાલુપુર રેલવે સ્ટેશન પર લાંબા સમયથી બંધ પડેલા પ્લેટફોર્મ નંબર ૧૦ પર આખરે ટ્રેન વ્યવહાર શરૂ થયો છે. ટ્રેન નંબર ૧૬૨૦૯ અજમેર-મૈસૂર એક્સપ્રેસને અગાઉ નિયમિત રીતે પ્લેટફોર્મ નંબર ૬ પર લેવામાં આવતી હતી, પરંતુ હવે તેને પ્લેટફોર્મ નંબર ૧૦ પરથી દોડાવવામાં આવી છે.

અજમેર-મૈસૂર એક્સપ્રેસને હવે પ્લેટફોર્મ નંબર ૬ના બદલે ૧૦ નંબર પર ફાળવાઈ

કાલુપુર રેલવે સ્ટેશન પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ સહિતનાં વિવિધ વિકાસકાર્યોને કારણે પ્લેટફોર્મ નંબર ૯થી ૧૨ લાંબા સમયથી બંધ હતાં. દિવાળી પહેલાં આ ચારેય પ્લેટફોર્મ શરૂ કરવાની તૈયારીઓ કરવામાં આવી હતી, પરંતુ કેટલાક કારણોસર તે સમયે ટ્રેન વ્યવહાર શરૂ થઈ શક્યો નહોતો. હવે પ્લેટફોર્મ નંબર ૧૦ પર અજમેર-મૈસૂર એક્સપ્રેસ દોડાવી આ દિશામાં કામગીરી આગળ વધી છે. બીજી તરફ, અમદાવાદ રેલવે સ્ટેશનના પુનર્વિકાસને વેગ આપવા ડીઆરએમએ અધિકારીઓ, આરએલડીએ અને નિર્માણ એજન્સીના અધિકારીઓ સાથે સતત ૩૬ કલાક સુધી બેઠકો યોજી હતી. આ બેઠકો બાદ આગામી ૧૨૦ દિવસમાં પ્લેટફોર્મ નંબર ૪, ૫, ૬ અને ૭ને નવાં સ્વરૂપમાં તૈયાર કરવાની સૂચના આપવામાં આવી હતી.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES.
THIS ANNOUNCEMENT IS NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA.
INITIAL PUBLIC OFFER OF EQUITY SHARES OF THE COMPANY WILL GET LISTED ON THE MAIN BOARD OF BSE LIMITED ("BSE") AND NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED ("NSE", AND TOGETHER WITH BSE, THE "STOCK EXCHANGES") IN COMPLIANCE WITH CHAPTER II OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR REGULATIONS").

(Please scan this QR Code to view the RHP and the Abridged Prospectus)

MAHANADI COALFIELDS LIMITED
(TO BE LISTED ON THE MAIN BOARD OF BSE AND NSE)

Our Company was incorporated in Odisha at Cuttack as "Mahanadi Coalfields Limited", as a private limited company under the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated April 3, 1992, issued by the Registrar of Companies, Odisha at Cuttack. Thereafter, our Company was converted from a private limited company to a public limited company, pursuant to a resolution passed in the annual general meeting of our Shareholders held on August 27, 2026, and a fresh certificate of incorporation dated August 29, 2026, was issued to our Company by the Registrar of Companies, Central Processing Centre. For further details relating to the changes in the name and registered office of our Company, see *"History and Certain Corporate Matters"* on page 277 of the red herring prospectus dated November 13, 2026 read with the corrigendum dated November 19, 2026 **("Red Herring Prospectus" or "RHP")** filed with the Registrar of Companies, Odisha at Cuttack (**"RoC"**).

MAHANADI COALFIELDS LIMITED is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed a RHP dated November 13, 2026 with the RoC and thereafter with SEBI and the Stock Exchanges. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., SBI Capital Markets Limited at www.sbicaps.com; Axis Capital Limited at www.axiscapital.co.in; BOB Capital Markets Limited at www.bobcaps.in; IDBI Capital Markets & Securities Limited at www.idbicapital.com and IIFL Capital Services Limited at www.iiflcapital.com, the website of the BSE at www.bseindia.com and the website of the NSE at www.nseindia.com and the website of the Company at www.mahanadicoal.in. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section *"Risk Factors"* beginning on page 20 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision and must rely on RHP filed by the Company with the RoC, SEBI and Stock Exchanges and their own examination of our Company and the Offer.

This announcement does not constitute an offer of securities for sale in any jurisdiction, including the United States, and any securities described in this announcement may not be offered or sold in the United States absent registration under the U. S. Securities Act or an exemption from such registration. Any public offering of securities to be made in the United States will be made by means of a prospectus that may be obtained from the Company or the Promoter Selling Shareholder and that will contain detailed information about the Company and management, as well as financial statements. However, no public offering of securities in the United States is contemplated.

CONCEPT

ગુજરાત સમાચાર

મણિપુરમાં ફરી હિંસાચાર

છેલ્લા બે-ત્રણ દિવસથી મણિપુરમાં નવા લઢાકાંડને કારણે હાહાકાર મચી ગયો છે. વીસેક લોકો મૃત્યુ પામ્યા છે અને દોઢસોથી વધુ લોકો જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. એક તરફ જનજાતિ સમુદાયોના આંતરિક સંઘર્ષને કારણે આખું રાજ્ય ઠેબે ચડી ગયું છે અને ચોતરફ કેન્દ્ર અને રાજ્યના સુરક્ષા જવાનોના કાફલા દેખાય છે. એમાં ચંદેલ જિલ્લાના નવા લઢાકાંડને કારણે સરકાર દોડતી થઈ ગઈ છે. બીજી તરફ મણિપુરમાં હિંસાનું ચક્ર અટકવાના કોઈ સંકેતો દેખાઈ રહ્યા નથી, છેલ્લા એક સપ્તાહથી ચાલી રહેલી હિંસા બાદ ફરી તણાવ વધી ગયો છે. કેન્દ્રએ વધારાના સુરક્ષા દળો મોકલ્યા છે, પરંતુ પહેલેથી જ મોટી સંખ્યામાં દળો તૈનાત હોવા છતાં, સ્થિતિ નિયંત્રણની બહાર છે. છેલ્લા ત્રણેક વર્ષથી જ્યાં હિંસાની જ્વાળાઓ ક્યારેક વધી રહી છે અને ક્વચિત ધીમી પડી રહી છે તેવા આ પૂર્વોત્તર રાજ્ય માટે રાહતના કોઈ સંકેત દેખાતા નથી. છેલ્લા એક સપ્તાહ દરમિયાન હિંસાની ઘટનાઓએ ફરી એકવાર રાજ્યમાં તણાવમાં વધારો કર્યો છે. કેન્દ્ર સરકારે નવી કુમક મોકલી છે, પોલીસ અને સેનાના જવાનો તો વળી આના ઉપરાંત છે.

સશસ્ત્ર આતંકવાદીઓ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામમાં ઘૂસી ગયા હતા અને છ સાત ઘરોને આગ ચાંપી દીધી હતી. જેમાં ભારે નાસભાગ છતાં એક મહિલાનું મોત થયું હતું. અગાઉ મૃતક મહિલાના પતિએ એફઆઈઆર નોંધાવી છે કે મહિલાને રૂમમાં બંધ કરીને તેના પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો અને પછી તેને સળગાવી દેવામાં આવી હતી. જો કે, મણિપુર પોલીસ આ મામલાને ઢાંકવાનો પ્રયાસ કરી રહી છે. મોટા પાયા પર સુરક્ષા દળોની તૈનાતી છતાં સ્થિતિ કાબૂમાં ન આવી રહી હોય તો મામલો માત્ર સુરક્ષા દળોની સંખ્યાનો નથી, બીજું પણ કંઈક છે. છેલ્લા એક સપ્તાહની ઘટનાઓ પર નજર કરીએ તો પણ સ્પષ્ટ થાય છે કે વહીવટી કાર્યવાહીની જે અસર થવી જોઈએ તે થઈ રહી નથી. નવા તોફાનો પાછળ મેઈતેઈ સમુદાયના ઉગ્રવાદી સંગઠન સાથે જોડાયેલા લોકોનો હાથ હોવાનો આરોપ છે. ગયા વરસે કુકી આતંકવાદીઓએ બિષ્ણુપુર જિલ્લામાં ખેડૂતોના જૂથ પર હુમલો કર્યો, જેમાં પણ મહિલાની હત્યા થઈ. પછીથી સીઆરપીએફ ચોકી પર થયેલા હુમલા બાદ સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહીમાં દસ આદિવાસીઓને ઠાર માર્યા હતા. આંદોલનકારીઓને સરકાર હવે ઉગ્રવાદીઓ કહેવા લાખી છે.

આ પછી પણ બે નિર્દોષ નાગરિકોના મૃતદેહ મળી આવ્યા હતા. આટલું જ નહીં, મૈતેઈ પરિવારના છ સભ્યોનું અપહરણ થયું હતું. વિવિધ સમુદાયના લોકો ખુલ્લેઆમ સુરક્ષા દળોના જુદા જુદા વિભાગો અને ટુકડીઓ પર પક્ષપાતનો આરોપ લગાવે છે. જો કે આવા સામુદાયિક તણાવની પરિસ્થિતિઓમાં દળો સામે પક્ષપાતના આરોપો નવા નથી, આવા અવિશ્વાસ સામાન્ય રીતે કામચલાઉ હોય છે. મણિપુરમાં ગયા વર્ષે મે મહિનાથી શરૂ થયેલી હિંસક ઘટનાઓની હારમાળા ન તો સંપૂર્ણપણે બંધ થઈ શકી અને ન તો વાતાવરણ સામાન્ય થઈ શક્યું. સ્થાનિક લોકોનો વિશ્વાસ મેળવવા માટે કોઈ ખાસ પ્રયાસ કરવામાં આવ્યો નથી. આવી સ્થિતિમાં, સુરક્ષા દળોની તૈનાતીના દાવા અને વિવિધ પક્ષો વચ્ચેની વાતચીત ફળદાયી દેખાતી નથી. મણિપુર સરહદી અને અત્યંત સંવેદનશીલ રાજ્ય છે. તેથી, પરિસ્થિતિને ઝડપથી સામાન્ય કરવી જરૂરી છે પરંતુ કેન્દ્ર સરકાર હજુ પણ ગંભીર નથી.

વાસ્તવિકતા એ છે કે ત્યાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિ છે. મૈતેઈ અને કૂકી સમુદાયના લોકો એક બીજા પર હુમલો કરે છે અને હવે આ હિંસામાં રોકેટ અને ડ્રોન જેવા અત્યાધુનિક હથિયારોનો ઉપયોગ પણ જોવા મળી રહ્યો છે. ઘણી ઘટનાઓથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે આતંકવાદીઓ પહેલા કોઈ વિસ્તારને નિશાન બનાવે છે અને પછી ત્યાં શ્રેણીબદ્ધ હુમલા કરે છે. હાલમાં જિરીબામ સહિતના કેટલાક જિલ્લામાં વધુ હુમલાઓ જોવા મળી રહ્યા છે. જોકે હિંસા ફાટી નીકળ્યા બાદ કેન્દ્ર સરકારે શરૂઆતમાં દખલ કરી હતી, પરંતુ તે માત્ર ઉપર ઉપરની કોસ્મેટિક ટ્રિટ સાબિત થઈ હતી. તે પછી પણ ઘણી વખત આતંકવાદીઓએ પોલીસ શસ્ત્રાગારમાંથી હથિયારો અને દારૂગોળો લૂંટી લીધો હતો. આ હિંસા પર અંકુશ લાવવામાં આવશે તેવા વારંવાર દાવા કરવામાં આવ્યા હતા, પરંતુ આ માટે કોઈ વ્યવહારુ પગલાં લેવામાં આવતાં જોવા મળ્યા નથી.સુપ્રિમ કોર્ટે આ મામલાની સુઓ મોટો ફરિયાદ સ્વયમેવ લીધી હતી. સુપ્રિમ કોર્ટે મોનિટરિંગ અને તપાસ સમિતિઓની પણ રચના કરી હતી. તેમાં બહારના રાજ્યોના પોલીસ અધિકારીઓ નિયુક્ત હતા. મણિપુર પોલીસ દરેક તપાસમાં સહકાર આપવા બંધાયેલી હતી.પરંતુ તેનું પણ કોઈ ખાસ પરિણામ આવ્યું નથી.

માળખાકીય ખામીઓ વચ્ચે વિપક્ષ માટે સત્તા સુધી પહોંચવાનો માર્ગ કપરો

વોટ ચોરી, મોંઘવારી અને બેરોજગારી: ભારતીય રાજકરણ અને અર્થતંત્રના પડકારો

હું બે અહેવાલો વચ્ચે અટવાયેલો છું - એક દિલ્હીથી અને બીજો જમીની સ્તરેથી. 'વોટ ચોરી' સામેના સતત વિરોધ પ્રદર્શનો અને એસ.આઈ.આર. પ્રત્યે સુપ્રીમ કોર્ટના વલણમાં આવેલા સૂક્ષ્મ ફેરફારને કારણે ભારતીય ચૂંટણી પંચે એવી કેટલીક ગંભીર અતિશયોક્તિઓ પાછી ખેંચવાનો નિર્ણય લીધો છે જેના કારણે ૧૩,૩૦,૦૦,૦૦૦ નાગરિકો તેમના મતાધિકારથી વંચિત રહી ગયા હતા. હવે જે અંતિમ આંકડા પર નજર રાખવાની છે તે દરેક રાજ્યની પુખ્ત વસતીના પ્રમાણમાં મતદારોની સંખ્યા છે. આ પ્રમાણે મતદાર યાદી લગભગ સો ટકા જેટલી ક્ષતિ રહિત બની શકશે.

બીજો અહેવાલ એ છે કે અંતિમ મતદાર યાદી ગમે તેટલી ખામીયુક્ત હોય, મતદાન સમયે લોકોના મનમાં કોઈને કોઈ રંજ તો રહી જ જશે.

હવે એવા અહેવાલો છે કે બાકાત રહી ગયેલા ઘણા મતદારો (મૃતકો સિવાય) ફોર્મ ૬ અને ફોર્મ ૮ દ્વારા અથવા ચકાસણી ફોર્મ દ્વારા અથવા વચન આપ્યા મુજબ ઘેર-ઘેર મુલાકાત અને વિશેષ કેમ્પો દ્વારા ફરીથી મતદાર યાદીમાં પોતાનું સ્થાન મેળવી લેશે. આ પસ્તાવો છે કે વધુ વિરોધ પ્રદર્શનોનો ડર, તે તો સમય જ કહેશે. દેખીતી રીતે ભાજપ માને છે કે પુનઃનોંધણી સાથે ૨૦૨૯ સુધીમાં વોટ ચોરીનો મુદ્દો પોતાની અસર ગુમાવી દેશે.

૨૦૨૪માં 'બંધારણ જોખમમાં છે'ના મુદ્દાએ લોકોમાં ભય જગાડ્યો હતો. ઉપરાંત ભ્રષ્ટાચાર, મોંઘવારી, બેરોજગારી, વેતન-ખેતીની આવક, રસ્તા કે પીવાના પાણી જેવી માળખાકીય સુવિધાઓનો અભાવ, ગુનાખોરીમાં વધારો જેવા રાજ્ય-વિશિષ્ટ મુદ્દાઓ પણ હતા. આ મુદ્દાઓએ ભાજપને નુકસાન તો પહોંચાડ્યું પણ તેના સત્તા પરથી હટાવી શક્યા નહિ. ભાજપ ૨૪૦ બેઠકો સાથે પ્રથમ ક્રમે રહ્યો, જ્યારે કોંગ્રેસ ૧૦૦ બેઠકો સાથે બીજા સ્થાને રહી. એનડીએ પાસે ૨૯૩ બેઠકો હતી જ્યારે ઈન્ડિયા ગઠબંધન પાસે ૨૩૪ બેઠકો હતી. 'બંધારણ જોખમમાં છે' એક જરૂરી પ્રચાર મુદ્દો હતો જેણે લોકોને ઈન્ડિયા ગઠબંધનના અભિયાન અને સોશિયલ મીડિયા તરફ આકર્ષ્યા હતા, પણ તે ઈન્ડિયા ગઠબંધનની તરફેણમાં પરિણામ પલટવા માટે પૂરતો નહોતો.

મોંઘવારી અને બેરોજગારી

નવેમ્બર ૨૦૨૬માં યોજાયેલી અમેરિકી મધ્યસત્ર ચૂંટણીઓમાં પણ



આવી જ સમાનતા જોવા મળી હતી. આક્રમક માગા અભિયાનનો સામનો



ઓપિનિયન

પી.ચિદમ્બરમ્

પ્રમુખ ટ્રમ્પની ગેરબંધારણીય અતિશ્યોક્તિઓને ઉજાગર કરતા તેટલા જ બુલંદ અભિયાનથી કરવામાં આવ્યો હતો. જો કે, જે બે મુદ્દાઓએ ચૂંટણીના પરિણામોને પ્રભાવિત કર્યા તે હતા - મોંઘવારી અને યુદ્ધ. મોટાભાગના મતદારોને ખોરાક, ઈંધણ અને રહેઠાણ

ફુગાવાનો દર અને બેરોજગારીનો દર હજી વધુ વકરવાની શક્યતા છે કારણ કે ઈરાન યુદ્ધ હજી ચાલુ છે. હોર્મુઝની સમુદ્રધુની હજી ખુલી નથી

પરવડે તેવા નહોતા અને ઈરાન સામે અમેરિકાના અનંત યુદ્ધના પરિણામે ગાઝા (પેલેસ્ટાઈન)માં થયેલી જંગી જાનહાનિઓથી પણ તેઓ હચમચી ગયા હતા. અમેરિકન લોકોને લાગ્યું કે યુદ્ધ, હોર્મુઝની સમુદ્રધુની બંધ થવી, અમેરિકન ટેરિફ અને ભાવમાં સતત થઈ રહેલા વધારાને કારણે તેમને કોઈપણ લાભ ન થતા મુશ્કેલી ભોગવવી પડી હતી.

ભારતમાં પણ આવી જ સ્થિતિ છે. ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. જથ્થાબંધ ભાવ સૂચકાંક ફુગાવો ૧૨.૩ ટકા છે. છૂટક ફુગાવો આરબીઆઈની ઉપલી મર્યાદા વટાવીને ૬.૧ ટકા પહોંચી ગયો છે. ખાદ્ય ફુગાવો ૮.૯ ટકા છે. થાળી પરિક્ષણ ઘણુ કહી જાય છે. શાકાહારી થાળીની કિંમત પાંચ વર્ષ પહેલા રૂા. ૩૦.૮૦ હતી જે વર્ષે વધીને ૩૬.૮૦ થઈ અને નવેમ્બર ૨૦૨૬માં રૂા. ૪૧.૯૦ પર પહોંચી ગઈ છે (ધી હિન્દુ, ૧૯ નવેમ્બર, ૨૦૨૬). એવા પૂરતા આંકડા છે જે દર્શાવે છે કે વાસ્તવિક વેતન સ્થિર રહ્યું છે, ઘરેલુ બચતમાં ઘટાડો થયો છે અને ઘરેલું દેવું વધ્યું છે. આ તમામ બાબતો તીવ્ર આર્થિક નિરાશાજનક છે. જીડીપીમાં ઉત્પાદન ક્ષેત્રનો હિસ્સો ૧૩-૧૪ ટકા પર અટકી ગયો છે (સ્રોતઃવિશ્વ બેંક). આ ઘટનાક્રમો ફુગાવા અને બેરોજગારીના દરને વધુ વકરાવશે.

માળખાકીય પડકારો

ભાજપ સરકાર અર્થતંત્ર સામેના માળખાકીય પડકારોને સ્વીકારવાનો ઈનકાર કરે છે. આ માળખાકીય સમસ્યાઓમાં રાજકોષીય ખાધ, વેપાર ખાધ (ખાસ કરીને ચીન સાથે), ખાનગી રોકાણનો અભાવ, સરકારી મૂડી ખર્ચમાં ઘટાડો અને સુસ્ત એકંદર માગનો સમાવેશ થાય છે. સરકાર જીડીપી વૃદ્ધિના આંકડાઓ, વિકસિત ભારત જેવા સૂત્રો (અચ્છે દિન હવે ભુલાઈ ગયું છે) અને વૈભવી કાર, મોંઘા મોબાઈલ તેમજ ઘડિયાળોની જાહેરાતો, મેટ્રોપોલિટન શહેરોના ઉપનગરોમાં પ્રીમિયમ હાઉસિંગ અને રાજ્ય રોકાણ સમિટમાં થતી ભવ્ય જાહેરાતોથી અંજાયેલી છે, પણ સામાન્ય જનતા અંજાયેલી નથી. ભારતની બહુમતી જનતાને આવા દેખાડા સાથે કોઈ લેવાદેવા નથી.

સામાન્ય જનતાને નોકરી, વેતન, પીવાનું પાણી, વીજળી, રસ્તા વગેરેની ચિંતા છે. મનરેગા લગભગ સમેટાઈ ગઈ છે. લોકોને તે યોજનાની ખોટ સાલી રહી છે. પીએલઆઈ યોજના નિષ્ફળ ગઈ છે. કૌશલ્ય વિકાસ નિષ્ફળ ગયું છે. પીવાના પાણીનું મિશન નિષ્ફળ ગયું છે. સ્વચ્છ ભારત મિશન નિષ્ફળ ગયું છે. ખુલ્લામાં શૌચમુક્તની જાહેરાતો મજાક બની ગઈ છે. એમાંની કેટલીક ખરેખર જૂની સમસ્યાઓ છે, પણ બાર વર્ષથી સત્તામાં રહેલી સરકાર માટે હવે આ દલીલ ઉપલબ્ધ નથી.

કપરા ચઢાણ

વોટ ચોરીના મુદ્દાએ ઈન્ડિયા ગઠબંધનને ભાજપ-એનડીએ સામેના મુખ્ય ધ્રુવ તરીકે ઊભુ કરી દીધું છે. ભાજપના કેટલાક સાથી પક્ષો, જેમાં પક્ષપલટો કરીને આવેલા ધારાસભ્યો પણ સામેલ છે, તેઓ ગભરાઈ ગયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ હચમચી ગયા છે. ફિક્કીની વાર્ષિક સામાન્ય સભામાં (૧૯ નવેમ્બર, ૨૦૨૬)તેમનું ભાષણ વાંચો. વોટ ચોરીના મુદ્દાથી મળેલી ગતિને જોતા, ઈન્ડિયા ગઠબંધને એવા મુદ્દાઓને પકડવા જોઈએ જે તેને એક પ્રભાવી રાજકીય શક્તિ બનાવે. સામે એક પહાડ છે, અને પહાડો ચઢવા માટે જ હોય છે.

પશ્ચિમના દેશોની તુલનાએ દેશમાં કૃષિ ક્ષેત્રે વર્કફોર્સનું પ્રમાણ ઊંચું

આજથી ત્રીસેક વર્ષ પહેલાં ભારતમા કૃષિ ક્ષેત્ર ઘણુ નબળું ગણાયું હતું પરંતુ મનમોહનસીંઘ તેમજ હાલની સરકાર હેઠળ ભારતે કૃષિ ક્ષેત્રે ઘણી સારી પ્રગતિ કરી છે. હવે ભારત એટલે ગરીબ વરસાદ માટે સતત આકાશતરફ નજર રાખનારા ખેડૂતોનો દેશ ગણાતો નથી. ૧૯૯૦-૧૯૯૧ પછી ભારતનું કૃષિ ક્ષેત્રે પણ હવે ભારરતના ગરીબ ખેડૂતો જેમ બીચારૂ બાપડુ રહ્યું નથી. અત્યારે ભારતમા પદ ટકા ખેતી સીંચાઈ હેઠળ થાય છે. ભારતના અર્થકારણ વિષે પહેલા કહેવાતુ કે એક ખરાબ ચોમાસુ ભારતના અર્થકારણને તબાહ કરી નાંખે છે. હવે ભારતનું અર્થકારણ ચોમાસાની નિષ્ફળતાને કારણે તબાહ થઈ જતું નથી. ૧૯૫૦-૧૯૫૧મા ભારતમા માત્ર ૧૭.૧ ટકા ખેતરોમાં સીંચાઈની સગવડ હતી. ૧૯૭૯-૧૯૮૦માં તે વધીને ૨૯ ટકા થઈ ગઈ અને તે પછી ઉપર જોયું તેમ આજે તે પદ ટકા પર પહોંચી ગઈ છે. આ ગાળામાં ઘણાં ખેડૂતો પણ સમૃદ્ધ

અર્થકારણના આટાપાટા

ધવલ મહેતા

થયા છે. સમૃદ્ધ ખેડૂતોએ ટ્રેકટર્સ અને પ્રેસર્સની મોટેપાયે ખરીદી કરી છે. ૧૯૫૦-૧૯૫૧મા ભારતમા ટ્રેકટર્સની સંખ્યા માત્ર ૮૫૦૦ હતી તે આજે વધીને અધધધ ૧.૨ કરોડ પર પહોંચી ગઈ છે. ભારતમા ટ્રેકટર્સની સંખ્યા ઝડપથી વધતી જાય છે તેનો ખ્યાલ એ બાબતથી આવશે કે ૨૦૨૫-૨૦૨૬ના ફા. વર્ષમા ભારતમા ૧૧.૬ લાખ ટ્રેકટર્સનું વેચાણ થયું હતું. ભારતના ખેતરોના કદ (ક્ષેત્રફળ)મા નાના હોવા છતા ભારતના ખેડૂતો ધડાકાબંધ ટ્રેકટર્સની ખરીદી કરે છે અને નાના ખેડૂતોને ટ્રેકટર્સ ભાડે પણ આપે છે.

ભારતમા કૃષિક્ષેત્રે ફા.વ. ૨૦૧૬ થી ફા.વ. ૨૦૨૫ના દસ વર્ષ દરમિયાન ૪.૪૫ ટકાના દરે પ્રગતિ કરી છે જ્યારે ભારતમા વસતી વધારાનો દર હવે .૮૮ ટકા (એક ટકાથી પણ ઓછો) પર પહોંચી ગયો છે. કૃષી ક્ષેત્રે જે ઉત્પાદન થાય છે તેનો એક ભાગ ખાદ્ય પદાર્થો (ફુડ) (જેમ કે ઘઉં, ચોખા, કઠોળ, તેલીબીયા)નું ઉત્પાદન છે અને તેમાં પણ છેલ્લા દસ વર્ષમા સરેરાશ ૪ ટકાના દરે વૃદ્ધિ થઈ છે. ૨૦૧૫-૨૦૧૬મા ભારતમા અન્ન ઉત્પાદન ૨૫.૧૫ કરોડ ટન હતું તે ૨૦૨૪-૨૦૨૫મા વધીને ૩૫.૭૭ કરોડ ટન પર પહોંચી ગયું છે. શાકભાજીનું ઉત્પાદન આ ગાળામા ૨૮ કરોડ ટનથી વધીને ૩૫ કરોડ ટન પર પહોંચી ગયું છે. જગતના દુધ ઉત્પાદનમા ભારત વોલ્યુમની દ્રષ્ટિએ નંબર ૧ના સ્થાન પર છે.

ભારતે કૃષિ ક્ષેત્રે બન્ને પ્રકારની સરકાર હેઠળ ગણનાપાત્ર પ્રગતિ કરી હોવા છતાં એક બાબત અર્થકારણની દ્રષ્ટિએ ખૂંચે તેવી છે. તે બાબત એ કે ભારતના ખેતી ક્ષેત્ર તથા તેને સંલગ્ન ક્ષેત્રમાં ભારતના કુલ વર્કફોર્સના ૪૬.૧ ટકા લોકો કામ કરે છે. ખેતીક્ષેત્ર તથા તેને સંલગ્ન ક્ષેત્રમા કામ કરનારાઓમાં ૬૪ ટકા સંખ્યા સ્ત્રીઓની છે તેઓને ઘરકામ ઉપરાંત ખેતીકામ સંભાળવું પડે છે. ભારતીય અર્થકારણની મુખ્ય નબળાઈ એ છે કે તેના કુલ વર્કફોર્સમા ઔદ્યોગીક ક્ષેત્રે (મેન્યુફેકચરીંગ અને માઈનીંગ અને કન્સ્ટ્રકશન) લગભગ ૨૪.૫ ટકા લોકો કામ કરે છે અને સેવા ક્ષેત્રે (વ્યાપાર, હોટલ અને રેસ્ટોરાં, આરોગ્ય અને ટ્રાન્સપોર્ટેશન, આઈટી, બેંકીંગ, ફાયનાન્સ વગેરે) ભારતના કુલ વર્ક ફોર્સના ૩૧થી ૩૨ ટકા લોકો કામ કરે છે અને ઉપર જોયું તેમ લગભગ ૪૬ ટકા લોકો કૃષિક્ષેત્રે કામ કરે છે. અમેરીકાના કુલ વર્કફોર્સમા ખેતીક્ષેત્રે કામ કરનારા કુલ વર્કીંગ ફોર્સના માત્ર ૧ ટકા થી ૧.૩ ટકા છે. ફ્રાંસમા આ ટકાવારી રથી ૨.૫ છે. જર્મનીમા તે ૧થી ૧.૨ ટકા છે અને યુ.કે.મા ૧થી ૧.૩ ટકા છે. પશ્ચિમ જગતના દેશોમાં ખેતીવાડી ક્ષેત્રે એટલું જબરજસ્ત યંત્રીકરણ અને હવે કોમ્પ્યુટરીકરણ (આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ સહિત)થયું છે કે તેઓની વસતીનો બહુ જ ઓછો ભાગ ખેતીવાડી અને પશુપાલન ક્ષેત્રે જબરજસ્ત ઉત્પાદન કરે છે. હવે ખેતીવાડી ક્ષેત્રે ચીન તેના જબરજસ્ત ઉત્પાદનને કારણે નંબર એકના સ્થાન પર છે છતાં ચીનમા ખેત ઉત્પાદન અને તેને સંલગ્ન ક્ષેત્રે (દા.ત. પશુપાલન) તેના મુળ વર્ક ફોર્સના પાત્ર ૨૨ ટકા કામ કરે છે. ટૂંકમા ચીનના ખેતીક્ષેત્રની માનવદીઠ ઉત્પાદકતા ભારત કરતા ઘણી વધારે છે.

છેલ્લા ૨૫ વર્ષમાં કૃષિ ક્ષેત્રે ઝડપી પ્રગતિ : ખેડૂતો પણ સમૃદ્ધ થયા

ટ્રમ્પ પ્રેસિડેન્ટ પછી છે અને વેપારી પ્રથમ

લફરૂં એનવિડિયાના CEOનું અને કમાણી ટ્રમ્પ ફેમિલીને થઈ

ટ્રમ્પ પ્રેસિડેન્ટ પછી છે અને વેપારી પ્રથમ છે. તેનું ચાલે તો અમેરિકાને વેચીને પણ રોકડી કરી લે તેવા માણસ છે. NVIDIAના CEO જેન્સેન હુઆંગનું ચક્કર ચીની જાસુસ છોકરી સાથે ચાલતું હતું તેની ખબર ટ્રમ્પને છેલ્લા એક વરસથી હતી. અમેરિકાની ખુફિયા એજન્સીએ તેની માહિતી પણ આપી હતી.

જો બાયડનના શાસનમાં અમેરિકાએ Nvidia પર પ્રતિબંધ મુકેલ કે તેઓ તેમની ચીપ ચીનને વેચાણ નહિ કરી શકે. ડિસેમ્બર ૨૦૨૫માં ટ્રમ્પે Nvidialને ચીનમાં તેના H200 ચિપ્સ વેચવાની મંજૂરી આપી હતી. આ રોકાણમાં વધારો એવા સમયે થયો જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્રે ચીન અને મધ્ય પૂર્વના દેશોને અત્યાધુનિક AI ચિપ્સ નિકાસ કરવા પરના અગાઉના પ્રતિબંધો હટાવ્યા હતા.

આ નિર્ણયોના થોડા સમય પહેલાં જ ટ્રમ્પે અને તેના ફેમિલીએ $૬,૧૫,૦૦૦ થી $૧.૩ મિલિયન (અંદાજે રૂા. ૫ કરોડથી રૂા. ૧૧ કરોડ) Nvidia શેર ખરીદ્યા હતા. ઓગસ્ટ ૨૦૨૬ના અંત સુધીમાં આ હિસ્સાનું મૂલ્ય વધીને $૧૩ મિલિયન થી $૬૨ મિલિયન -અંદાજે રૂા. ૧૧૦ કરોડથી રૂા.૫૨૦ કરોડથી વધુ સુધી પહોંચી ગયું હતું. એટલે અંદાજીત નફો ૫૦૦ કરોડ રૂપિયાનો ગણી શકીએ. જેમાં ટૂંકા ગાળામાં આશરે સો ગણો ઉછાળો નોંધાયો હતો.

આ ઉપરાંત, Nvidiaના પૂર્વ CEO જેન્સેન હુઆંગ અને ટ્રમ્પ વચ્ચે નજીકના સંબંધો રહ્યા છે. જે અનુસંધાને કંપનીએ ઓક્ટોબર ૨૦૨૫માં વ્હાઈટ હાઉસના બોલરૂમ પ્રોજેક્ટ માટે $૨૫ મિલિયનનું યોગદાન પણ આપ્યું હતું. જોકે, વ્હાઈટ હાઉસે સ્પષ્ટતા કરી છે કે રાષ્ટ્રપતિ પોતે શેરની ખરીદી કે વેચાણ કરતા નથી, પરંતુ સ્વતંત્ર ફાઈનાન્શિયલ મેનેજરો તેમનો પોર્ટફોલિયો સંભાળે છે. આ ખુલાસો નાના બાળકો પણ ન સ્વીકારે એવો છે.

ટ્રમ્પના મધ્ય પૂર્વના પ્રવાસ દરમિયાન સાઉદી અરેબિયાએ અમેરિકી AI કંપનીઓમાં $૬૦૦ બિલિયનના રોકાણની પ્રતિબદ્ધતા દર્શાવી હતી, જેમાં Nvidia સાથેના કરારો સૌથી મોટા હતા.કંપનીએ લાખોની સંખ્યામાં અત્યાધુનિક AI ચિપ્સ પૂરી પાડવાના કરાર કર્યા હતા, જ્યારે સાઉદી કંપની 'ડેટા વોલ્ટ' એ અમેરિકામાં AI ડેટા સેન્ટર્સ માટે $૨૦ બિલિયનના રોકાણની જાહેરાત કરી હતી. આ કરારોને ટ્રમ્પ વહીવટીતંત્રની મંજૂરી મળતા Nvidiaના બજાર મૂલ્ય અને શેરના ભાવમાં મોટો ઉછાળો આવ્યો, જેનો સીધો આર્થિક લાભ શેરધારક તરીકે ટ્રમ્પના પોર્ટફોલિયોને થયો હોવાનું વિશ્લેષકો માને છે.

ટ્રમ્પ પરિવારના વ્યવસાયો અને ખાડી દેશોના રોકાણ વચ્ચેના જોડાણ પર પણ ગંભીર પ્રશ્નો ઉભા થયા છે :

' વર્લ્ડ લિબર્ટી ફાઇનાન્શિયલ : ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પુત્રો (ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને એરિક ટ્રમ્પ) દ્વારા સહ-સ્થાપિત ક્રિપ્ટોકરન્સી કંપનીમાં સંયુક્ત આરબ અમીરાત (UAE) ના શાહી પરિવારના સભ્ય સાથે જોડાયેલી સંસ્થાએ ૪૯% હિસ્સો ખરીદવા માટે $૫૦૦ મિલિયનનું રોકાણ કર્યું હતું. ત્યારબાદ અમીરાતની AI રોકાણ કંપની MGX એ આ કંપનીના USD૧ સ્ટેબલકોઇન દ્વારા બાયનાન્સ (Binance) માં $૨ બિલિયનના રોકાણની જાહેરાત કરી હતી. આ સોદાઓના થોડા મહિનાઓમાં જ ટ્રમ્પ વહીવટીતંત્રે UAE ને પણ Nvidia ની અત્યંત આધુનિક AI ચિપ્સ ખરીદવાની મંજૂરી આપી દીધી હતી.

'જમાઈ જેરેડ કુશનરની કંપની: આ ઉપરાંત, સાઉદી અરેબિયાના સાર્વભૌમ ફંડ (PIF) દ્વારા ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનરની ઈન્વેસ્ટમેન્ટ ફર્મ 'એફિનિટી પાર્ટનર્સ' માં અગાઉથી જ $૨ બિલિયનનું રોકાણ કરવામાં આવેલું છે.

ચીની જાસૂસ પ્રેમના વિવાદને કારણે નવેમ્બર મહિનામાં NVIDIA ના શેરમાં અંદાજે ૨૪% સુધીનો ઘટાડો નોંધાયો છે, જેનાથી કંપનીના માર્કેટ વેલ્યુએશનમાં $૨ ટ્રિલિયનથી વધુનું ધોવાણ થયું છે. સિલિકોન વેલીમાં ઈલોન મસ્ક અને ટિમ સ્વીની જેવા દિગ્ગજો સહિત હજારો લોકોએ "Stand With Jensen" – 'જેન્શનની સાથે છીએ' પિટિશન પર સહી કરીને જેન્શન હુઆંગને પાછા લાવવાની માંગ કરી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ હુઆંગની વાપસીનું સમર્થન કર્યું છે, પરંતુ NVIDIA નું બોર્ડ હાલ તેમને પાછા લાવવાના પક્ષમાં નથી.

કદાચ એવું પણ બન્યું હોય કે શેરમાં આટલો મોટો ઘટાડો જે CEOના રાજીનામાને કારણે થયો છે. જો CEO ફરી વખત એપોઈન્ટ થઈ જાય તો ફરી ભાવ ઉંચકાઈ જાય. કદાચ ટ્રમ્પે આ ઘટાડેલા ભાવે ખરીદી કરી લીધી હોય તો તેઓ તેમને ફરી એપોઈન્ટ કરવા બોર્ડ પર દબાણ લાવે પણ ખરા. આ સાથે ફરી વખત બીજા ૫૦૦ કરોડ કમાઈ લે તો નવાઈ નહિ !

' યે વ્યાપારી ટ્રમ્પ હૈ ભાઈ.....કુછ ભી કરકે કમા સકતા હૈ'

પરેશ.કે.ભટ્ટ

ચીની જાસૂસ પ્રેમના વિવાદને કારણે નવેમ્બર મહિનામાં એનવિડિયાના શેરમાં અંદાજે ૨૪% સુધીનો ઘટાડો

સેફ-અનસેફ ફુડ એડિટીવ્ઝ અંગે વિસ્તૃત માહિતી

૧૯૬૦ના દાયકાના આરંભમાં ભારતમાં આર્થિક સુધારાઓ અને ઉદારીકરણનો દોર શરૂ થયો તે પછી ભારતની ગણના વિશ્વમાં એક મોટા બજાર તરીકે થવા લાગી, પરંતુ આ બજારોમાં મળતી અમૂક ખાદ્ય પ્રદાર્થ ફુડ એડિટીવ કેટલા સુરક્ષિત છે. આ પ્રકારના ફુડ એડિટીવમાં ચમકનો હોય છે. પરંતુ તેની પાછળ ખરેખર શું હોય છે ! ઘણાં વર્ષોથી આપણે ખાદ્ય પદાર્થમાં જે પ્રતિબંધીત કલરો ખાય રહ્યાં છીએ તે નીચે મુજબ છે. આ પ્રતિબંધિત કલરોને ફૂડ ઈન્ડસ્ટ્રીઝ સેફ વર્ણવી રહી છે. પરંતુ તે હેલ્થ રિસ્ક સાબિત થયેલ છે.

ઔદ્યોગિક માર્ગદર્શન

ધીરૂ પારેખ

અનસેફ આર્ટિફીશીયલ સિન્થેટિક કલરમાં બટર યેલો કલરથી ટોકસિક, લીવર કેન્સર સંભવિત બને છે. ગ્રીન-૧ કલરથી લીવર કેન્સર હકીકત બને છે. ઓરેન્જ-૧-૨ કલરથી ઓરગેન ડેમેઈજ કરે છે. રેડ-૧ કલરથી લીવર કેન્સર સંભવિત બને છે. રેડ-૩૨ કલરથી ઓરગેન ડેમેઈજ કરે છે. સુદાન-૧ કલર ટોકસિક હોય છે. વાયોલેટ-૧ કલર કેન્સર ઉપસ્થિત કરી શકે છે. યેલો-૩ કલર હાર્ટ ડેમેજ કરે છે.

નીચેના ખાદ્ય પદાર્થ વધારે પડતા વાપરવાથી અન-સેફ સાબિત થયેલ છે.

કોર્નસિરપ, ડેક્સ્ટ્રોઝ, હાઈડ્રોજીનેટેડ સ્ટાર્ચ, હાઈડ્રોજીનેટેડ વેજીટેબલ ઓઈલ, ઈનવર્ટ સુગર, લેકટીટોલ, માલટીટોલ, પોલીડેકસ્ટ્રોઝ, સોલ્ટ, સોરબિટોલ, સુગર,

* ચેતવણી :- નીચેના ખાદ્ય પદાર્થ રિસ્કી છે. પરંતુ ટેસ્ટી હોય છે. બને તો એવોઈડ કરવા.

(ક્રમશ)

અધિકારીએ ખૂટતી માહિતી યોગ્ય રીતે આકારણી વખતે જણાવવી અનિવાર્ય

GST કાયદા હેઠળ આકારણી કરવાની પધ્ધતિને ઓડિટ એસેસમેન્ટ તરીકે ઓળખાવવામાં આવી છે. ખાતાના અધિકારીને નિયત સમયમાં આકારણી પૂર્ણ કરવી પડે અને જો તે ના થાય તો તે અન્વયે આપેલી નોટિસને રદબાતલ ગણવી કે કેમ તે બાબતે ગુજરા

ગુજરાત સમાચાર
futuristic
કલ્પનાઓની દુનિયાની વાસ્તવિકતા
સોમવાર, તા. ૨૩ નવેમ્બર ૨૦૨૬

આ પેજ તમને કેવું લાગ્યું?
QR સ્કેન કરો અને તમારો અભિપ્રાય આપો.

કોડિંગ વગર ફોનથી 35 મિનિટમાં 57 AI એજન્ટ બનાવી દીધા



બેન્કિંગ, હ્યુમન રિસોર્સ, ક્લાઉડ સર્વિસ જેવા ક્ષેત્રોની કામગીરી કરતા ચેટબોટ્સ હતા

આ ટેક્નિશિયલ ઇન્ટેલિજન્સ એજન્ટ બનાવવા એ મુશ્કેલ કામ છે. કોડિંગમાં નિષ્ણાત સોફ્ટવેર ડેવલપર જ આ પ્રકારની એપ્સ બનાવી શકે છે. જો તમે પણ આવું વિચારતા હોવ તો જણાવી દઈએ કે હવે એવું રહ્યું નથી. હકીકતમાં, હૈદરાબાદમાં થયેલા એક તાજેતરના પ્રયોગે સાબિત કરી દીધું છે કે માત્ર એક સ્માર્ટફોનનો ઉપયોગ કરીને પણ AI ટૂલ બનાવી શકાય છે. ૩૮ પ્રોફેશનલ્સના એક ગ્રુપે લગભગ ૩૫ મિનિટમાં ૫૭ કામ કરતા AI એજન્ટ બનાવ્યા છે. ખાસ વાત તો એ છે કે આ માટે તેમણે ન તો કોઈ લેપટોપનો ઉપયોગ કર્યો અને ન તો કોઈ કોડ લખ્યો. તેમણે બસ પોતાના ફોનના વોટ્સએપનો ઉપયોગ કરીને AI એજન્ટ બનાવ્યા છે.

આ માટે તેમને કોઈ મુશ્કેલ સોફ્ટવેરનું સેટિંગ કરવાની જરૂર પડી ન હતી. તેમણે બસ એ લખીને જણાવ્યું કે તેમને પોતાના AI એજન્ટ પાસેથી શું કામ કરાવવું છે અને તે મેસેજને ફ્યુચર પ્રૂફ ઇન્ડિયા દ્વારા બનાવવામાં આવેલા એક વોટ્સએપ ચેટબોટ પર મોકલી દીધો. ચેટબોટે આ મેસેજને તરત જ સમજી લીધા અને તેમને કામ કરતા AI એજન્ટોમાં બદલી દીધા, સાથે જ દરેક માટે એક અલગ વેબ લિંક પણ આપી દીધી.

આ ઇવેન્ટ દરમિયાન બનાવવામાં આવેલી આ એપ્સ માત્ર સામાન્ય વાતચીત કરનારા ચેટ ટૂલ ન હતા. આ બેન્કિંગ, હ્યુમન રિસોર્સ, ક્લાઉડ સર્વિસ અને ઇન્શ્યોરન્સ જેવા ક્ષેત્રોના નિષ્ણાતો દ્વારા બનાવવામાં આવેલા એવા ઉકેલો હતા, જેમને રોજિંદી વાસ્તવિક સમસ્યાઓ હલ કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા હતા. એક પ્રોફેશનલે લોન પ્રી-સ્ક્રીનર એજન્ટ તૈયાર કર્યો.

તેલંગાણામાં દેશનું પહેલું AI પોલીસ સ્ટેશન શરૂ થશે



ફરિયાદ નોંધવાથી લઈને ચાર્જશીટ બનાવવા સુધીના મોટા કામો ટેકનોલોજી સંભાળશે

ભારતમાં સરકારી વિભાગોમાં હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. તેલંગાણામાં હૈદરાબાદ નજીક પંજાગુટ્ટા પોલીસ સ્ટેશનને ભારતના પહેલા AI આધારિત પોલીસ સ્ટેશન તરીકે તૈયાર કરવામાં આવી રહ્યું છે. અહેવાલો અનુસાર, ડિસેમ્બરમાં પાયલોટ પ્રોજેક્ટ હેઠળ ભારતના પહેલા AI પોલીસ સ્ટેશનની કામગીરી શરૂ થઈ શકે છે, જેમાં ફરિયાદ નોંધવાથી લઈને ચાર્જશીટ બનાવવા સુધીના જરૂરી કામોમાં AIનો ઉપયોગ કરવામાં આવશે. દાવો છે કે આ પોલીસ સ્ટેશનને દેશના પહેલા AI-આધારિત પોલીસ સ્ટેશન તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. પોલીસ સ્ટેશનની કામગીરીમાં AIને સામેલ કરવામાં આવી રહ્યું છે, જેથી પોલીસકર્મીઓ અને સામાન્ય નાગરિકો બંનેને ફાયદો મળે. આવનારા દિવસોમાં આ સ્ટેશનમાં ફરિયાદ નોંધવાથી લઈને કેસ ડાયરી બનાવવા, તપાસ રિપોર્ટ તૈયાર કરવા અને ચાર્જશીટ ફાઇલ કરવા જેવા કામોમાં AIનો ઉપયોગ થશે. આ પોલીસ સ્ટેશનમાં ઘણી સુવિધાઓ પહેલેથી જ શરૂ કરી દેવામાં આવી છે. આમાંથી એક છે SETU કિઓસ્ક. તેની મદદથી લગભગ ૧૦ ભાષાઓમાં આ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી શકાય છે. જે લોકો સ્થાનિક ભાષા જાણતા નથી, તેમને આ સુવિધાથી ઘણી મદદ મળે છે. આ AI સિસ્ટમ પીડિતોની ભાષાનું ત્યાંની સ્થાનિક ભાષામાં અનુવાદ કરી દે છે અને પોલીસ અધિકારીઓ સુધી ફરિયાદ પહોંચી જાય છે. આનાથી સમયની બચત થાય છે અને પોલીસ અધિકારીઓ મામલામાં સમયસર કાર્યવાહી કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, AIના ક્ષેત્રમાં ભલે મુખ્ય સ્પર્ધા અમેરિકા અને ચીન વચ્ચે હોય, પરંતુ આ ટેક્નોલોજીને અપનાવવામાં ભારત ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના ગ્લોબલ AI વાઇબ્રન્સી રિપોર્ટમાં ભારત ત્રીજા સ્થાને છે.

લોકોને ટાલ દૂર કરવા મોંઘીદાટ દવાઓ, લોશન અને સપ્લિમેન્ટ્સની પળોજણમાંથી મુક્તિની આશા

બાયોઈલેક્ટ્રોનિક ગેજેટ્સ દ્વારા માથામાં ફરી વાળ ઉગશે!

આ જના આધુનિક અને તણાવપૂર્ણ જીવનમાં વાળ ખરવા અને ટાલ પડવી એ એક અત્યંત સામાન્ય છતાં ગંભીર સમસ્યા બની ગઈ છે. વિશ્વભરમાં દર ત્રીજો વ્યક્તિ ટાલ પડવાની સમસ્યાથી પરેશાન છે, જ્યારે દર બીજો વ્યક્તિ વાળ ખરવાની ફરિયાદ કરી રહ્યો છે. જ્યારે લોકો આ સમસ્યાના નિરાકરણ માટે ડોક્ટર પાસે જાય છે, ત્યારે તેમને મોંઘીદાટ દવાઓ, લોશન અને સપ્લિમેન્ટ્સ આપવામાં આવે છે. આ દવાઓ લાંબા સમય સુધી લેવા છતાં પણ તેની કોઈ ગેરંટી હોતી નથી કે વાળ ખરેખર પાછા ઉગશે કે નહીં, અને ઘણીવાર તેની આડઅસરો પણ જોવા મળે છે. વિશ્વભરના વૈજ્ઞાનિકોએ તબીબી વિજ્ઞાન અને ટેકનોલોજીનો સમન્વય કરીને એવા ક્રાંતિકારી ઉપકરણો વિકસાવ્યા છે, જે વાળના મૂળને ફરીથી સક્રિય કરીને ટાલિયા માથા પર પણ નવા વાળ ઉગાડવાની ક્ષમતા ધરાવે છે. તાજેતરમાં જર્મની અને ચીનના સંશોધકો દ્વારા કરવામાં આવેલા બે અલગ-અલગ સંશોધનોએ હેર લોસ ટ્રીટમેન્ટની દુનિયામાં નવી આશા જગાવી છે. સૌપ્રથમ વાત કરીએ એક એવા ઉપકરણની જેના ઉપયોગ બાદ કદાચ દવાઓની જરૂર જ નહીં પડે. વૈજ્ઞાનિકોએ 'નિયોસ્ટેમ' નામનું એક ખાસ ડિવાઇસ તૈયાર કર્યું છે, જે વાળના મૂળ સાથે જોડાયેલા કોષોને ફરીથી જીવંત અને સક્રિય કરવાનું કામ કરે છે. પ્રતિષ્ઠિત મેડિકલ જર્નલ 'ડર્મેટોલોજી એન્ડ થેરાપી'માં પ્રકાશિત થયેલા સંશોધન મુજબ, આ ડિવાઇસ 'ઇલેક્ટ્રોટ્રાઇકોજેનેસિસ' નામની અત્યાધુનિક ટેકનોલોજી પર કામ કરે છે. આ ઉપકરણને એવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે કે તે માથાની ચામડી પર વીજળીના અત્યંત હળવા અને સુરક્ષિત તરંગો છોડે છે, જે સુસ્ત પડી ગયેલા કોષોને ઉત્તેજિત કરે છે. આ ટેકનોલોજીની અસરકારકતા ચકાસવા માટે જર્મનીના મ્યુન્સ્ટર શહેરમાં એક વિસ્તૃત ક્લિનિકલ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યું હતું.



૩૦ મિનિટ દરરોજ ડિવાઈસ પહેરવાના ૩ મહિનામાં સારા પરિણામ મળ્યા

આ ક્લિનિકલ ટ્રાયલના પરિણામો અત્યંત ચોંકાવનારા અને ઉત્સાહજનક રહ્યા હતા. સંશોધનમાં સામે આવ્યું કે જે પુરુષોએ દરરોજ માત્ર ૩૦ મિનિટ માટે આ ઇલેક્ટ્રિક ડિવાઇસ પહેર્યું હતું, તેમનામાં ડિવાઇસ ન પહેરનારા કે માત્ર દવાઓ લેનારા લોકોની સરખામણીમાં વાળનો વિકાસ ઘણો વધારે જોવા મળ્યો હતો. સંશોધકોએ પ્રથમ ત્રણ મહિના અને ત્યારબાદ છ મહિનાના અંતે સહભાગીઓના વાળની સ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ તપાસમાં જાણવા મળ્યું કે ઇલેક્ટ્રિક ડિવાઇસનો ઉપયોગ કરનારા ૩૮ પુરુષોમાં વાળની ઘનતા ખૂબ જ ઝડપથી વધી હતી. આંકડાકીય રીતે જોઈએ તો, તેમના માથામાં પ્રતિ ચોરસ સેન્ટિમીટર અંદાજે ૨૪.૪૦ જેટલા નવા વાળ વધારે જોવા મળ્યા હતા. માત્ર વાળની સંખ્યા જ નહીં, પરંતુ વાળની ગુણવત્તા અને મજબૂતીમાં પણ નોંધપાત્ર સુધારો થયો હતો, કારણ કે તેમના વાળની જાડાઈમાં પણ ૧૭.૦૬ ટકાનો વધારો નોંધાયો હતો.



જર્મનીનું 'નિયોસ્ટેમ' ડિવાઈસ વાળના મૂળ સાથે જોડાયેલા કોષોને ફરીથી જીવંત અને સક્રિય કરવાનું કામ કરે છે

નિયોસ્ટેમ ડિવાઈસના વિદ્યુત તરંગો કોષોને સક્રિય કરે છે

આ ઉપકરણ કેવી રીતે કામ કરે છે તેનું વિજ્ઞાન પણ ખૂબ જ રસપ્રદ છે. સાયન્સ જર્નલ 'MDPI' માં પ્રકાશિત થયેલા અહેવાલ અનુસાર, વૈજ્ઞાનિકોનું માનવું છે કે વાળનો વિકાસ માત્ર તેના મૂળ પર જ નિર્ભર નથી હોતો, પરંતુ તેની આસપાસ રહેલા કોષો અને જૈવિક પ્રક્રિયાઓ પણ તેમાં મહત્વની ભૂમિકા ભજવે છે. વાળના મૂળની આસપાસ 'ડર્મલ પેપિલા' (Dermal Papilla) નામના ખાસ કોષો આવેલા હોય છે, જે વાળના વિકાસને નિયંત્રિત કરતા સંકેતો મોકલવાનું કામ કરે છે. જ્યારે ટાલ પડવાની શરૂઆત થાય છે ત્યારે આ કોષો નિષ્ક્રિય થવા લાગે છે. નિયોસ્ટેમ ડિવાઇસમાંથી નીકળતા હળવા વિદ્યુત તરંગો સીધા આ ડર્મલ પેપિલા કોષોને સંકેત આપે છે, જેના કારણે હેર ફોલિકલની આસપાસના તમામ કોષો ફરીથી સક્રિય થાય છે અને નવા વાળ ઉગવાની પ્રક્રિયા શરૂ થાય છે.

હેર ફોલિકલ્સને રિપેર કરતો અનોખો કાંસકો ચીને વિકસાવ્યો

બીજી તરફ, ચીનના વૈજ્ઞાનિકોએ પણ વાળ ખરતા અટકાવવા અને ઝડપથી નવા વાળ ઉગાડવા માટે એક અનોખી શોધ કરી છે. ચીનના સંશોધકોએ કોઈ સામાન્ય કાંસકો નહીં, પરંતુ એક ખાસ પ્રકારનો 'બાયોઇલેક્ટ્રોનિક કાંસકો' તૈયાર કર્યો છે, જેને 'ડિટેંગલ સિસ્ટમ' (Detangle System) નામ આપવામાં આવ્યું છે. પ્રતિષ્ઠિત વિજ્ઞાન સામયિક 'નેચર કોમ્યુનિકેશન્સ'માં પ્રકાશિત થયેલા આ સંશોધન મુજબ, બેઇજિંગની બેઇહાંગ યુનિવર્સિટીના સંશોધકોએ આ અદભુત કાંસકો વિકસાવ્યો છે. આ કાંસકામાં ખાસ પ્રકારના ઇલેક્ટ્રોનિક દાંતા લગાવવામાં આવ્યા છે, જે 'હાઇટ ડિફરન્શિએટેડ ઇલેક્ટ્રોડ' અને 'ઇન્ટિગ્રેટેડ ડ્રગ લોડિંગ મોડ્યુલ'થી સજ્જ છે. વિશ્વમાં અબજો લોકોને પ્રભાવિત કરતી એન્ડ્રોજેનેટિક એલોપેસિયાની સમસ્યા સામે લડવા માટે આ ઇલેક્ટ્રિક કાંસકો એક અત્યંત શક્તિશાળી સાધન સાબિત થઈ શકે છે.

દવા અને ઈલેક્ટ્રોનિક શોકનો બેવડો ઉપયોગ કરવામાં આવ્યો

ચીની વૈજ્ઞાનિકો દ્વારા બનાવવામાં આવેલા આ કાંસકાની કાર્યપદ્ધતિ અત્યંત વૈજ્ઞાનિક અને અસરકારક છે. આ કાંસકામાં અલગ-અલગ લંબાઈના દાંતા એવી રીતે ગોઠવવામાં આવ્યા છે કે જ્યારે માથામાં કાંસકો ફેરવવામાં આવે છે, ત્યારે તે એક 'પલ્સ્ડ ઇલેક્ટ્રિક ફિલ્ડ' ઉત્પન્ન કરે છે. સંશોધકોના જણાવ્યા અનુસાર, દાંતાની લંબાઈમાં રહેલા તફાવતને કારણે જે ઇલેક્ટ્રિક ફિલ્ડ બને છે, તે એક જ લાઇનમાં રહેલા સમાન દાંતાવાળા ઉપકરણ કરતાં ૨.૬૩ ગણું વધુ મજબૂત હોય છે. આ ડિટેંગલ સિસ્ટમ બેવડી રીતે કામ કરે છે : પ્રથમ, તેમાંથી નીકળતા ઇલેક્ટ્રિકલ પલ્સ નબળા પડી ગયેલા હેર ફોલિકલ્સને રિપેર કરીને વાળના વિકાસને વેગ આપે છે અને બીજું, તેમાં રહેલી ડ્રગ-ડિલિવરી સિસ્ટમ થેરાપ્યુટિક મોલેક્યુલ્સ એટલે કે દવાઓને ત્વચાના ઊંડા સ્તરો સુધી સીધા જ હેર ફોલિકલ એરિયામાં પહોંચાડે છે, જેનાથી દવાની અસર અનેકગણી વધી જાય છે. હાલમાં આ ઇલેક્ટ્રિક કાંસકાનું પરીક્ષણ ઉંદરો પર કરવામાં આવ્યું છે, જેના પરિણામો અત્યંત આશ્ચર્યજનક રહ્યા છે. સાયન્સ એલર્ટના એક અહેવાલ મુજબ, ટેસ્ટોસ્ટેરોન હોર્મોનના કારણે વાળ ગુમાવી ચૂકેલા નર ઉંદરો પર ૨૮ દિવસ સુધી આ પ્રયોગ કરવામાં આવ્યો હતો.

માઈક્રો કરન્ટ ઉપર વર્ષોથી થતાં સંશોધનનું હકારાત્મક પરિણામ મળ્યું


આ ટેકનોલોજી પર સંશોધન રાતોરાત નથી થયું, પરંતુ તેની પાછળ વર્ષોની મહેનત રહેલી છે. વર્ષ ૨૦૨૬ પહેલાં, મે ૨૦૨૫માં પણ આ ડિવાઇસ પર એક પ્રારંભિક ક્લિનિકલ ટ્રાયલ કરવામાં આવ્યું હતું, જે 'જર્નલ ઓફ કોસ્મેટિક ડર્મેટોલોજી'માં પ્રકાશિત થયું હતું. તે સમયે માત્ર ૨૧ લોકો પર પ્રયોગ કરવામાં આવ્યો હતો અને તેમાં વાળની ઘનતામાં ૧૯.૩ ટકા સુધીનો વધારો જોવા મળ્યો હતો, પરંતુ સેમ્પલ સાઇઝ નાની હોવાથી તેને સંપૂર્ણપણે પ્રભાવી માનવામાં આવ્યું ન હતું. આ ઉપરાંત, અગાઉ દક્ષિણ કોરિયાના વૈજ્ઞાનિકોએ પણ માઇક્રો કરંટ પર સંશોધન કર્યું હતું, જેમાં ઉંદરો પર પ્રયોગ કરીને સાબિત કરવામાં આવ્યું હતું કે માઇક્રો કરંટ આપવાથી કોષોમાં વૃદ્ધિ થાય છે અને વાળના વિકાસ માટે જરૂરી ગ્રોથ ફેક્ટર્સ સક્રિય થાય છે. જર્મનીના તાજેતરના મોટા ટ્રાયલે હવે માનવો પર પણ આ વાતને સફળતાપૂર્વક સાબિત કરી બતાવી છે.



વૈજ્ઞાનિકોએ સ્પેસ ડસ્ટની મદદથી નેપ્ચૂનની પાર પાણીના પુરાવા શોધ્યા

નાસાના ઈઆર-૨ નામના વિમાને અંતરીક્ષમાંથી ૧૨ ખૂબ સુક્ષ્મ કણો એકઠા કર્યા. સંશોધકોએ વર્ષોના અભ્યાસ પછી તારણ આપ્યું કે આ ધૂળ નેપ્ચૂનની પેલે પાર કુઇપર બેલ્ટમાંથી આવી છે

અંતરીક્ષની ધૂળ એ માત્ર રજકણ નથી. એમાંથી જ્યાં માણસ જઈને સેમ્પલ મેળવી શકે તેમ નથી એવા વિસ્તારના પુરાવા પણ મળે છે. સુક્ષ્મ ધૂળથી પણ મોટું રહસ્ય ખુલી શકે છે



નેપ્ચ્યૂન : સૌરમંડળનો સૌથી દૂરનો ગ્રહ

આપણી સૂર્યમાળાનો દૂરનો ગ્રહ નેપ્ચૂન છે. તેને આઠમો ગ્રહ ગણવામાં આવે છે. સૂર્યનો પ્રકાશ ન પહોંચતો હોવાથી આ ગ્રહ થીજેલો રહે છે. તે સૂર્યથી ૪૪.૯૭ લાખ કિલોમીટર દૂર છે અને તેને સૂર્યની પ્રદક્ષિણા કરતા ૧૬૪.૮૦ પૃથ્વી-વર્ષ લાગી જાય છે. નેપ્ચૂન પૃથ્વીનું એક ચક્કર લગાવે ત્યાં સુધીમાં પૃથ્વી પર પેઢીઓ બદલાઈ જાય છે! ખૂબ જ દૂર હોવાથી તેના પર ઓછામાં ઓછું સંશોધન થઈ શક્યું છે. એની પેલે પાર શું છે તે બાબતે પણ અનેક અટકળો થતી રહે છે. ત્યાંથી સેમ્પલ મેળવી શકાય એટલી ટેકનોલોજી હજુ વિકસી શકી નથી. માણસે બનાવેલો એક માત્ર પદાર્થ નેપ્ચૂન પાસેથી પસાર થયો છે, એ છે વોયેજર-૨. ૧૯૮૯માં નેપ્ચૂન પાસેથી પસાર થયેલા વોયેજર-૨ની માહિતી પછી માણસની આ ગ્રહનું જ્ઞાન વધ્યું હતું. નેપ્ચૂન સુધી પહોંચતા બાર વર્ષ લાગે. એટલે માણસે ત્યાં પહોંચવા માટે હજુ રાહ જોવી પડશે.

નેપ્ચ્યુન પારના પ્રાચીન બરફનો પુરાવો

અબજો વર્ષ પહેલાં જ્યારે આપણા સૌરમંડળના ગ્રહો બની રહ્યા હતા, ત્યારે પાણી અને અન્ય પદાર્થો ક્યાં અને કેવી રીતે વહેંચાયેલા હતા? આ પ્રશ્નનો જવાબ શોધવામાં નાસાના વૈજ્ઞાનિકોને મહત્ત્વની સફળતા મળી છે. સંશોધકોએ નેપ્ચૂન ગ્રહની પાર આવેલા કુઇપર બેલ્ટમાં પ્રાચીન બરફનો ભંડાર હોવાના નક્કર પુરાવા મેળવ્યા છે. કુઇપર બેલ્ટ એ નેપ્ચૂનની કક્ષાની બહારનો વિશાળ વિસ્તાર છે, જે સૌરમંડળના પ્રારંભિક ઇતિહાસના બચેલા બર્ફીલા અને રેતાળ પદાર્થોનું ઘર છે. આ સંશોધન સાયન્સ એડવાન્સિસ જર્નલમાં પ્રકાશિત થયું છે.

સૂક્ષ્મ ધૂળના કણોએ કેવી રીતે ખોલ્યું રહસ્ય?

વૈજ્ઞાનિકોએ સ્ટ્રેટોસ્ફિયરમાંથી એકત્ર કરાયેલા ધૂળના માત્ર ૧૨ અતિ સૂક્ષ્મ કણોનું વિશ્લેષણ કર્યું. આ કણો નાસાના ખાસ ઊંચાઈએ ઉડતા સંશોધન વિમાન ઈઆર-૨ દ્વારા એકઠા કરવામાં આવ્યા હતા. વૈજ્ઞાનિકોએ આ કણો પર સૂર્યમાંથી આવતા ઉચ્ચ ઊર્જાના કણો દ્વારા પડેલા નિશાનોની તપાસ કરી, જેના પરથી સાબિત થયું કે આ ધૂળ કુઇપર બેલ્ટમાંથી આવી છે. હ્યુસ્ટન સ્થિત નાસાના જોન્સન સ્પેસ સેન્ટરના સંશોધકોએ અત્યાધુનિક ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપથી આ કણોના ખનિજોની તપાસ કરી, જ્યારે કેલિફોર્નિયાની યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ આયન માઇક્રોપ્રોબની મદદથી તેમાં રહેલા ઓક્સિજનનું માપન કર્યું. આ તપાસમાં મળેલા ખનિજો અબજો વર્ષ પહેલાં સૌરમંડળના શરૂઆતના સમયમાં ધૂળ અને પાણીના સંપર્કમાં આવવાથી બન્યા હતા. આ પ્રાચીન પાણીમાં ભારે ઓક્સિજન એટલે કે ટેકનિકલ ભાષામાં જેને ઓક્સિજન આઇસોટોપ કહે છે તેનું પ્રમાણ અસામાન્ય વધારે હતું. ઓક્સિજનના પરમાણુમાં ન્યુટ્રોનની સંખ્યાના આધારે તેના અલગ-અલગ સ્વરૂપો હોય છે, જેની મદદથી વૈજ્ઞાનિકો કોઈ પદાર્થ ક્યાંથી આવ્યો અને સમય જતાં તેમાં કેવા ફેરફારો થયા તે જાણી શકે છે.

સૌરમંડળના દૂરના વિસ્તારની જાણકારી

વૈજ્ઞાનિકો દાયકાઓથી માનતા હતા કે બાહ્ય સૌરમંડળમાં ભારે ઓક્સિજન ધરાવતો બરફ રહેલો છે. અગાઉ ઉલ્કાપિંડો અને કાર્બનયુક્ત એસ્ટરોઇડ્સના નમૂનાઓમાંથી આ અંગે કેટલાક સંકેતો મળ્યા હતા, પરંતુ નક્કર પુરાવા મેળવવાનું કામ મુશ્કેલ હતું. તેનું કારણ એ હતું કે પૃથ્વી પર મળતા મોટા ભાગના અંતરીક્ષના ખડકો સૂર્યની નજીકના વિસ્તારોમાંથી આવે છે. ઓક્સિજન આઇસોટોપની સરખામણી માટે નાસાના જેનેસિસ મિશનના માપનોને સંદર્ભ તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યા હતા. આ નવા તારણો દર્શાવે છે કે કુઇપર બેલ્ટમાં રહેલા પાણીયુક્ત પદાર્થો સૌરમંડળના પદાર્થોથી મોટા ભાગે અલગ રહ્યા હતા. વિશાળ ગ્રહોના નિર્માણે એક અવરોધ તરીકે કામ કર્યું હશે, જેના કારણે બાહ્ય સૌરમંડળના પદાર્થો અંદરની તરફ આવતા અને ભળતા અટક્યા હશે. આ સંશોધન બતાવે છે કે શરૂઆતના સૌરમંડળમાં પાણી એકસરખી રીતે વહેંચાયેલું કે ભળેલું નહોતું. આનાથી સૌરમંડળના વિવિધ ભાગોનું રાસાયણિક બંધારણ કેમ અલગ છે અને ગ્રહોના નિર્માણમાં વિવિધ વિસ્તારોના પદાર્થોએ કેવો ફાળો આપ્યો તે સમજવામાં મદદ મળશે.

અંતરીક્ષની શોધમાં આનાથી શું ફરક પડશે?

અંતરીક્ષ સંશોધનની દૃષ્ટિએ આ શોધ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તે સાબિત કરે છે કે પૃથ્વી સુધી પહોંચતા ધૂળના સૂક્ષ્મ કણો એવા દૂરના વિસ્તારોની મહત્ત્વપૂર્ણ માહિતી સાચવી રાખે છે, જ્યાં સુધી હજુ કોઈ અંતરીક્ષયાન સીધા નમૂના લેવા માટે પહોંચ્યું નથી. આ સંશોધન સૌરમંડળના વિશાળ ઇતિહાસની તપાસ કરવાનો એક નવો માર્ગ ખોલે છે, જેમાં સૂક્ષ્મ અંતરીક્ષ ધૂળનો ઉપયોગ તેના દૂરના ભૂતકાળના પુરાવા તરીકે કરી શકાય છે. પરિણામે, માત્ર ઉલ્કાપિંડો કે નજીકના એસ્ટરોઇડ્સ પર આધાર રાખવાને બદલે વૈજ્ઞાનિકો હવે પૃથ્વીના વાતાવરણમાંથી મળતી આવી ધૂળ દ્વારા બાહ્ય સૌરમંડળ અને ગ્રહોની ઉત્પત્તિના રહસ્યોને વધુ સારી રીતે ઉકેલી શકશે.

સ્પેસ ડસ્ટ : તેરી ખુશ્બૂ કા પતા કરતી હૈ!

માણસ નેપ્ચૂન સુધી ન પહોંચે ત્યારે નેપ્ચૂનથી કંઈક માણસ સુધી પહોંચે તો કંઈક જાણકારી મળી શકે. નેપ્ચૂનથી એવું તો શું માણસને હાથ લાગી શકે? સંશોધકો પાસે જવાબ હતો - સ્પેસ ડસ્ટ, અંતરીક્ષની ધૂળ. અંતરીક્ષ તો ધૂળની ડમરીઓથી ભરેલું છે. ચારે તરફ માત્ર ધૂળની ડમરીઓ જ ફેલાયેલી છે. એમાંથી સંશોધકોએ કેટલાક સેમ્પલ એકઠા કરીને ચકાસણી કરી. સુક્ષ્મ ધૂળની વિગતવાર તપાસ કરી તો એમાંથી નેપ્ચૂન આસપાસના વાતાવરણની જાણકારી મળી. દુનિયામાં આવું પહેલી વખત બન્યું કે પૃથ્વીના વાતાવરણની પાર ઊંડી ભ્રમણકક્ષામાંથી મેળવેલા સેમ્પલનો અભ્યાસ થયો ને એમાંથી ૪૫ લાખ કિલોમીટર દૂરની જાણકારી મળી! સ્પેસ ડસ્ટે નેપ્ચૂન નજીકની એવી જાણકારી સાચવી રાખી હતી કે જેના કારણે માણસ કહી શકે છે : તેરી ખુશ્બૂ કા પતા કરતી હૈ, મુજપે અહેસાન ડસ્ટ કરતી હૈ!

ગુજરાત સમાચાર
Business plus
સોમવાર તા.૨૩ નવેમ્બર ૨૦૨૫

તમિળનાડુ સરકારે આંધ્રપ્રદેશને રોકાણ સંબંધિત ખાનગી વિગતો લીક કરવાના આરોપસર તેના ૧૫ વરિષ્ઠ અધિકારીઓને બરતરફ કર્યા

દક્ષિણના રાજ્યો વચ્ચે FDI માટે 'ઇન્વેસ્ટમેન્ટ વોર'

સોશ્યલ નેટવર્ક ટુ સ્પાય નેટવર્ક

વિદેશી રોકાણ પોતાના રાજ્યમાં ખેંચવા દક્ષિણના રાજ્યો વચ્ચેની કોલ્ડ વોર વારંવાર સપાટી પર આવે છે. ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ કરતી કંપનીઓ કોઈ પણ રાજ્યને રોકાણ માટે પસંદગી કરતા પહેલાં નફાની શક્યતા, સુરક્ષા અને બિઝનેસ કરવાની સરળતા (Ease of Doing Business) જેવા અનેક મહત્વના પરિબળો તપાસે છે. દક્ષિણ ભારતના ૪ રાજ્યો કર્ણાટક, તમિળનાડુ, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના શાસકો વિદેશી રોકાણ મેળવવા એક બીજાની ટીકા પણ કરે છે અને તે માટે જાહેરમાં બાખડી પડતાં પણ ખચકાતા નથી.

એફડીઆઈ માટેની કોલ્ડ વોર રસપ્રદ એટલા માટે પણ બની છે કે ત્યાં ત્રણ રાજ્યોમાં કોંગ્રેસ છે તો આંધ્ર પ્રદેશમાં એનડીએની સરકાર છે. તમિળનાડુમાં ટીવીકેના વિજય જોસેફની સરકાર કોંગ્રેસના ટેકાથી ચાલે છે. જોકે એફડીઆઈ ખેંચી લાવવામાં ચારેય રાજ્યો વિવિધ સવલતોની લાલજાજમ બિછાવી રહ્યા હોવાનું દેખાઈ આવે છે.

આંધ્રપ્રદેશ, તમિળનાડુ, તેલંગાણા અને કર્ણાટક વચ્ચે વિદેશી સીધા રોકાણ અને મોટા ટેકનોલોજી સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સ આકર્ષવા માટે તીવ્ર 'ઇન્વેસ્ટમેન્ટ વોર' ચાલી રહી છે. આંધ્રપ્રદેશના નારા લોકેશ અને કર્ણાટકના પ્રિયાંક ખડગે વચ્ચે સોશિયલ મીડિયા અને જાહેર નિવેદનો દ્વારા ચર્ચામાં આવ્યો છે. તમિળનાડુમાં તો રોકાણોની માહિતી લીક કરનાર ૧૫ જેટલા અધિકારીઓને સસ્પેન્ડ કરાયા તે પરથી ખ્યાલ આવશે કે દક્ષિણના રાજ્યો એક બીજાના વિદેશી રોકાણોની માહિતી મેળવવા માટે પણ સ્પાય રોકતા હોય છે. વિદેશી રોકાણોમાં કેન્દ્ર સરકારની ભૂમિકા પણ મહત્વની હોય છે. કેન્દ્ર સરકારની સીધી ચંચુપાત નથી હોતી પણ કેન્દ્ર (DPIIT અને RBI દ્વારા) સમગ્ર દેશ માટે વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI)ની નીતિઓ, નિયમો અને કરાર નક્કી કરે છે. ઘણા ક્ષેત્રોમાં 'ઓટોમેટિક રૂટ' હેઠળ રોકાણકારો પોતાની પસંદગી મુજબ રોકાણ કરી શકે છે. વિદેશી રોકાણકારો સામાન્ય રીતે રાજ્યનું માળખાગત સુવિધા, ઔદ્યોગિક વાતાવરણ, નીતિઓ અને બજારની તકો જોઈને કયા રાજ્યમાં રોકાણ કરવું તે નક્કી કરે છે. દરેક રાજ્ય સરકાર પોતાના રાજ્યમાં વધુ FDI આવે તે માટે પ્રયત્નો કરે છે અને સ્થાનિક સ્તરે જરૂરી મંજૂરીઓ તથા પ્રોત્સાહનો આપે છે. જોકે, કેટલાક ખાસ રાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ, વિશેષ યોજનાઓ અથવા દ્વિપક્ષીય કરારો કે એમઓયુ હેઠળ ચોક્કસ સ્થળોએ રોકાણને પ્રોત્સાહન મળી શકે છે

ભારતમાં વિદેશી સીધા રોકાણ ને આકર્ષવા માટે જેમ દક્ષિણ ભારતના રાજ્યો વચ્ચે હૂંસાતૂંસી ચાલે છે એમ પશ્ચિમના રાજ્યો મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચે પણ તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે.

તાજેતરના આંકડાઓ અને અહેવાલો મુજબ, દક્ષિણના રાજ્યો વધુ FDI ખેંચી લાવવા માટે નીચે મુજબની ખાસ વ્યૂહરચનાઓ અને પગલાં અપનાવી રહ્યા છે જેમાં ભારે સબસિડી અને નાણાકીય પ્રોત્સાહનો અપાય છે. આંધ્રપ્રદેશ જેવા રાજ્યો સેમિકન્ડક્ટર અને ચિપ ઉત્પાદન એકમો સ્થાપવા માટે કેન્દ્ર સરકાર જેટલી જ એટલે કે ૮૦% સુધીની કેપિટલ સપોર્ટ (મૂડી સહાય) ઓફર કરી રહ્યા છે, જેથી કંપનીઓનો શરૂઆતનો ખર્ચ ઘટાડી શકાય.

જમીન અને કરમાં રાહત. તિરુપતિમાં ૫,૦૦૦ એકરના પાર્ક જેવા વિશાળ ઇન્ડસ્ટ્રિયલ પાર્ક બનાવીને સસ્તા દરે જમીન, વીજળી અને ટેક્સમાં મોટી છૂટછાટો આપવામાં આવી રહી છે.

દક્ષિણના રાજ્યોના ઉદ્યોગ મંત્રીઓ અને મુખ્યમંત્રીઓ દાવોસ (WEF) જેવી વૈશ્વિક પરિષદોમાં ભાગ લેવા ઉપરાંત દક્ષિણ કોરિયા, જાપાન અને અમેરિકા જેવા દેશોની સીધી મુલાકાત લઈ રહ્યા છે. તમિળનાડુ અને આંધ્રપ્રદેશ જેવા રાજ્યો વિદેશી કંપનીઓને (જેમ કે Hyundai) શિપબિલ્ડિંગ અને ઓટોમોબાઈલ સેક્ટરમાં રોકાણ કરવા માટે ત્વરિત મંજૂરી અને સંપૂર્ણ સહકારની ખાતરી આપી રહ્યા છે.

કર્ણાટક (ખાસ કરીને બેંગલુરુ) અને તમિળનાડુએ આઈટી, સોફ્ટવેર, અને બહુરાષ્ટ્રીય કંપનીઓના રિસર્ચ સેન્ટર્સ (GCC) માટે મજબૂત ઈકોસિસ્ટમ ઊભી કરી છે. ભારતમાં આવતા કુલ FDIમાં મેન્યુફેક્ચરિંગ કરતાં સર્વિસ અને ટેકનોલોજી સેક્ટરનો હિસ્સો વધ્યો છે, રોકાણમાં પોતાનો હિસ્સો સતત વધારી રહ્યા છે.

આંધ્ર પ્રદેશ અને કર્ણાટક એટલા માટે બાખડી રહ્યા છે કે કર્ણાટકને સાઈડમાં

કોર્પોરેટ પ્લસ

ગણેશ દત્તા

ધકેલીને ગુગલનો ૧૫ અબજ ડોલરનો પ્રોજેક્ટ આંધ્રમાં ઉભો કરાઈ રહ્યો છે. કર્ણાટક એમ માનતું હતું કે ઇન્ટરનેટ ટેકનોલોજી જાયન્ટ કંપની ગુગલ કર્ણાટકને પસંદ કરશે પરંતુ તેણે ૧૫ અબજ ડોલરના AI હબ પ્રોજેક્ટ માટે આંધ્રનું વિશાખા પટનમ પસંદ કર્યું હતું. કર્ણાટકનો બીજો ધક્કો એરોસ્પેસ અને ડિફેન્સ પાર્કના કારણે વાગ્યો હતો. કર્ણાટકમાં દેવનહલ્લી પાસે ખેડૂતોના વિરોધને કારણે જમીન સંપાદન અટકી પડતાં, આંધ્રપ્રદેશે કંપનીઓને અનંતપુરમાં રોકાણ કરવા ખુલ્લું આમંત્રણ આપ્યું હતું.

બેંગલુરુની ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમસ્યાઓની યાદી આંધ્રના પ્રધાન નારા લોકેશે સમાચાર માધ્યોમાં ફેરવી રહ્યા છે. બેંગલુરુના ટ્રાફિક અને નબળા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર કટાક્ષ કરીને સ્ટાર્ટઅપ્સ અને ટેક કંપનીઓને આંધ્રપ્રદેશ આવવા આકર્ષવાનો પ્રયાસ કર્યો હતો. એક તબક્કે તો તેમણે બેંગલોરમાં પોસ્ટરો -બેનરો માર્યા હતા કે ટ્રાફિક સમસ્યાથી ધંધાને નુકશાન કરવાના બદલે આંધ્રપ્રદેશમાં કારખાના ઉભા કરો. વિદેશી રોકાણ આવવાની સાથે રોજગારી પણ લાવે છે. જેના કારણે રોકાણકારોને આકર્ષવા વિવિધ રાહત સ્કીમો અને માળખાકીય સુવિધાઓ જેવીકે પરિવહન અને બદરો વગેરે. કંપનીઓ એવું રાજ્ય પસંદ કરે છે જ્યાં સારા રસ્તાઓ, રેલવે નેટવર્ક, એરપોર્ટ અને માલસામાનની આયાત-નિકાસ માટે આધુનિક બંદરો ઉપલબ્ધ હોય.

વીજળી અને પાણી. ઉદ્યોગો ચલાવવા માટે ૨૪ કલાક સતત વીજળી અને પૂરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો હોવો ખૂબ જ જરૂરી છે.

ઇન્ડસ્ટ્રીયલ પાર્ક અને SEZ. સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (SEZ) અને તૈયાર ઔદ્યોગિક વસાહતો ધરાવતા રાજ્યો રોકાણકારોની પ્રથમ પસંદ બને છે.

સરકારી નીતિઓ અને પ્રોત્સાહનો મહત્વના બની જાય છે. ટેક્સમાં રાહત અને સબસિડી. જે રાજ્ય સરકાર જમીન ખરીદી પર સબસિડી, સ્ટેમ્પ ડ્યુટીમાં માફી અને ટેક્સમાં રાહત આપે છે ત્યાં વિદેશી કંપનીઓ વધુ આકર્ષાય છે.

સિંગલ વિન્ડો ક્લિયરન્સ. ઉદ્યોગ શરૂ કરવા માટે જરૂરી તમામ સરકારી મંજૂરીઓ એક જ જગ્યાએથી અને ઝડપથી મળી રહે તેવી વ્યવસ્થા કંપનીઓનો સમય બચાવે છે. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત હોય અને સરકારની નીતિઓ લાંબા ગાળા સુધી સ્થિર રહેતી હોય તો રોકાણકારો સુરક્ષિતા અનુભવે છે. જીવનધોરણ અને શહેરી વિકાસ રહેવાની સુવિધા વગેરે વિદેશી કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ અને તેમના પરિવારો માટે સારી શાળાઓ, આધુનિક હોસ્પિટલો અને સુરક્ષિત શહેરી વાતાવરણ હોવું પણ પસંદગીમાં મહત્વનો ભાગ ભજવે છે. ઉદાહરણ તરીકે ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજ્યો આ તમામ સુવિધાઓ, મજબૂત બંદરો, શાંતિપૂર્ણ વાતાવરણ અને ઉદ્યોગલક્ષી નીતિઓને કારણે સૌથી વધુ FDI આકર્ષવામાં સફળ રહ્યા છે.

આંધ્રપ્રદેશ અને કર્ણાટક વચ્ચે વિદેશી સીધા રોકાણ અને મોટા ટેક પ્રોજેક્ટ્સ આકર્ષવા માટે તીવ્ર રાજકીય અને અધિકારી ક્ષેત્રની પેંતરાબાજી ચાલતી હતી પરંતુ તમિળનાડુની સરકારને અંધારામાં રાખીને તેના નવા રોકાણોના પ્રોજેક્ટોની વિગત આંધ્ર પ્રદેશ સુધી પહોંચી જતી હતી. તમિળનાડુના રોકાણની વિગતો આંધ્રને લીક કરવામાં આવી હતી અને તેના પગલે તપાસ વચ્ચે ૧૫ અધિકારીઓ બરતરફ કરવામાં આવ્યા તે કિસ્સો બહુ ચોંકાવનારો છે. વિદેશી રોકાણની માહિતી પ્રતિસ્પર્ધી એવા નજીકના રાજ્યમાં આપવી ભલે કોઈ ગુનો ના હોય પરંતુ પોતાના રાજ્ય સાથે તે ગદ્દારી કહી શકાય.

જોસેફ વિજયની આગેવાની હેઠળની તમિળનાડુ સરકારે આંધ્રપ્રદેશને રોકાણ સંબંધિત ખાનગી વિગતો લીક કરવાના આરોપસર તેની રોકાણ પ્રમોશન એજન્સી 'ગાઈડન્સ તમિલનાડુ' ના ૧૫ વરિષ્ઠ અધિકારીઓને બરતરફ કર્યા હોવાના અહેવાલ છે, જેના કારણે રાજકીય વિવાદ પણ ઊભો થયો છે. આ વિવાદે રાજકીય વળાંક લીધો છે, કારણ કે કેટલાક અધિકારીઓની નિમણૂક અગાઉના AIADMK શાસન દરમિયાન થઈ હતી અને તેમને અગાઉની DMK સરકાર હેઠળ પણ યથાવત રાખવામાં આવ્યા હતા. આ ઘટનાક્રમથી એવા સવાલો ઊભા થયા છે કે શું જોસેફ વિજયની આગેવાની હેઠળની સરકાર દ્વારા જે રોકાણો માટે પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા તેની ગોપનીય માહિતી આંધ્રપ્રદેશને પહોંચાડવામાં આવી હતી, ખાસ કરીને એવા આક્ષેપો વચ્ચે કે શરૂઆતમાં તમિળનાડુમાં આવવાની અપેક્ષા ધરાવતા કેટલાક પ્રોજેક્ટ્સ આખરે આંધ્રપ્રદેશમાં જતા રહ્યા હતા.

શંકાસ્પદ લીકમાં રોકાણની સુવિધા માટે જરૂરી સંવેદનશીલ માહિતી સામેલ હતી, જેમાં તમિળનાડુ સરકાર અને રાજ્યમાં કામગીરી શરૂ કરવાનું વિચારી રહેલી વિદેશની કંપનીઓ વચ્ચે વહેંચાયેલી વિગતોનો સમાવેશ થાય છે. આ માહિતી કથિત રીતે આંધ્રપ્રદેશના અધિકારીઓને પહોંચાડવામાં આવી હતી. બરતરફ કરાયેલા અધિકારીઓમાંથી ત્રણ અધિકારીઓ હવે આંધ્રપ્રદેશ સરકાર સાથે કામ કરી રહ્યા હોવાનું સામે આવ્યા બાદ આ વિવાદ વધુ ઘેરો બન્યો છે, જેનાથી બંને પક્ષો વચ્ચે માહિતીની કથિત આપ-લે અંગે શંકાઓ વધી છે.

ગુજરાતે શરૂ કરેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું અનુકરણ દરેક રાજ્યો કરી રહ્યા છે. વિદેશી રોકાણ રોજગારી પણ ખેંચી લાવે છે તે હકીકતથી દરેક મુખ્યપ્રધાનો વાકેફ છે.



ડી.કે. શિવકુમાર | એ.આર. રેડ્ડી | ચન્દ્રા બાબુ નાયડુ | જોસેફ વિજય

આંધ્રપ્રદેશ જેવા રાજ્યો સેમિકન્ડક્ટર અને ચિપ ઉત્પાદન એકમો સ્થાપવા માટે કેન્દ્ર સરકાર જેટલી જ એટલે કે ૮૦% સુધીની કેપિટલ સપોર્ટ (મૂડી સહાય) ઓફર કરી રહ્યા છે, જેથી કંપનીઓનો શરૂઆતનો ખર્ચ ઘટાડી શકાય

પાંચ મોટા FDI પ્રોજેક્ટ બંધ કરવા પડ્યા



ભારતમાં સ્થાનિક લોકોના ઉગ્ર વિરોધ, પર્યાવરણીય ચિંતાઓ અને જમીન સંપાદનના વિવાદોને કારણે ઘણા મોટા વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) પ્રોજેક્ટ્સ બંધ કરવા પડ્યા છે અથવા રદ કરવામાં આવ્યા છે.

૧. પોસ્કો (POSCO) સ્ટીલ પ્લાન્ટ, ઓડિશા

દક્ષિણ કોરિયાની સ્ટીલ કંપની પોસ્કો દ્વારા ઓડિશાના જગતસિંહપુર જિલ્લામાં લગભગ ૧૨ બિલિયન ડોલર (આંજે રૂ.૫૨,૦૦૦ કરોડ)ના ખર્ચે સ્ટીલ પ્લાન્ટ સ્થાપવાની યોજના હતી. તે સમયનું આ ભારતનું સૌથી મોટું FDI રોકાણ ગણાતું હતું. વિરોધનું કારણ. સ્થાનિક ખેડૂતો અને માછીમારોએ ફળદ્રુપ જમીન, પાનની ખેતી અને આજીવિકા છીનવાઈ જવાના ડરથી 'પોસ્કો પ્રતિરોધ સંગ્રામ સમિતિ' હેઠળ ૧૨ વર્ષ સુધી ઉગ્ર આંદોલન ચલાવ્યું. જમીન સંપાદન ન થઈ શકવાને કારણે અને પર્યાવરણીય મંજૂરીના વિવાદો બાદ ૨૦૧૭માં કંપનીએ સત્તાવાર રીતે આ પ્રોજેક્ટ રદ કરી દીધો.

૨. વેદાંતા (Vedanta) નિયમગિરી બોક્સાઈટ માઇનિંગ, ઓડિશા

યુકે સ્થિત બહુરાષ્ટ્રીય કંપની વેદાંતા રિસોર્સિસ દ્વારા ઓડિશાની નિયમગિરી ટેકરીઓમાં ૨ બિલિયન ડોલરના ખર્ચે બોક્સાઈટ ખાણકામ પ્રોજેક્ટ શરૂ કરવાનો હતો.

વિરોધનું કારણ. સ્થાનિક 'ડોંગરિયા કોંધ' આદિવાસી સમુદાય માટે નિયમગિરી પર્વત પવિત્ર ધા મક સ્થળ છે. ખાણકામથી જંગલો અને નદીઓ નષ્ટ થવાની ભીતિ હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ૨૦૧૩માં યોજાયેલી તમામ ૧૨ ગ્રામસભાઓએ આ પ્રોજેક્ટ વિરુદ્ધ મતદાન કર્યું, જેના કારણે કેન્દ્ર સરકારે પ્રોજેક્ટની મંજૂરી રદ કરી.

૩. સ્ટરલાઈટ કોપર પ્લાન્ટ (Sterlite Copper), તમિલનાડુ

વેદાંતા ગ્રુપની પેટાકંપની સ્ટરલાઈટ કોપરનો તમિલનાડુના થૂથુકુડી (ટુટીકોરિન) ખાતે મોટો કોપર સ્મેલ્ટિંગ પ્લાન્ટ કાર્યરત હતો.

પ્લાન્ટમાંથી થતા વાયુ અને ભૂગર્ભજળના પ્રદુષણ તેમજ ગંભીર બીમારીઓના આરોપો સાથે સ્થાનિક લોકોએ લાંબો સમય આંદોલન કર્યું. ૨૦૧૮માં પ્લાન્ટના વિસ્તરણ સામે વિરોધ પ્રદર્શન હિંસક બન્યું હતું.

પરિણામ. ભારે જનઆક્રોશને પગલે તમિલનાડુ સરકારે મે ૨૦૧૮માં આ પ્લાન્ટને કાયમી ધોરણે બંધ કરવાનો અને સીલ કરવાનો આદેશ આપ્યો હતો.

૪. એનરોન (Enron) દાભોલ પાવર પ્રોજેક્ટ, મહારાષ્ટ્ર

અમેરિકન કંપની એનરોન અને અન્ય વિદેશી ભાગીદારો દ્વારા મહારાષ્ટ્રના રત્નાગિરી જિલ્લામાં ૩ બિલિયન ડોલરના ખર્ચે વીજ મથક સ્થાપવામાં આવી રહ્યું હતું. જમીન સંપાદન, વિસ્થાપન, પર્યાવરણીય નુકસાન અને વીજળીના ઊંચા દરોને કારણે સ્થાનિક ગ્રામજનો અને સામાજિક સંગઠનોએ ઉગ્ર વિરોધ કર્યો.

પરિણામ. સ્થાનિક વિરોધ, રાજકીય દબાણ અને નાણાકીય વિવાદોને કારણે પ્રોજેક્ટનું કામ અટકી ગયું અને અંતે મૂળ વિદેશી કંપની આ પ્રોજેક્ટમાંથી બહાર નીકળી ગઈ હતી.

૫. ડાઉ કેમિકલ્સ (Dow Chemicals) R&D સેન્ટર, મહારાષ્ટ્ર

અમેરિકન કંપની ડાઉ કેમિકલ્સ દ્વારા પુણે નજીક ચાકણ ખાતે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવાની યોજના હતી.

ભોપાલ ગેસ દુર્ઘટના સાથે જોડાયેલા વિવાદો અને સ્થાનિક વિસ્તારમાં ઝેરી પ્રદૂષણ ફેલાવવાના ભયથી સ્થાનિક ખેડૂતો અને નાગરિકોએ ઉગ્ર આંદોલન કર્યું હતું. સતત વિરોધ અને તોડફોડની ઘટનાઓ બાદ કંપનીએ આ પ્રોજેક્ટ પડતો મૂક્યો.

ઇન્ટરનેટ ટેકનોલોજી જાયન્ટ કંપની ગુગલ કર્ણાટકને પસંદ કરશે એમ મનાતું હતું પરંતુ તેણે ૧૫ અબજ ડોલરના AI હબ પ્રોજેક્ટ માટે આંધ્રના વિશાખાપટનમ પસંદ કર્યું હતું

બજારની વાત

બેંગલુરુ ટેક સમિટ અને AI સ્કિલિંગ પર ભાર



કર્ણાટકે પોલેન્ડ, યુએઈ અને ફ્રાન્સ સાથે ભાગીદારી કરી; ડ્રોન ટેસ્ટિંગ સુવિધા, સ્પોર્ટ્સ ટેકનોલોજી સેન્ટર અને AI સ્કિલિંગ પહેલની જાહેરાત કરી. બેંગલુરુ ટેક સમિટ (BTS) ૨૦૨૬ નું ૧૯ નવેમ્બરના રોજ વૈશ્વિક ટેકનોલોજી હબ તરીકે કર્ણાટકના સ્થાનને મજબૂત કરવાના હેતુથી આંતરરાષ્ટ્રીય ભાગીદારી અને ટેકનોલોજી પહેલ સાથે સમાપન થયું. પોલેન્ડમાં રિજનલ ચેમ્બર ઓફ કોમર્સ ઈન કાટોવિસ (RIG Katowice) અને કાટો હબ (Kato Hub) સાથે જોઈન્ટ ડિક્લેરેશન ઓફ ઈન્ટેન્ટ (JDI) પર હસ્તાક્ષર કર્યા છે.

બેંગલુરુ ૨૦૨૭માં GITEX AI INDIAનું આયોજન કરશે




બેંગલુરુ ૨ થી ૪ જૂન, ૨૦૨૭ દરમિયાન પ્રથમ GITEX AI INDIAનું આયોજન કરશે. દુબઈ વર્લ્ડ ટ્રેડ સેન્ટર અને KAOUN ઈન્ટરનેશનલ દ્વારા કર્ણાટક સરકારની વ્યૂહાત્મક ભાગીદારીમાં આયોજિત આ ઈવેન્ટમાં ૧,૬૦૦થી વધુ પ્રદર્શકો, ૨૦૦ વૈશ્વિક રોકાણકારો અને ૫૫૦થી વધુ વક્તાઓ ભાગ લેશે તેવી અપેક્ષા છે, જેમાં ૬૦,૦૦૦થી વધુ મુલાકાતીઓ આવવાનો અંદાજ છે. ગ્રીન BTSમાં કચરાને ૧૦ શ્રેણીઓમાં અલગ કરવાની વ્યવસ્થા અને પ્લાસ્ટિકની બોટલોના સ્થાને ૧૨ વોટર સ્ટેશનોનો સમાવેશ થાય છે. કર્ણાટકે ફ્રન્ટિયર ટેકનોલોજીમાં ૬૩,૦૦૦ લોકોને તાલીમ આપવા રૂ. ૩૦૦ કરોડ ફાળવ્યા છે.

એન્થ્રોપિકના ફાઉન્ડરોની સંપત્તિ $૧૪૦ બિલિયનને પાર




પ્રોસ્પેક્ટસ મુજબ, સાત સહ-સ્થાપકોમાંથી દરેકે IPO માં લગભગ ૨૮૦ મિલિયન ડોલરના શેર વેચ્યા છે. એન્થ્રોપિક IPOથી સાત સાથી ફાઉન્ડરોની સંપત્તિ ૧૪૦ બિલિયન ડોલરને પાર પહોંચી છે. એન્થ્રોપિક PBCના સુધારેલા IPO પ્રાઇસિંગે આ ઓફરિંગ અને સમવર્તી પ્રાઇવેટ પ્લેસમેન્ટને અત્યાર સુધીના સૌથી મોટા IPO તરીકે મજબૂત બનાવ્યું છે અને તેના સાત સહ-સ્થાપકોની સંયુક્ત સંપત્તિ ૧૪૦ બિલિયન ડોલરથી વધુ સુધી પહોંચાડી દીધી છે. સાન ફ્રાન્સિસ્કો સ્થિત આ કંપનીએ ૬૧.૫ બિલિયન ડોલરના મૂલ્યાંકન પર ૩.૫ બિલિયન ડોલર એકત્ર કર્યા બાદ બે વર્ષથી ઓછા સમય પહેલાં આ જૂથ પ્રથમ વખત અબજોપતિ બન્યું હતું.

કર્ણાટક બેંગલુરુ નજીક ડ્રોન ટેસ્ટિંગ હબ બનાવશે



કર્ણાટકે ડ્રોન ટેકનોલોજી બનાવતા સ્ટાર્ટઅપ્સ અને કંપનીઓને ટેકો આપવા માટે બેંગલુરુ નજીક ચિક્કાબલ્લાપુર જિલ્લામાં એક સમર્પિત ડ્રોન ટેસ્ટિંગ સુવિધા વિકસાવવાનું શરૂ કર્યું છે, કારણ કે રાજ્ય ઝડપથી વિકસતા માનવરહિત હવાઈ વાહન (UAV) ક્ષેત્રમાં પોતાનું સ્થાન મજબૂત કરવા માંગે છે. બેંગલુરુ નજીક જીદારાહલ્લી ગામમાં આકાર લઈ રહેલી આ સુવિધા ઇલેક્ટ્રોનિક્સ, IT અને BT વિભાગ હેઠળની કર્ણાટક ઇનોવેશન એન્ડ ટેકનોલોજી સોસાયટી (KITS) દ્વારા ડ્રોન ફેડરેશન ઇન્ડિયા (DFI)ના સહયોગથી વિકસાવવામાં આવી રહી છે. કર્ણાટકના ગૃહ અને IT/BT મંત્રી પ્રિયાંક એમ. ખડગેએ ૨૦ થી વધુ ડ્રોન કંપનીઓ સાથે પરામર્શ કર્યા બાદ આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો હતો.

પ્રતિ કિમી રૂ. ૮ જેટલા ઓછા ભાડા સાથે ઇલેક્ટ્રિક કેબ



બેંગલુરુના ટેક્સી અને ઓટોરિક્ષા સંગઠનો વિયેતનામ સ્થિત ઇલેક્ટ્રિક મોબિલિટી કંપની Green SMના પ્રસ્તાવિત પ્રવેશનો વિરોધ કરી રહ્યા છે, જેમાં નાની ટેક્સીઓ માટે કર્ણાટક સરકારના સૂચિત રૂ. ૨૪ પ્રતિ કિમીના દરની સરખામણીમાં કંપનીના રૂ. ૮ પ્રતિ કિમીના કથિત ભાડા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. બેંગલુરુના ટેક્સી અને ઓટોરિક્ષા ઓપરેટરોએ વિયેતનામ સ્થિત ઇલેક્ટ્રિક મોબિલિટી કંપની Green SMના પ્રસ્તાવિત પ્રવેશ અંગે ચિંતા વ્યક્ત કરી છે, તેમને ડર છે કે તેના કથિત નીચા ભાડા પ્રાઇસ વોર શરૂ કરી શકે છે અને સ્થાનિક ડ્રાઇવરોની આજીવિકાને જોખમમાં મૂકી શકે છે.

જેન્સન હુઆંગ માફી માગે અને પરત ફરે



અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે કહ્યું કે હુઆંગ બીજી તક મેળવવાને લાયક છે, ભલે એનવિડિયાના બોર્ડે સંકેત આપ્યો છે કે પૂર્વ ચીફ એક્ઝિક્યુટિવને ફરીથી નિયુક્ત કરવાની તેમની કોઈ યોજના નથી, અને વચગાળાના CEO કોલેટ ક્રેસ કર્મચારીઓને આશ્વાસન આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. વોશિંગ્ટન, ડીસીમાં વ્હાઇટ હાઉસના જેમ્સ એસ. બ્રેડી પ્રેસ બ્રીફિંગ રૂમમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સંબોધન કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જેન્સન હુઆંગને મોટી માફી માંગવા અને એનવિડિયા કોર્પ (Nvidia Corp.)ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે પરત ફરવા અનુરોધ કર્યો છે.

ફૂડમાં સપ્લાય ડેફીસીટના બદલે હવે સરપ્લસની સ્થિતી સર્જાતાં રાહત

દેશમાં તથા વૈશ્વિક સ્તરે હવે જ્યારે ટૂંક સમયમાં ૨૦૨૬ના વર્તમાન વર્ષની પુર્ણાહુતિ થવાની છે ત્યારે વિવિધ બજારોના સૂત્રોના જણાવ્યા મુજબ વિદાય લેનારા વર્ષમાં વિવિધ પડકારો વચ્ચે અજંપો વધ્યો હતો તથા ૨૦૨૬નું વર્ષ એકંદરે કસોટીરૂપ નિવડ્યું હોવાનું બજારોના જાણકારો જણાવી રહ્યા હતા. ૨૦૨૬ના આરંભમાં અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની છાશવારે બદલાતી ટેરીફ નિતીના પગલે વિશ્વભરના વેપાર-ઉદ્યોગ જગતમાં અજંપાની સ્થિતિ સર્જાઈ હતી. ટેરીફ વોર પછી ટ્રમ્પે ઓચિંતાનું ઈરાન સામે બાખડવાનું નક્કી કરતા રશિયા તથા યુક્રેન પછી વિશ્વ સમક્ષ ઈરાન તથા અમેરિકા-ઈઝરાઈલનું વધુ એક યુદ્ધ નવા પડકારો સાથે સામે આવતાં વિશ્વના વિવિધ બજારો પર તેની ઘેરી ઈમ્પેકટ જોવા મળી હતી. ઈરાન યુદ્ધના પગલે ખાસ કરીને વૈશ્વિક સ્તરે ક્રૂડતેલની બજારમાં સમીકરણો રાતોરાત બદલાઈ ગયા હતા અને ક્રૂડના ભાવ ઉછળવા માંડતાં વિશ્વના વિવિધ દેશોના અર્થતંત્રનએ મોટો ફટકો પડયો હતો.

ઈરાન યુદ્ધના પગલે વિશ્વ બજારમાં ૨૦૨૬ના વર્ષમાં ક્રૂડના ભાવમાં વ્યાપક અફડાતફડી જોવા મળી છે. ૨૦૨૫ના પાછલા વર્ષના અંતભાગમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૬૦થી ૬૧ ડોલર રહ્યા હતા તે ૨૦૨૬ના વર્ષમાં જાન્યુઆરીમાં એક તબક્કે ઘટી નીચામાં ૫૯થી ૬૦ ડોલર સુધી



ઉતર્યા હતા. પરંતુ ત્યાર પછીના ગાળામાં ક્રૂડના ભાવમાં રેકોર્ડ તેજીની ચાલ શરૂ થઈ હતી. તથા એપ્રિલ મહિનામાં ભાવ ઉંચામાં ૧૩૮થી ૧૩૯ ડોલર સુધી જતા રહ્યા હતા. ૨૦૨૬ના વર્ષમાં ફેબ્રુઆરીમાં ઈરાન યુદ્ધનો આરંભ થયા ક્રૂડતેલની બજારમાં સમીકરણો ઝડપથી બદલાતા જોવા મળ્યા હતા. માર્ચ મહિનામાં ક્રૂડના ભાવ ઉછળી ઉંચામાં ૧૦૦ ડોલરની ઉપર ગયા હતા અને આવા ૧૦૦ ડોલરના ભાવ ૨૦૨૨ પછી પ્રથમ વખત ૨૦૨૬માં માર્ચ મહિનામાં દેખાયા હતા. એપ્રિલમાં ભાવ ઉંચામાં ૧૪૧થી ૧૪૨ ડોલર સુધી ટ્રેડ થતા પણ દેખાયા હતા. જોકે ત્યારબાદ યુદ્ધ વિરામની આશા ઊભી થતાં જૂન તથા જુલાઈમાં ભાવ ઘટી ૮૪થી ૮૫ ડોલર તથા ત્યારબાદ ૭૩થી ૭૪ ડોલર સુધી ઉતરી ગયા હતા. જો કે આ ઘટાડો અલ્પજીવી નિવડતાં ઓગસ્ટ, સપ્ટેમ્બરમાં ભાવ ઉંચામાં ૧૩૦થી ૧૩૧ ડોલર સ્પોટ ટ્રેડમાં નોંધાયા હતા. જોકે ત્યારબાદ ઈરાન યુદ્ધ સમાપ્તીની આશા ફરી સર્જાતાં નવેમ્બરમાં વિશ્વ બજારમાં ક્રૂડના ભાવ ફરી નીચા જતા જોવા મળ્યા હતા

વૈશ્વિક પુરવઠો દૈનિક ૨૦ લાખ બેરલ્સ ઉંચો જોવા મળ્યોઃ બજારમાં તેજીના વળતા પાણી

તથા તાજેતરમાં બ્રેન્ટ ક્રૂડના ભાવ ૯૦થી ૯૫ ડોલર વચ્ચે જોવા મળ્યા હતા.

દરમિયાન, ૨૦૨૬ના અંતભાગમાં ક્રૂડતેલની વૈશ્વિક બજારમાં સપ્લાય સરપ્લસની સ્થિતિ સર્જાયાનું ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના સૂત્રોએ જણાવ્યું હતું. ક્રૂડતેલમાં માગ કરતા વધુ સપ્લાયની સ્થિતિ હવે દેખાઈ છે તથા આવી સરપ્લસ સપ્લાય દૈનિક ૨૦ લાખ બેરલ્સની વૈશ્વિક સ્તરે નોંધાઈ હોવાનું સૂત્રોએ જણાવ્

રાજ્ય સરકારનો વિભાગ Contract Price ના સંદર્ભે વહીવટી નિર્દેશો દ્વારા GST દર બદલી શકતો નથીઃ GSTAT પુણે

કેસનું નામ: રિલાયન્ટ બિલ્ડઅપ, સાંગલી વિરુદ્ધ કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ, મહારાષ્ટ્ર, કેસ નંબરઃ APL/3/PUN/2026I સાઈટેશનઃ 2026 LLBiz GSTAT(PUN)-75

વિગતોઃ આ કેસમાં સંબંધિત અધિકારી દ્વારા નાણાંકીય વર્ષ 2018-19 માટે જીએસટીની કલમ 73 (9) હેઠળ તારીખ 15 જાન્યુઆરી, 2024 ના રોજ આદેશ પસાર કરવામાં આવેલ, જેની સામે વેપારીશ્રીએ પ્રથમ અપીલ કરતાં અપીલ અધિકારીએ તારીખ 13.10.2025 ના રોજ આદેશ કરેલ હતો જેનાથી નારાજ થઈને વેપારીએ ટ્રિબ્યુનલમાં દ્વિતીય અપીલ કરેલ હતી.

વેપારી પેઢી એક ભાગીદારી પેઢી છે અને તે ગવર્મેન્ટ કોન્ટ્રાકટર અને બિલ્ડર તરીકે કામગીરી કરે છે. વર્ષ 2018-19 માં આ પેઢીએ કુલ ચાર કોપરેટીવ સ્પિનિંગ મિલ્સ માટે વર્કસ કોન્ટ્રેક્ટની કામગીરી કરેલ હતી અને સેવાના સપ્લાય ઉપર 12% નો જીએસટી ઉધરાવ્યો હતો. ઓડિટ દરમિયાન ધ્યાને આવેલ કે વેપારીશ્રીએ 18% ના બદલે 12% વેરો ઉધરાવેલ છે તેથી તેઓને સંબંધીત અધિકારી દ્વારા વેપારીને કારણદર્શક સૂચના પાઠવવામાં આવેલ હતી તેમજ જીએસટીની કલમ 122(1)(iii) અને (x) હેઠળ દંડ આકારવાની વાત જણાવવામાં આવેલ હતી. બાદમાં આદેશ પણ પસાર થયેલ.

ઓડિટ દરમિયાન આઈ.ટી.સી. ને લગતા પણ કેટલાક મુદ્દા ધ્યાને આવેલ હતા. જોકે વેપારીએ એવું જણાવેલ કે અમે મહારાષ્ટ્ર સરકારના નિયંત્રણ હેઠળ કામગીરી કરેલ હોઈ 12% વેરો ઉધરાવેલ છે જે વ્યાજબી છે. આ કામોના ટેન્ડર મંજૂર કરતી વખતે રાજ્ય સરકારે ગઠિત કરેલ રાજ્ય કક્ષાની કમિટીએ વેપારીનું નિયત ભાવથી 35% ઊંચું ટેન્ડર મંજૂર કરેલ હતું અને એવું જણાવેલ હતું કે કોન્ટ્રાક્ટરે 12% જીએસટી માંથી 9 ટકા વેરો કોપરેટીવ સ્પિનિંગ મિલ્સ પાસેથી ઉઘરાવવાના રહે અને ત્રણ ટકા પોતે ભોગવવાના રહે. આમ, સરકાર દ્વારા નિમણૂક પામેલ કમિટીએ જીએસટીની જોગવાઈઓની વિરુદ્ધ વેરાના દરમાં પોતે કોન્ટ્રકટર સાથે વાટાઘાટો કરીને ફેરફાર (split) કરેલ હતો, જે તેમની સત્તા બહારનો નિર્ણય હતો.




કમિટીની સુચના મુજબ આવા ૪ કામના બિલો અને પેમેન્ટ વખતે ૯ ટકા વેરાની રકમ કામ કરાવનારે ભોગવવાના થયા અને ત્રણ ટકા કોન્ટ્રાકટ મુજબ કામ કરી આપનારે ભોગવવાના થયા જે જીએસટીની વિભાવનાની વિરુદ્ધ જણાયેલ હતું અને જીએસટીની કલમ 9 આલ્કોહોલિક પીણાં (અને માનવ વપરાશ માટેના આલ્કોહોલિક પીણાંના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતા 'અન-ડિનેચર્ડ એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ' અથવા 'રેક્ટિફાઇડ સ્પિરિટ'ના પુરવઠાને બાદ કરતાં) - 'ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ' નામનો કર લાદવામાં આવશે. આ કર કલમ 15 હેઠળ નક્કી કરવામાં આવેલા મૂલ્ય -પર અને કાઉન્સિલની ભલામણોના આધારે સરકાર દ્વારા જાહેરનામા દ્વારા નક્કી કરાયેલા દરે (જે વીસ ટકાથી વધુ ન હોવો જોઈએ) વસૂલવામાં આવશે; તે નિર્ધારિત પદ્ધતિ અનુસાર એકત્રિત કરવામાં આવશે અને કરપાત્ર વ્યક્તિ દ્વારા ચૂકવવામાં આવશે.

વેપારીએ પોતાની રજૂઆતમાં જણાવવામાં આવ્યું કે, અપીલકર્તા ''એ વાત સ્વીકારે છે કે, જો GST કાયદા હેઠળ કોઈ વૈધાનિક કર દર લાગુ પડતો હોય, તો તેને માત્ર પક્ષકારો વચ્ચેની ખાનગી સમજૂતી દ્વારા બદલી શકાતો નથી''. તેમાં વધુમાં કહેવાયું છે કે, સરકારી નિર્દેશોનો આધાર માત્ર ''અપીલકર્તાની સદ્‌ભાવના (bona fides) સાબિત કરવા અને તેમના તરફથી કોઈ દોષિત આચરણ ન હોવાનું દર્શાવવાના મર્યાદિત અને વિશિષ્ટ હેતુ''માટે લેવામાં આવ્યો છે.

ટેન્ડર દસ્તાવેજો, વર્ક ઓર્ડર અને ચુકવણીની શરતોની ઝીણવટભરી સમીક્ષા કર્યા બાદ, જણાયું કે ટેક્સટાઇલ વિભાગે ''બજેટરી ભંડોળ પૂરું પાડતી એક નિયંત્રક અને નિયામક સંસ્થા તરીકે' કડક રીતે કામગીરી બજાવી હતી. તેમાં જણાવવામાં આવ્યું છે કે, ''કરારોનો પ્રત્યક્ષ અમલ અને સંબંધિત કાર્યકારી પ્રવૃત્તિઓ સીધી રીતે સહકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવી હતી, જે બિન-સરકારી સંસ્થાઓ તરીકે કાર્ય કરે છે.''

જો GST કાયદા હેઠળ કોઈ વૈધાનિક કર દર લાગુ પડતો હોય, તો તેને માત્ર પક્ષકારો વચ્ચેની ખાનગી સમજૂતી દ્વારા બદલી શકાતો નથી

ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT), પુણેએ ઠરાવ્યું છે કે રાજ્ય સરકારનો કોઈ વિભાગ બાંધકામ કરારમાં કરના હિસ્સાને નક્કી કરતા વહીવટી નિર્દેશો દ્વારા કાયદાકીય જોગવાઈઓ કરેલ હોવા છતાં આ કાયદા હેઠળ આવા પ્રકારની શિક્ષા કરવામાં આવી હોય તેવું ધ્યાનમાં નથી, જ્યારે કલેક્ટર સમક્ષ થતી અરજીઓની સંખ્યા અનેક ઘણી છે તેમ છતાં અસરકારકતા નથી ખરેખર તો સરકારી / ગૌચરની જમીનો / મિલ્કતો



લોકાભિમુખ માર્ગદર્શન
■ - એચ.એસ. પટેલ IAS (નિ.)

આ કાયદામાં જે ફરીયાદો થાય તેનો છ માસમાં નિકાલ કરવા માટે સ્પેશ્યલ કોર્ટની રચના કરવાની જોગવાઈ છે

મસાલા બન્યા ગ્રીન ગોલ્ડ : ગવાર સૌથી ચર્ચિત કોમોડિટી

ગત સપ્તાહમાં સોનુ- ચાંદી તથા મસાલા કોમોડિટી સૌથી વધુ ટોક ઓફ વીક રહી છે. ખાસ કરીને ગવાર ખૂબ ચર્ચિત રહી છે. છેલ્લા કેટલાય વર્ષોથી ગવાર બજારના ચાલતા ખરાબ દિવસો હવે સુધારા ઉપર આવી રહ્યા છે. ગવાર ગમના ભાવો તેજીની રફતાર પ્રતિ ક્વિન્ટલે રૂા. ૧૬૫૦૦ની સપાટી કુદાવી જતાં બજારમાં ફરીથી વર્ષ ૨૦૧૨ની યાદ અપાવી જતાં ધમધમાટ વધ્યો છે. જો કે, ગવાર ગમની તેજીની સાપેક્ષે ગવાર સીડમાં રફતાર ધીમી છે. આ વર્ષે રાજસ્થાનમાં ગવારનું ઉત્પાદન અડધું થઈ જવા સામે ગવાર ગમની ડિમાન્ડ વધતા બજારમાં રોનક આવી છે. છેલ્લા બે માસથી અમેરિકામાં ઓઈલના કુવા ખોદવાનું કામકાજ પૂરજોશમાં શરૂ થતાં ગવાર ગમની જરૂરિયાત ઉભી થઈ રહી હોવાનું અહેવાલોથી ગવાર બજાર તેજી તરફી ઝડપથી આગળ વધી રહી છે. તેજીના લીધે સ્ટોકિસ્ટો તથા ખેડૂતોએ માલની પકડ બનાવતા બજારમાં માલોની અછત છે. આગામી ડિસેમ્બરમાં નિકાસકારોની લેવાલી વધવાની ગણત્રીએ ગવાર સીડના ભાવો દશ હજારની અને ગવાર ગમના ભાવો પચીસ હજારની સપાટી કૂદાવે તેવો અંદાજ છે. જો અમેરિકા સિન્થેટિક પોલિમર તરફ વધશે તો માંગ ઘટી શકે છે. હાલમાં ગવાર ગમનું માર્જિન સારું છે. ત્રણ ટન સીડમાંથી એક ટન ગમ તૈયાર થાય છે. છતાં ગવાર સીડ તથા ગમ વચ્ચે સાતથી આઠ હજારનું માર્જિન છે. જો કે, લાંબા ગાળે તેજી હોવાની વ્યાપક ચર્ચા છે. વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન સરેરાશ એકવીસ હજાર કરોડની ગવાર ગમની રેકોર્ડ બ્રેક નિકાસ થઈ હતી. ત્યારબાદ સતત મંદીના કારણે નિકાસ ઘટીને માંડ પાંચેક હજાર કરોડ

કોમોડિટી કરંટ
■

સુધી નીચી આવી છે. જો કે, ગવાર લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાય તેવી ચીજ છે. તેથી હવે ભાવો વધે તો જુનો સ્ટોક પણ બજારમાં આવી શકે છે. સતત મંદીને કારણે ગવાર ગમની ફેક્ટરીઓ રાજસ્થાનમાં ૨૦૦ જેટલી હતી તે ઘટીને માંડ પચાસેક રહી હોવાની ચર્ચા છે. છેલ્લા એક- બે વર્ષમાં ગવાર ગમના ભાવો

સોના-ચાદીમાં ભૂકંપ : સોનામાં ૩૦ ટકા અને ચાંદીમાં ૬૦ ટકાનો ઘટાડો

લગભગ ડબલ થઈ જતાં બજારમાં ફરીથી વેપારનો ધમધમાટ વધી રહ્યો છે.

બીજી તરફ મસાલા ચીજોમાં ગત સપ્તાહમાં ઉંચા ભાવે વેચવાલી વધતા થોડોક ઘટાડો પણ રહ્યો હતો. તેલીબીયામાં ખાસ કરીને સોયાબીન ૫૫ ટકા વાર્ષિક તેજીમાં છે. દાળોમાં મસૂરને બાદ કરતા તમામ સામાન્ય વધઘટે છે. જીરામાં સપ્તાહની શરૂઆતમાં પ્રતિ ક્વિન્ટલે ૨૯૪૦૦ની આસપાસ હતું. તેમાં નિકાસ માંગ અને અલનીનોના ડરે ભાવ વધતાં વેચવાલી છૂટતાં બજાર તૂટીને રૂા. ૨૭૬૦૦ની આસપાસ નીચે આવી હતી. ઓગસ્ટ ૨૦૨૬માં જીરાની નિકાસ ગત વર્ષ કરતાં લગભગ ૧૯થી ૨૦ ટકા તૂટવા છતાં બજાર મક્કમ રહી છે. જો કે, ઈસબગુલ અને વરીયાળી તથા અન્ય ચીજોના બજારો ટકેલા રહ્યા છે. તેલીબીયા ખાસ કરીને સોયાબીનના ભાવો ગત વર્ષ કરતાં દોઢા રહ્યા છે. ટેકાના ભાવો કરતા વધુ કિંમતો ખેડૂતોને મળેલ છે. સોયાબીનનું ઉત્પાદન બેથી ત્રણ ટકા ઘટે તેમ છે. પરંતુ સસ્તા આયાતી તેલોના કારણે સોયાબીન બજાર પ્રેશરમાં રહે તેમ છે. દાળોમાં પણ ઉત્પાદન તૂટતા તુવેર, ચણા, મસુર, જેવી ચીજોમાં ભાવો ૨૫થી ૫૦ ટકા સુધી ઉંચા છે. ટૂંકમાં હવામાનના જોખમો અને ઓછા વાવેતરની ગણતરીએ વર્ષ ૨૦૨૭માં એગ્રી કોમોડિટીના ભાવોમાં તેજીનું રૂખ સતત રહે તેમ છે.

દરમ્યાન ગયા અઠવાડિયે સોના-ચાંદીમાં યાદગાર ઘટાડો જોવા મળેલ છે. છેલ્લા એક વર્ષમાં સોનામાં ૩૦ ટકાનો અને ચાંદીમાં ૬૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો રહ્યો છે. અમેરિકન ડોલરની મજબૂતાઈ અને વ્યાજના દરોમાં થતો વધારો સોના-ચાંદી માટે જીવલેણ પુરવાર થઈ રહ્યો છે. અમેરિકન શેરબજારમાં આઈ.ટી. તથા એ.આઈ.ના શેરો તૂટતા માર્જિન કોલ ભરવા માટે ફંડોએ સોના-ચાંદીમાં વેચવાલીનું પ્રેશર વધુ રહેતા ભૂકંપનો ઝટકો બુલિયન માર્કેટમાં જોવા મળેલ છે. -

સેન્સેક્સ ૮૧૬૯૮ અને નિફ્ટી ફ્યુચર માટે ૨૫૧૦૦ મહત્ત્વના સપોર્ટ

(ક્લોઝીંગ તા.૨૦-૧૧-૨૦૨૬)

બીએસઈ ઈન્ડેક્સ (૮૩૯૧૯.૭૧)
૭૧૨૯૨.૮૮નાં બોટમથી સુધારા તરફી છે તા.ઉપરમાં ૮૪૦૩૮ ઉપર ૮૪૩૦૦, ૮૫૨૩૦, ૮૬૧૫૯, ૮૭૦૦૦ સુધીની શકયતા. નીચામાં ૮૨૪૨૦, ૮૧૬૯૮ સપોર્ટ ગણાય. તેજીનો વેપાર સ્ટોપલોસ સાથે જ કરવો હિતાવહ.

બેંક નિફ્ટી ફ્યુચર (૬૪૫૫૬.૬૦)
૫૩૯૩૧.૬૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૬૪૬૫૧, ૬૫૨૭૫, ૬૬૦૦૦, ૬૭૩૩ સુધીની શકયતા. નીચામાં ૧૪૩૩ નીચે ૧૪૧૭, ૧૪૦૦, ૧૩૮૩, ૧૩૬૬ સપોર્ટ ગણાય.

કોમ્પટન (૨૩૩.૪૦) ૧૯૧.૫૫નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૨૪ ઉપર ૨૨૭ કુદાવે તો ૨૪૪ અને ૨૪૭ મહત્ત્વની સપાટી ગણાય. નીચામાં ૨૧૫ નીચે ૨૦૫ સપોર્ટ ગણા ય.

હુન્ડાઈ (૨૨૧૫.૦૦)
૧૮૨૭નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૨૪૮ ઉપર ૨૨૫૨ કુદાવે તો ૨૩૨૮, ૨૪૦૪ સુધીની શક્યતા. નીચામાં ૨૧૫૦ નીચે ૨૧૨૦ સપોર્ટ ગણાય.

પોલીસી બજાર (૧૦૨૨.૮૦)
૯૧૬નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૦૪૦ ઉપર ૧૦૭૦, ૧૧૦૧, ૧૧૨૨ કુદાવે તો ૧૧૩૩, ૧૧૬૩ સુધીની શક્યતા. નીચામાં ૯૭૦ સ પોર્ટ ગણાય.

પીએનબી હા.ફા. (૧૧૯૧.૩૦)
૧૦૫૨.૭૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૨૦૫ ઉપર ૧૨૨૪ કુદાવે તો વધુ સુધારો જોવાશે. નીચામાં ૧૧૪૬ નીચે ૧૧૩૯ સપોર્ટ ગણાય.

કોનો સાથ જીવનમાં સારો, શૂન્ય તમે પોતે જ વિચારો,
મહેનત પાછળબબ્બે બાહુ, કિસ્મત પાછળ માત્ર હથેલી.
-શૂન્ય પાલનપુરી.

ચાર્ટ સંકેત
■ અશોક ત્રિવેદી

૬૬૧૭૫, ૬૭૪૩૫, ૬૭૪૩૫, ૬૮૦૦૦ સુધીની શક્યતા. નીચા માં ૬૨૨૩૫, ૬૧૮૧૭ સપોર્ટ ગણાય.

નિફ્ટી ફ્યુચર (૨૫૭૭૫.૩૦)
૨૨૬૬૮.૯૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૫૮૪૯ ઉપર ૨૫૯૮૦, ૨૬૨૪૫, ૨૬૫૧૦, ૨૬૭૭૫ સુધીની શક્યતા. નીચામાં ૨૫૩૬૬, ૨૫૧૦૦ સપોર્ટ ગણાય.

એક્સીસ બેંક (૧૪૪૬.૦૦)
૧૧૯૬.૯૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૪૫૦ ઉપર ૧૪૮૪, ૧૫૦૦ સુધીની શક્યતા. નીચામાં ૧૪૩૩ નીચે ૧૪૧૭, ૧૪૦૦, ૧૩૮૩, ૧૩૬૬ સપોર્ટ ગણાય.

બ્લયુ સ્ટાર(૧૭૯૧.૦૦)
૧૪૮૦.૧૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૮૨૦ ઉપર ૧૮૫૩, ૧૯૭૩ સુધીની શકયતા. નીચામાં ૧૪૩૩ નીચે ૧૪૧૭, ૧૪૦૦, ૧૩૮૩, ૧૩૬૬ સપોર્ટ ગણાય.

કોમ્પટન (૨૩૩.૪૦) ૧૯૧.૫૫નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૨૪ ઉપર ૨૨૭ કુદાવે તો ૨૪૪ અને ૨૪૭ મહત્ત્વની સપાટી ગણાય. નીચામાં ૨૧૫ નીચે ૨૦૫ સપોર્ટ ગણા ય.

હુન્ડાઈ (૨૨૧૫.૦૦)
૧૮૨૭નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૨૨૪૮ ઉપર ૨૨૫૨ કુદાવે તો ૨૩૨૮, ૨૪૦૪ સુધીની શક્યતા. નીચામાં ૨૧૫૦ નીચે ૨૧૨૦ સપોર્ટ ગણાય.

પોલીસી બજાર (૧૦૨૨.૮૦)
૯૧૬નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૦૪૦ ઉપર ૧૦૭૦, ૧૧૦૧, ૧૧૨૨ કુદાવે તો ૧૧૩૩, ૧૧૬૩ સુધીની શક્યતા. નીચામાં ૯૭૦ સ પોર્ટ ગણાય.

પીએનબી હા.ફા. (૧૧૯૧.૩૦)
૧૦૫૨.૭૦નાં બોટમથી સુધારા તરફી છે. ઉપરમાં ૧૨૦૫ ઉપર ૧૨૨૪ કુદાવે તો વધુ સુધારો જોવાશે. નીચામાં ૧૧૪૬ નીચે ૧૧૩૯ સપોર્ટ ગણાય.

કોનો સાથ જીવનમાં સારો, શૂન્ય તમે પોતે જ વિચારો,
મહેનત પાછળબબ્બે બાહુ, કિસ્મત પાછળ માત્ર હથેલી.
-શૂન્ય પાલનપુરી.

કૃષિ ક્ષેત્રે બદલાતાં સમીકરણોઃ ફુલો, ફળો, શાકભાજી સહિતના વિવિધ પાકોના ઉત્પાદનમાં વૃદ્ધિ

દેશમાં વિવિધ ફળો તથા શાકભાજીના ઉત્પાદન ક્ષેત્રે સમીકરણો બદલાતા જોવા મળ્યા છે. જોકે વિવિધ કૃષી પાકો પર આ વર્ષે અલનીનોની ઈમ્પેક્ટ જોવા મળી છે પરંતુ ફળો અને શાકભાજીના ઉત્પાદનમાં પ્રગતી જોવા મળી હોવાનું બજારોના જાણકારો જણાવી રહ્યા હતા. ભારતમાં હોર્ટીકલ્ચર ક્ષેત્રમાં આવતા વિવિધ ફળો તથા શાકભાજીનું ઉત્પાદન ૨૦૨૫- ૨૬ના વર્ષમાં વધ્યું હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. દેશમાં હોર્ટીકલ્ચર ક્ષેત્રમાં મોસમની શરૂઆત જુલાઈથી થાય છે તથા પાક વર્ષ બીજા વર્ષના જૂન સુધી ચાલે છે. દરમિયાન, ૨૦૨૫- ૨૬ના હોર્ટીકલ્ચરના પાક વર્ષમાં દેશમાં ફળો, શાકભાજી, મધ, સ્પાઈસીસ, પ્લાન્ટેશન પાકો વિ. વિવિધ ઉત્પાદનોનું કુલ ઉત્પાદન વધી ૩૮૬૯થી ૩૮૭૦ લાખ ટન થયાના સમાચાર મળ્યા છે. આની સામે પાછલા વર્ષે ૨૦૨૪- ૨૫ના પાક વર્ષમાં ઉત્પાદનનો આ આંકડો ૩૭૦૩થી ૩૭૦૮ લાખ ટન નોંધાયો હતો. જોકે કૃષી તજજ્ઞોના જણાવ્યા મુજબ ૨૦૨૫- ૨૬ના પાક વર્ષમાં દેશમાં આ વિવિધ ચીજોના વાવેતરના વિસ્તારમાં ઘટાડો નોંધાયો છે પરંતુ આમ છતાં હેકટરદીઠ કૃષી પેદાશમાં વૃધ્ધિ થતાં હકીકતમાં આ ક્ષેત્રે ઉત્પાદનના આંકડાઓ ઉંચા આવ્યા હોવાનું આ ક્ષેત્રના કૃષી તજજ્ઞોએ જણાવ્યું હતું. આ પૂર્વે જૂન મહિનામાં ૨૦૨૫- ૨૬ના આ ઉત્પાદનનો અંદાજ ૩૭૭૩થી ૩૭૭૮ લાખ ટનનો મૂકવામાં આવ્યો હતો અને હવે નવા અંદાજમાં ઉત્પાદનનો આ આંકડો ઉંચો મુકવામાં આવ્યો હોવાનું કૃષી જાણકારોએ જણાવ્યું હતું.

જોકે હોર્ટીકલ્ચર ક્ષેત્રમાં વિવિધ કૃષી ઉત્પાદનોમાં વાવેતર હેઠળનો વિસ્તાર જે પાછલા વર્ષે ૩૦૧થી ૩૦૨ લાખ હેકટર્સ

ઊભી બજારે
■ દિલીપ શાહ

નોંધાયો હતો તે ૨૦૨૫- ૨૬ના પાક વર્ષમાં ઘટી ૨૯૭થી ૨૯૮ લાખ હેકટર્સનો નોંધાયો હોવાનું જાણકારો જણાવી રહ્યા હતા. જોકે વાવેતરનો વિસ્તાર ઘટવા છતાં આ ક્ષેત્રે વિવિધ ફળો, શાકભાજીઓ, વિવિધ ફુલો, પ્લાન્ટેશન

ખેડૂતો પરંપરાગત કૃષિ પાકોના બદલે હોર્ટીકલ્ચર પાકો તરફ વળી રહ્યાના નિર્દેશો

પાકો, અરોમા ધરાવતા પ્લાન્ટો તથા મેડિકલ વપરાશમાં વપરાતા પ્લાન્ટોનું હેકટરદીઠ ઉત્પાદન વધવાની ગણતરી વચ્ચે કુલ ઉત્પાદનનો અંદાજ ઉંચો બતાવાઈ રહ્યો છે. દેશના ખેડૂતો ઘણા વિસ્તારોમાં પરંપરાગત કૃષી પાકોના બદલે હોર્ટીકલ્ચરની ખેતી તરફ વળતા થયાનું જાણકારોએ જણાવ્યું હતું.

વિવિધ ફળોનું ઉત્પાદન જે ૨૦૨૪-૨૫ના પાક વર્ષમાં ૧૧૭૬થી ૧૧૭૭ લાખ ટન થયું હતું તે ૨૦૨૫- ૨૬ના પાક વર્ષમાં વધી ૧૨૩૦થી ૧૨૩૧ લાખ ટન થવાનું અનુમાન બતાવાયું છે જ્યારે વિવિધ શાકભાજીઓનું ઉત્પાદન આ ગાળામાં ૨૧૭૮ લાખ ટનથી વધી ૨૨૭૨થી ૨૨૭૩ લાખ ટન થવાનો અંદાજો બતાવાયો છે. વિવિધ ફળોનું ઉત્પાદન ૪૨થી ૪૩ લાખ ટનથી વધી ૪૮થી ૪૯ લાખ ટન થવાની શક્યતા બતાવાઈ છે. મધનું ઉત્પાદન જોકે ૦.૧૫ મિલીયન ટન આસપાસ જળવાઈ રહેવાની શક્યતા બતાવાઈ છે. વિવિધ પ્લાન્ટેશન પાકો, તેજાનાના પાકો, મેડિકલ વપરાશમાં વપરાતી કૃષી ચીજોના પાકો અરોમા (સુગંધ) ધરાવતા વિવિધ કૃષી ચીજોના પાકોના ઉત્પાદનનો અંદાજ ઉંચો મૂકવામાં આવ્યો છે.

દરમિયાન, વિવિધ ફુલોનું કુલ ઉત્પાદન ૪૨.૭૦ લાખ ટનથી વધી ૪૮.૮૦ લાખ ટન નોંધાયું છે. ટોમેટાનું ઉત્પાદન ૨૦૬ લાખ ટનથી વધી ૨૧૪થી ૨૧૫ લાખટન થયું છે. જ્યારે કાંદાનું ઉત્પાદન જોકે ૩૦૭થી ૩૦૮ લાખ ટનથી ઘટી ૨૮૯ લાખ ટન થયું છે. બટાટાનું ઉત્પાદન ૫૮૫થી ૫૮૬ લાખ ટનથી વધી ૬૫૫થી ૬૫૬ લાખ ટન થયાના વાવડ મળ્યા હતા. સોપારી, નાળીયેર, કાજુ, કોકો, પાન વિ.ના વાવેતર હેઠળનો વિસ્તાર આશરે ૪૬થી ૪૭ લાખ હેકટર્સ નોંધાયો છે તથા ઉત્પાદન ૧૮૨થી ૧૮૩ લાખ ટન અંદાજવામાં આવ્યું છે. સુગંધ અને દવાના ગુણો ધરાવતા છોડવાઓનું ઉત્પાદન ૯૦થી ૯૧ લાખ ટનથી વધી ૯૩ લાખ ટન અંદાજાયું છે.

ગુજરાત લેન્ડ ગ્રેબીંગ પ્રતિબંધક ધારો-૨૦૨૦ના અમલીકરણની કોઈ અસર વર્તાતી નથી

ગત લેખમાં ગુજરાત લેન્ડ ગ્રેબીંગ પ્રતિબંધ કાયદાનો મુખ્ય ઉદ્દેશ અને જમીન / મિલ્કત પચાવી પાડવા માટે કયા પ્રકારના આચરણ થાય છે અને જમીન પચાવી પાડવી અને જમીન પચાવી પાડનાર અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવેલા પ્રવર્તમાન સમયમાં જે પ્રકારે દરેક ક્ષેત્રમાં નૈતિકતા / નિતીમતાનો (Ethics) હ્રાસ થતો જોવા મળે છે અને તેના ભાગરૂપે જમીન / મિલ્કત આર્થિક વ્યવહારો માટેનું અગત્યનું સાધન હોવાથી ખોટા આચરણો અનુસરીને જમીન / મિલ્કત પચાવી પાડવાના કિસ્સાઓ વધતા જાય છે અને વિદ્યમાન કાયદાઓને નિષ્ફળ બનાવવાના કિસ્સાઓનું અનુસરણ કરવામાં આવે છે. જેથી ખાસ કાયદાઓ (Specific) ઘડવામાં આવે છે. પરંતું તેના અમલીકરણનો મોટો પ્રશ્નાર્થ છે. આ કાયદા અંતર્ગત સરકારે નિયમો બનાવી કલેક્ટરના અધ્યક્ષસ્થાને સમિતિ બનાવવામાં આવી છે જેમાં જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પોલીસ અધિકારી (પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ડેપ્યુટી કમિશ્નર ઓફ પોલીસ) અને અધિક કલેક્ટર (RAC) સભ્ય સચિવ છે. આ કાયદા હેઠળ જેની મિલ્કત / જમીન પચાવી પાડવાનો બનાવ બન્યો હોય તે વ્યક્તિએ નિયત નમુનામાં જીલ્લા કલેક્ટર સમક્ષ અરજી કરવાની છે અને આ અરજીની તપાસ સબંધિત વિસ્તારના પ્રાન્ત અધિકારી મારફત સમય મર્યાદામાં કરવાની છે. આ અંગે વિશેષ તપાસની જરૂર જણાય તો સમિતિ કોઈપણ અધિકારી પોલીસ વિભાગ સહિતને તપાસ સુપ્રત કરી શકે છે. એક તબક્કે એવીપણ જોગવાઈ છે કે જીલ્લા કલેક્ટર કોઈપણ અરજી ઉપર ધ્યાન ન આપે તો પક્ષકાર સીધેસીધા સબંધિત સ્પેશ્યલ કોર્ટ સમક્ષ પણ રજુઆત કરી શકે છે અને કોર્ટ સમય મર્યાદામાં તે અંગે (Suo Moto) તપાસ કરાવી પગલાં લઈ શકે છે.

પ્રવર્તમાન સમયમાં જે આચરણ થઈ રહ્યું છે તેમાં મોટાભાગે બોગસ દસ્તાવેજો / બનાવટી બાનાખત / બનાવટી પાવર ઓફ એટર્ની, હિત ધરાવતા પક્ષકારોની ખોટી સહી કરવી / મહેસુલી રેકર્ડમાંથી નામ કમી કરવું, જાહેર ટ્રસ્ટોમાંથી તેઓએ ધારણ કરેલ જમીનમાં ટ્રસ્ટીઓ તરીકે દાખલ થઈ જમીનો કબજે કરી લેવી એટલેકે પરોક્ષ રીતે ટ્રસ્ટોનું વેચાણ / તબદીલી, સરકારી / ખાનગી જમીન ઉપર ખોટી રીતે ભાડાપટ્ટે આપી ભાડા ઉઘરાવવા, આ ઉપરાંત સરકારી / ગૌચર / સ્થાનિક સતા મંડળો / ગ્રામ પંચાયત / નગરપાલીકા / મહાનગરપાલીકા / જાહેર ટ્રસ્ટો / ધાર્મિક સ્થાનો વિગેરેએ ધારણ કરેલ જમીનો પચાવી પાડવા અને તેના ઉપર દબાણ કરવાના કિસ્સાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આજકાલ પચાવી પાડેલ જમીનના વેચાણ માટે તેનું બ્રોશર (Brochure) બતાવી, જમીનનું વેચાણ કરે અથવા ફાળવણી કરે અથવા તેવી જમીનનું વેચાણ અથવા ફાળવણી કરવા માટેની તૈયારી બતાવે અથવા જાહેરાત કરે અથવા વેચાણ અને ફાળવણી કરવાના હેતુ માટે કબજો ધરાવે તો પણ જમીન પચાવી પાડવાની પરિભાષામાં આવે છે. આ ઉપરાંત પણ જુદા જુદા આચરણો થાય છે. જેમાં ઘણીવાર માથાભારે વ્યક્તિઓ દ્વારા કોઈ વ્યક્તિને ઉત્તેજન અથવા ઉશ્કેરણી કરી મદદગારી કરે અને તે દ્વારા ચોક્કસ હેતુઓ માટે ઉપયોગ કરાવે અથવા ઉપયોગ કરવાની પરવાનગી આપે તે ઉપરાંત જમીન ઉપરના કોઈ માળખા (Structure) અથવા મકાન બાંધકામ માટેનો કરાર કરે. આમ ઉપર જણાવ્યા પ્રમાણેના આચરણ કર્યાનું દોષિત ઠરે તો દસ વર્ષ કરતાં ઓછી નહિ પણ ચૌદ વર્ષની મુદત સુધીની કેદની અને મિલ્કતોની જંત્રીની કિંમત સુધીના દંડની શિક્ષા કરવાની જોગવાઈઓ છે. જાણકારી મુજબ આટલી કડક જોગવાઈઓ કરેલ હોવા છતાં આ કાયદા હેઠળ આવા પ્રકારની શિક્ષા કરવામાં આવી હોય તેવું ધ્યાનમાં નથી, જ્યારે કલેક્ટર સમક્ષ થતી અરજીઓની સંખ્યા અનેક ઘણી છે તેમ છતાં અસરકારકતા નથી ખરેખર તો સરકારી / ગૌચરની જમીનો / મિલ્કતો કે નગરપાલીકા / મહાનગરપાલીકા / ગ્રામ પંચાયતોની જમીનો ઉપર અસંખ્ય દબાણો છે તેવા દબાણકારો સામે આ લેન્ડ ગ્રેબીંગ એક્ટ હેઠળની કાર્યવાહી કરવી અને દબાણો દુર કરવાનું અસરકારક માધ્યમ છે. પરંતું જીલ્લાના મહેસુલી અધિકારીઓ, જીલ્લા પંચાયત હસ્તકના અધિકારીઓ મ્યુનિસીપલ કમિશ્નરશ્રીઓ કે નગરપાલીકાના ચીફ ઓફિસરો દ્વારા તદન ઉદાસીનતા સેવવામાં આવી રહી છે. સંભવતઃ રાજકીય હસ્તક્ષેપને કારણે કાર્યવાહી કરવામાં આવતી ન હોવાનું માનવાને કારણ છે. આમ સારા ઉદેશ સાથે ઘડાયેલ કાયદાની અસરકારકતા નથી. પરંતું એક શંશોધનનો વિષય છે કે આ કાયદાથી જમીન / મિલ્કત પચાવી પાડનારાઓ સામે આ કાયદાની જોગવાઈઓથી જે આચરણ થાય છે તે ઓછું થયું છે કે કેમ તેની પણ સમીક્ષાની જરૂર છે.

આ કાયદામાં જે ફરીયાદો થાય તેનો છ માસમાં નિકાલ કરવા માટે સ્પેશ્યલ કોર્ટની રચના કરવાની જોગવાઈ છે અને આ કોર્ટને જીલ્લા સેશન્સ કોર્ટ સમક્ષ સતાઓ આપવામાં આવી છે અને એડીશનલ ડીસ્ટ્રીક્ટ જડ્જ કક્ષાથી ઉતરતા ન્યાયાધીશની નિમણુંક ન કરવાની જોગવાઈ છે અને સ્પેશ્યલ કોર્ટની રચના રાજ્યના મુખ્ય ન્યાયાધીશની સહમતીથી સબંધિત વિસ્તાર, કાર્યક્ષેત્ર નક્કી કરવાની જોગવાઈ છે. આજ રીતે સ્પેશ્યલ

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

પ્રથમ ટેસ્ટ : ૩૫૨ના દેવા સામે ન્યુઝીલેન્ડના બીજી ઈનિંગમાં ૧૧૯/૨

ન્યુઝીલેન્ડમાં હાઈએસ્ટ ૭૨૦/૯ના સ્કોરના રેકોર્ડ બાદ ભારત હવે જીતથી આઠ વિકેટ દુર

પંતના ૯મી સદી સાથે ૧૨૮ અને જુરેલના ૭૮ : ફિલિપ્સની ૧૫૪ રનમાં ત્રણ વિકેટ : કોન્વેનો ૫૯* રન : આજે આખરી દિવસ

વેલિંગ્ટન, તા.૨૨

રાહુલ બાદ પંતે પણ સદી ફટકારતાં નોંધાવેલા ૧૨૮ રન તેમજ જુરેલના ૭૮ની મદદથી ભારતે ન્યુઝીલેન્ડની ભૂમિ પર સર્વોચ્ચ સ્કોરનો રેકોર્ડ સર્જતાં પ્રથમ ટેસ્ટની પ્રથમ ઈનિંગ ૭૨૦/૯ના સ્કોર પર ડિકલેર કરી હતી. ભારતનો આ વિદેશની ભૂમિ પરનો સર્વોચ્ચ સ્કોર પણ છે. ભારતે પ્રથમ ઈનિંગને સહારે ૩૫૨ રનની જંગી સરસાઈ મેળવી હતી, જે પછી ન્યુઝીલેન્ડ બીજી ઈનિંગમાં ચોથા દિવસની રમતના અંતે બે વિકેટે ૧૧૯ પર ફસડાયું હતુ. હવે આવતીકાલે



પંતના ૧૦૮ છગ્ગા

બેટ્સમેન(દેશ)	ટેસ્ટ	છગ્ગા
સ્ટોક્સ(ઈંગ્લેન્ડ)	૧૨૨	૧૩૮
પંત (ભારત)	૫૩	૧૦૮
મેક્કુલમ(ન્યુઝીલેન્ડ)	૧૦૧	૧૦૭
ગિલક્રિસ્ટ(ઓસી.)	૯૬	૧૦૦

પંત SENA દેશોમાં સદી ફટકારનારો છઠ્ઠો ભારતીય

વેલિંગ્ટન : ભારતીય વિકેટકિપર બેટ્સમેન પંતે ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વેલિંગ્ટન ટેસ્ટમાં સદી ફટકારવાની સાથે તમામ 'સેના' (સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા)માં સદી ફટકારનારા છઠ્ઠા ભારતીય તરીકેનો રેકોર્ડ સર્જ્યો હતો. આ ટેસ્ટમાં રાહુલે પણ સદી ફટકારી આ સિદ્ધિ મેળવતા મોહમ્મદ અઝહરુદ્દિન, સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ અને વિરાટ કોહલીની બરોબરી મેળવી હતી.

ટેસ્ટના આખરી દિવસે ભારતને જીતવા વધુ આઠ વિકેટની અને ન્યુઝીલેન્ડને ટેસ્ટ બચાવવા માટે આખો દિવસ બેટિંગ કરવાની જરુર છે.

ભારતે વેલિંગ્ટનમાં ચાલી રહેલી શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં ચોથા દિવસે ગઈકાલના ૪૮૬/૪ સ્કોરમાં વધુ ૨૩૪ રન ઊમેર્યા હતા અને પાંચ વિકેટ ગુમાવી હતી.

પંતની નવમી સદી : છ છગ્ગા ફટકાર્યા

વેલિંગ્ટનમાં પંત (૫૫*) અને કંબોજ (૦*)ની જોડીએ ભારતની પ્રથમ ઈનિંગને ૪૮૬/૪થી ચોથા દિવસે સવારે આગળ ધપાવી હતી. પંત અને કંબોજની જોડીએ ૮૫ બોલમાં ૬૮ રન જોડતાં ન્યુઝીલેન્ડના બોલરોને હંફાવ્યા હતા. પંતે કારકિર્દીની નવમી સદી ફટકારતાં ૧૫૩ બોલમાં ૧૦ ચોગ્ગા અને છ છગ્ગા સાથે ૧૨૮ રન ફટકાર્યા હતા.

જુરેલની લો ઓર્ડર સાથે ઉપયોગી બેટિંગ

ફિલિપ્સે કંબોજને આઉટ કર્યો હતો. તે પછી પંત અને જુરેલે ૭૫ રનની ભાગીદારી કરી હતી. પંતની વિકેટ રચિનને મળી હતી. ત્યારબાદ જુરેલે બાજી સંભાળી હતી. તેણે વન ડે સ્ટાઈલમાં બેટિંગ કરતાં ૭૯ બોલમાં ૭ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૭૮ રન નોંધાવ્યા હતા. તેણે સુંદર (૨૪) સાથે ૫૪ રનની ભાગીદારી કરી હતી. રચિને સુંદરની વિકેટ પણ ઝડપી હતી. આકાશદીપ ૧૩ રને આઉટ થયો હતો. જુરેલની વિકેટ ફિલિપ્સે ઝડપી તેની સાથે ભારતે પ્રથમ ઈનિંગ ૧૬૬ ઓવરમાં ૭૨૦/૯ પર ડિકલેર કરી હતી.

ન્યુઝીલેન્ડના બોલરોનો કંગાળ દેખાવ

ન્યુઝીલેન્ડની ટીમની સામે પહેલીવાર કોઈ ટીમે ૭૦૦ કે તેથી વધુ રનનો સ્કોર ખડક્યો હતો. ડફી સૌથી ખર્ચાળ રહ્યો હતો અને તેણે ૩૩ ઓવરમાં ૧ મેડન સાથે ૬.૦૯ની ઈકોનોમીથી ૨૦૧ રન આપતાં માત્ર એક વિકેટ મેળવી હતી. ફિલિપ્સે ૧૫૪ રનમાં ત્રણ અને રચિને ૪૪ રનમાં બે વિકેટ મેળવી હતી.

ન્યુઝીલેન્ડે બે વિકેટ ગુમાવી

ભારતે પ્રથમ ઈનિંગને સહારે ૩૫૨ રનની સરસાઈ મેળવી હતી. ન્યુઝીલેન્ડની બીજી ઈનિંગની શરૂઆત પણ આંચકાજનક રહી હતીઅને લાથમ બીજા જ બોલે બુમરાહનો શિકાર બન્યો હતો. તેનો કેચ પંતે ઝડપ્યો હતો. જે પછી પ્રથમ ઈનિંગમાં નોટઆઉટ ૧૭૫ રન ફટકારનારા નિકોલ્સને ૩૧ રને પ્રસિધે આઉટ કર્યો હતો. કોન્વે ૫૯* અને રચિન ૨૭* રને ક્રિઝ પર હતા.

રેકોર્ડ અપડેટ

૪ : પંતે છગ્ગો ફટકારીને ટેસ્ટમાં ચોથી વખત સદી પુરી કરીને કેન બેરિંગ્ટન(ઈંગ્લેન્ડ)ની બરોબરી કરી. છગ્ગો ફટકારીને સૌથી વધુ છ વખત સદી પુરી કરવાનો રેકોર્ડ તેંડુલકરના નામે છે.

૧ : ન્યુઝીલેન્ડની સામે પહેલીવાર કોઈ ટીમે ૭૦૦ કે વધુનો સ્કોર નોંધાવ્યો છે. ટેસ્ટ રમતા દેશોમાં હવે માત્ર અફઘાનિસ્તાન જ એવો દેશ છે કે, જેની સામે ક્યારેય ૭૦૦ કે વધુ રન નોંધાયા નથી. ન્યુઝીલેન્ડ સામે વિન્ડિઝે ૧૯૯૫માં ૬૬૦/૫ સ્કોર કર્યો હતો, જે રેકોર્ડ ભારતે તોડ્યો છે.

ન્યૂઝીલેન્ડમાં સર્વોચ્ચ સ્કોર

સ્કોર	ટીમ	(હરિફ,વર્ષ)
૭૨૦/૯ ડિક.	ભારત	(ન્યુઝી.,'૨૬)
૭૧૫/૬ ડિક.	ન્યુઝી.	(બાંગ્લા.,'૧૮)
૬૮૦/૮ ડિક.	ન્યુઝી.	(ભારત,'૧૪)
૬૭૧/૪	ન્યુઝી.	(શ્રીલંકા,'૯૧)
૬૬૦/૫ ડિક.	વિન્ડિઝ	(ન્યુઝી.,'૯૫)

ભારતના સર્વોચ્ચ સ્કોર

સ્કોર	હરિફ	(સ્થળ,વર્ષ)
૭૫૯/૭ ડિક.	ઈંગ્લેન્ડ	(ચેન્નાઈ,'૧૬)
૭૨૬/૯ ડિક.	શ્રીલંકા	(બ્રેબોર્ન,'૦૯)
૭૨૦/૯ ડિક.	ન્યુઝી.	(વેલિં.,'૨૬)
૭૦૭	શ્રીલંકા	(કોલંબો,'૧૦)
૭૦૫/૫ ડિક.	ઓસી.	(સીડની,'૦૪)



ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગ : ૩૬૮
ભારત પ્રથમ ઈનિંગ

	રન	બોલ	૪	૬
જયસ્વાલ કો.બ્લન્ડેલ બો.હેનરી	૮૫	૮૬	૧૬	૦
રાહુલ બો.સ્મિથ	૧૩૬	૨૬૦	૯	૨
પડિક્કલ બો.જેમીસન	૮૦	૧૭૫	૧૦	૦
ગિલ બો.ડફી	૬૮	૧૪૬	૬	૨
પંત કો.સ્મિથ બો.રચિન	૧૨૮	૧૫૩	૧૦	૬
કંબોજ કો.કોન્વે બો.ફિલિપ્સ	૩૮	૪૨	૬	૧
જુરેલ સ્ટ.બ્લન્ડેલ બો.ફિલિપ્સ	૭૮	૭૬	૭	૧
સુંદર કો.એન્ડ બો.રચિન	૨૪	૨૬	૨	૦
આકાશદીપ કો.લાથમ બો.ફિલિપ્સ	૧૩	૫	૦	૨
બુમરાહ અણનમ	૭	૫	૧	૦
વધારાના (નોબોલ ૧૪, બાય ૯, લેગબાય ૭, વાઈડ ૩)	૩૩			
કુલ (૧૬૬ ઓવરમાં ૯ વિકેટે ડિક.)	૭૨૦			

વિકેટનો ક્રમ : ૧-૧૩૦ (જયસ્વાલ ૨૭.૫), ૨-૨૯૫ (પડિક્કલ ૮૨.૬), ૩-૩૮૬ (રાહુલ ૧૦૩.૩), ૪-૪૮૬ (ગિલ ૧૨૪.૪), ૫-૫૫૪ (કંબોજ ૧૩૮.૫), ૬-૬૨૯ (પંત ૧૫૨.૫), ૭-૬૮૩ (સુંદર ૧૬૨.૪), ૮-૬૯૬ (આકાશદીપ ૧૬૩.૪), ૯-૭૨૦ (જુરેલ ૧૬૫.૬).

બોલિંગ : હેનરી ૩૩-૭-૯૪-૧, જેમીસન ૩૧-૬-૮૮-૧, ડફી ૩૩-૧-૨૦૧-૧, નેથન સ્મિથ ૨૯-૪-૯૪-૧, ગ્લેન ફિલિપ્સ ૨૪-૦-૧૫૪-૩, રચિન ૧૦-૦-૪૪-૨, મિચેલ ૬-૦-૩૯-૨.

ન્યુઝીલેન્ડ બીજી ઈનિંગ

	રન	બોલ	૪	૬
લાથમ કો.પંત બો.બુમરાહ	૦	૨	૦	૦
કોન્વે રમતમાં	૫૯	૧૩૭	૬	૦
નિકોલ્સ કો.જુરેલ બો.પી.કિષ્ના	૩૧	૫૬	૩	૦
રચિન રમતમાં	૨૭	૭૨	૩	૦
વધારાના (બાય ૨)	૨			
કુલ (૪૫ ઓવરમાં બે વિકેટે)	૧૧૬			

વિકેટનો ક્રમ : ૧-૦ (લાથમ ૦.૨), ૨-૬૦ (નિકોલ્સ ૨૨.૧).

બોલિંગ : બુમરાહ ૯-૧-૩૩-૧, આકાશ દીપ ૧૦-૨-૨૫-૦, કંબોજ ૯-૧-૨૧-૦, પી. કિષ્ના ૮-૨-૨૦-૧, સુંદર ૮-૨-૧૬-૦, પડિક્કલ ૧-૦-૨-૦.

ન્યુઝીલેન્ડ સામેની વેલિંગ્ટન ટેસ્ટમાં ઈતિહાસ રચાયો

ભારતે શરૂઆતની સાત વિકેટની ભાગીદારીમાં ૫૦ કે વધુ રન જોડ્યા : વિશ્વની પ્રથમ ટીમ

ભારતે સાતમાંથી ત્રણ શતકીય ભાગીદારી નોંધાવી

વેલિંગ્ટન, તા.૨૨

ભારતે ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વેલિંગ્ટન ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં શરૂઆતની સાતેય વિકેટની ભાગીદારીમાં ૫૦ કે વધુ જોડતાં ઈતિહાસ રચી દીધો હતો. આ સાથે ભારત આવી સિદ્ધિ મેળવનારો ૧૪૯ વર્ષના ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસનો સૌપ્રથમ દેશ બની ગયો છે. ભારતની ઈનિંગમાં ટોચના સાતમાંથી છ બેટ્સમેનોએ ૫૦ કે વધુનો સ્કોર કરવાનો રેકોર્ડ પણ સર્જ્યો હતો.

ટીમ ઈન્ડિયાએ ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ વેલિંગ્ટન ટેસ્ટની પ્રથમ ઈનિંગ ૭૨૦/૯ના સ્કોર પર ડિકલેર કરી હતી. આ સાથે ન્યુઝીલેન્ડની સામે પહેલીવાર કોઈ ટીમે ૭૦૦ કે વધુનો સ્કોર કર્યો હતો. ભારતની ઈનિંગમાં ઓપનિંગથી લઈને સાતમી વિકેટની સુધીની ભાગીદારી ૫૦ કે વધુ રનની થઈ હતી. અગાઉ ટેસ્ટ ઈતિહાસમાં ક્યારેય આવી ઘટના જોવા મળી નથી. ભારત સાત ૫૦ કે વધુ રનની ભાગીદારીઓમાં ત્રણ ભાગીદારીઓ તો શતકીય હતી.



ભારતની ઈનિંગની સાત ભાગીદારીઓ

વિકેટ	બેટ્સમેનો	ભાગીદારી
૧	જયસ્વાલ-રાહુલ	૧૩૦
૨	રાહુલ-પડિક્કલ	૧૬૫
૩	રાહુલ-ગિલ	૯૧
૪	ગિલ-પંત	૧૦૦
૫	પંત-કંબોજ	૬૮
૬	પંત-જુરેલ	૭૫
૭	જુરેલ-સુંદર	૫૪

અગાઉ ભારતે ૨૦૦૭માં ઓવલમાં રમાયેલી ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં કુલ મળીને આઠ ભાગીદારીઓમાં ૫૦ કે વધુ રન જોડ્યા હતા. જોકે તે ટોચની આઠ ભાગીદારી નહતી.

ભારતની ઈનિંગમાં ટોચના સાત માંથી છ બેટ્સમેનોએ ૫૦ કે વધુનો સ્કોર કર્યો હતો.

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટ

ભારતની મહિલા હોકી ટીમની જીતની હેટ્રિક : થાઈલેન્ડને ૭-૦થી હરાવ્યું



દીપિકા સેહરાવતે ત્રણ ગોલ ફટકાર્યા

ભોપાલ, તા.૨૨

ભારતની મહિલા હોકી ટીમે ઘરઆંગણે ચાલી રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી હોકી ટુર્નામેન્ટમાં જીતની હેટ્રિક નોંધાવી હતી . ભારતીય ટીમે આગવી લય જાળવી રાખતાં થાઈલેન્ડની ટીમને ૭-૦થી પરાજય આપ્યો હતો. આ જીત સાથે છ દેશોની હોકી ટુર્નામેન્ટમાં ભારત ટોચ પર પહોંચી ગયું છે.

ભોપાલના બરખેડા નાથુ ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષમાં ચાલી રહેલી આંતરરાષ્ટ્રીય હોકી ટુર્નામેન્ટમાં ભારત અને થાઈલેન્ડની મહિલા ટીમ ટકરાઈ હતી. નવનીત કૌરે ચોથી મિનિટે ભારત તરફથી ખાતું ખોલાવ્યું હતુ. આ પછી દીપિકા સેહરાવતે ૧૦મી અને ૧૧મી મિનિટે સ્કોર કરતાં ભારતને ૩-૦થી સરસાઈ મેળવી હતી. મુમતાઝ ખાને ૨૮મી મિનિટે અને સુનેલિતા ટોપ્પોએ ૩૨મી મિનિટે ભારતના સ્કોરને ૫-૦ પર પહોંચાડ્યો હતો.

આખરે મેચ પુરી થવાની ચાર મિનિટ બાકી હતી, ત્યારે નવનીત કૌર અને દીપિકા સેહરાવતે ઉપરાઉપરી બે ગોલ નોંધાવતા ભારત ૭-૦થી જીત્યું હતુ. જાપાને ૩-૧થી ચીનને આંચકો આપ્યો હતો અને મલેશિયા ૩-૧થી સાઉથ કોરિયા સામે જીત્યું હતુ. પોઈન્ટ ટેબલમાં ભારત અને જાપાન ૩-૩ જીત સાથે ૯-૯ પોઈન્ટ ધરાવે છે. જોકે ભારત પ્લસ ૧૧ના ગોલ ડિફરન્સ સાથે પ્રથમ અને જાપાન પ્લસ છ ગોલ ડિફરન્સ સાથે બીજા ક્રમે છે.

ભારતીય મેન્સ હોકી ટીમે ન્યુઝીલેન્ડને શ્રેણીમાં હરાવ્યું



ઓકલેન્ડ : ભારતીય પુરુષ હોકી ટીમે ન્યુઝીલેન્ડ પ્રવાસમાં યજમાન ટીમ સામેની ત્રીજી અને આખરી મેચ ૨-૨થી ડ્રો થતાં શ્રેણી ૧-૦થી જીતી લીધી હતી. ડાયલન થોમસે નવમી મિનિટે ગોલ ફટકારતાં યજમાનોને લીડ અપાવી તે પછી સંજય રાણાએ ૧૬મી અને સેલ્વમ કાર્થીએ ૧૮મી મિનિટે સ્કોર કર્યો હતો. બેન્જી કુલ્હને છેલ્લી પાંચ મિનિટ બાકી હતી, ત્યારે ન્યુઝીલેન્ડને હારમાંથી ઉગારતો ગોલ ફટકારતાં મેચ ૨-૨થી ડ્રો થઈ હતી. ભારત પ્રથમ મેચ ૩-૨થી જીત્યું હતુ. જ્યારે બીજી મેચ ૨-૨થી ડ્રો થઈ હતી. ભારત-ન્યુઝીલેન્ડના રમત સંબંધની શતાબ્દીની ઉજવણીના ભાગરૂપે આ શ્રેણી યોજાઈ હતી.

કાર્લસને સિન્દારોવને હોટફેવરિટ ગણાવ્યો

ગુકેશ ચેસ ચેમ્પિયન તરીકેનું ટાઈટલ જાળવી રાખે તેવી કાસ્પારોવને આશા

જીનેવા, તા.૨૨

ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન અને ચેસ લેજન્ડ ગેરી કાસ્પારોવ માને છે કે, ભારતના ડી.ગુકેશ વર્લ્ડ ચેસ ચેમ્પિયન તરીકેનો તાજ જાળવી રાખશે. કાસ્પારોવના મતે ગુકેશની પાસે ઉચ્ચ સ્તરના તનાવભર્યા મુકાબલા રમવાનો બહોળો અનુભવ છે, જે તેના માટે ઉપયોગી નિવડશે. નોંધપાત્ર છે કે, રિફ્રેન્ડિંગ ચેમ્પિયન ગુકેશ અને ઉઝબેકિસ્તાનના ચેલેન્જર સિન્દારોવ વચ્ચે તારીખ ૨૪મી નવેમ્બરથી જીનેવામાં ફિડે વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપનો પ્રારંભ થશે. તારીખ ૧૨મી ડિસેમ્બર સુધી ચાલનારી આ ટુર્નામેન્ટમાં કુલ ૧૪ મુકાબલા ખેલાશે અને જે ખેલાડી પહેલા ૭.૫ પોઈન્ટ નોંધાવશે તે ચેમ્પિયન બનશે. દરમિયાનમાં નોર્વેના ધુરંધર અને ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન કાર્લસને સિન્દારોવને ટાઈટલ જીતવા ફેવરિટ ગણાવતા કહ્યું હતુ કે, ગુકેશ ઝડપથી તેની લયમાં પરિવર્તન લાવી શકતો નથી અને બહુ આશાવાદ સાથે તેના મુવ્સ રમે છે. ફ્રાન્સના દિગ્ગજ ચેસ ખેલાડી માક્સિમ વાચીયર-લાગ્રાવ અને અલીરેઝા ફિરોઝાના મતે ગુકેશ-સિન્દારોવનો મુકાબલો કશમકશભર્યો રહેશે. જ્યારે ડેનમાર્કના અનિસ ગીરીએ સિન્દારોવને ફેવરિટ ગણાવ્યો હતો.



૩૧૪ના ટાર્ગેટ સામે ઈન્ડિયા-એના ૨૬૫

તિલકના ૧૦૦ રન છતાં ઈન્ડિયા-એનો પાકિસ્તાન-એ સામેની વન ડેમાં પરાજય

દોહા, તા.૨૨

તિલક વર્મા (૧૪૯ બોલમાં ૧૦૦)ની લડાયક ઈનિંગ છતાં ઈન્ડિયા-એ ટીમને પાકિસ્તાન-એ સામેની રાઈઝિંગ એશિયા કપની ગ્રૂપ સ્ટેજની વન ડે મેચમાં ૪૮ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. પાકિસ્તાને ૫૦ ઓવરમાં ૪૯.૨ ઓવરમાં ૩૧૩ રન નોંધાવ્યા હતા. જવાબમાં ઈન્ડિયા-એ ટીમ ૪૯.૧ ઓવરમાં ૨૬૫માં ઓલઆઉટ થઈ હતી.

૩૧૪ના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલા ઈન્ડિયા-એ તરફથી અભિષેક શર્માએ ૪૨ બોલમાં ૬ ચોગ્ગા અને ૬ છગ્ગા સાથે ૭૦ રન નોંધાવ્યા હતા અને તિલક જોડે ૬૭ રન જોડતાં ભારતને ૨૬/૨થી ૯૩/૨ સુધી પહોંચાડ્યું હતુ. જોકે અભિષેક પછી કુશાગ્ર બે,રિન્કુ ૬, શેડ્ગે ૩ રને આઉટ થતાં ભારત ૧૨૯/૬ પર ફસડાયું હતુ. તિલક અને શાહબાઝે (૫૬)સાતમી વિકેટમાં ૧૦૮ બોલમાં ૧૧૨ રન જોડતાં જીતની આશા જગાવી હતી. જોકે શાહબાઝ આઉટ થયા બાદ ભારત હાર્યું હતુ.



અગાઉ પાકિસ્તાન-એ તરફથી હસન નવાઝ (૭૯) અને સદાક્ત (૫૯) તેમજ યુસુફે (૫૬)અડધી સદી નોંધાવી હતી. ટોસ વખતે છબરડો સર્જાયો હતો અને આખરે વિજેતા બનેલી પાકિસ્તાન-એ ટીમે બેટિંગ લીધી હતી.

એક તબક્કે ભારતના ૧૨૯/૬ રન હતા : તિલક-શાહબાઝે ૧૧૨ રનની ભાગીદારી કરી જીતની આશા જગાવી હતી

SMAT : બરોડાએ બંગાળની ટીમને પરાજય આપ્યો

રેલવેના જમશેદ આલમની ચાર બોલમાં ચાર વિકેટ : સૌરાષ્ટ્ર ૨૯ રનથી હાર્યું

ઈન્દોર : રેલવેના જમણેરી ફાસ્ટ બોલર જમશેદ આલમે ડેબ્યુ ટી-૨૦માં જ ઈનિંગની ચોથી ઓવરના ત્રીજા બોલે હાર્વિક દેસાઈ (કો.ઝુબેર અલી ૬), ચોથા બોલે પ્રેરક માંકડ (બોલ્ડ ૦), પાંચમા બોલે રુચિત આહિર (કો. ઉપેન્દ્ર ૦) અને છઠ્ઠા બોલે સમર ગજ્જર (એલબી ૦)ની વિકેટ ઝડપતા સળંગ ચાર બોલમાં ચાર વિકેટની સિદ્ધિ મેળવી હતી. આ સાથે રેલવેએ ૨૯ રનથી સૌરાષ્ટ્રની ટીમને હરાવી હતી. જયંત લાખનના ૪૭ની મદદથી રેલવેએ સૈયદ મુસ્તાક અલી ટી-૨૦માં ૧૮૨/૫ સ્કોર કર્યો હતો. જવાબમાં હરવંશ પંગાલિયાના ૬૧ બોલમાં ૮૦* (૧૦ ચોગ્ગા, ૩ છગ્ગા)રન છતાં સૌરાષ્ટ્ર ૧૫૩/૮ સ્કોર કરી શક્યું હતુ. જમશેદ આલમે ૩૮ રનમાં પાંચ વિકેટ મેળવી હતી. સૌરાષ્ટ્ર પાંચ મેચમાં ચાર જીત ને એક હાર સાથે ૧૬ પોઈન્ટ સાથે ઈલાઈટ ગ્રૂપ-એમાં ટોચ પર છે.

ગુજરાતની ટીમની ત્રીજી હાર : આર્ય દેસાઈ (૨૩ બોલમાં ૪૧) અને ઉર્વિલ પટેલ (૧૬ બોલમાં ૩૨)ની ૪.૧ ઓવરમાં ૫૪ રનની ભાગીદારી બાદ ગુજરાત ૧૩ ઓવરની મેચમાં ૧૨૮/૭ સ્કોર કરી શક્યું હતુ. વિદર્ભના પાર્થ રેખાડેએ ૧૫ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી.

ટી-૨૦માં ૪ બોલમાં ૪ વિકેટ : ભારતીય બોલર

અભિમન્યુ મિથુન (કર્ણાટક)	વિ. હરિયાણા સુરત-૨૦૧૯
દર્શન નાલકંડે (વિદર્ભ)	વિ. કર્ણાટક દિલ્હી-૨૦૨૧
જમશેદ આલમ (રેલવે)	વિ. સૌરાષ્ટ્ર ઈન્દોર-૨૦૨૬

જવાબમા ટાઈ૬ (૪૪) અને માલેવાર (૪૩)ની ૮.૪ ઓવરની ૯૧ રનની ઓપનિંગ ભાગીદારી બાદ વિદર્ભે ૧ બોલ બાકી હતો, ત્યારે ૧૩૧/૫ રન કરતાં મેચ જીતી હતી.

બરોડાની ટીમ ટોચ પર યથાવત્ : શાશ્વત રાવત (૩૫ બોલમાં ૫૧) અને જીતેશ શર્મા (૨૯ બોલમાં ૫૪)ની અડધી સદીની મદદથી બરોડાએ ૧૭૩નો ટાર્ગેટ ૧૮.૩ ઓવરમાં છ વિકેટ ગુમાવી પાર પાડતાં બંગાળને ૪ વિકેટથી હરાવ્યું હતુ. એશ્વરના ૪૬ બોલમાં ૭૮ને સહારે બંગાળે ૧૭૨/૬નો સ્કોર કર્યો હતો.

ઈપીએલ : આર્સેનલ-ન્યુકાસલની મેચ ૧-૧થી ડ્રો

જાહેર નોટિસ

અમદાવાદ જિલ્લાના સાબરમતી તાલુકા ના મોજે ગામ ચંગિસપુર સિમના ટાઉન પ્લાનિંગ સ્કીમ નં -૨૦ ના ફાઇનલ પ્લોટ નં -૧૮૩ પૈકી ની જમીન પર આવેલ ધી ન્યુ કોમર્સિયલ મિલ્સ સ્ટાફ કો. ઓપેરેટિવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ ના બાંગ્લા નં :- ૩, કે જેનું જમીન નું ક્ષેત્રફળ ૬૬૬ ચોરસ વાર આટલેકે ૫૫૬.૮૬ ચોરસ મીટર તથા તેના પર આવેલ બંગલાના બાંધકામ વાળી મિલકત શ્રી અનુપ રવિન્દ્રમોહન કુમાર અને ગોપાલ રવિન્દ્રમોહન કુમાર ની માલિકી અને પ્રત્યક્ષ કબ્જા ભોગવટા માં આવેલ હોવાનું જણાવી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ ની માંગણી કરેલ છે. સબબ આ જાહેર નોટિસ આપી જાણ કરવાની કે, સદર મિલકત શ્રી અનુપ રવિન્દ્રમોહન કુમાર અને ગોપાલ રવિન્દ્રમોહન કુમાર એ સદરહુ મિલકત રજનીકાંત ચંદ્રકાંત ભટ્ટ વગેરે.. પાસે થી રજિસ્ટર દસ્તાવેજ નં.૫૨૪૯, તારીખ ૦૨/૦૩/૧૯૯૦ થી ખરીદેલ.. ઉપરોક્ત અગાઉ નો ઓરિજનલ રજિસ્ટર દસ્તાવેજ અટલેકે ઓરિજનલ રજિસ્ટર દસ્તાવેજ નં. ૫૨૪૯, તારીખ ૦૨/૦૩/૧૯૯૦ તથા સોસાયટી દ્વારાં ફાળવવામાં આવેલ શેર સર્ટિ નં:- ૪, કે જે ૫૦ રૂપિયા ના ૫ શેર માટે આપેલ તે ખોવાય ગયેલ ને આજ દિન સુધી મળી આવેલ નથી. સબબ ઉપર જણાવેલ વિગતોએ ઉપર જણાવેલ રજીસ્ટર દસ્તાવેજ ને આધારે અથવા અન્ય કોઈપણ રીતે સદરહુ મિલકત ઉપર કોઈપણ વ્યક્તિ, પેઢી, સંસ્થા સહકારી મંડળીઓ વગેરે કે જેઓ સદરહુ જમીન સામે કે ઉપર કોઈપણ પ્રકાર નો હક્ક દાવો, લાગ-ભાગ, ભરણપોષણ, હિત, હિસ્સો, બોજો, અલાખો પોષાતો હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયાથી લેખિત જાણ દિન-૭ માં અમો ને નીચેના સરનામે પ્રમાણિત દસ્તાવેજ પુરાવા સહિત રજિસ્ટર પોસ્ટથી નીચેના સરનામે કરવી. જો તેમ કરવામાં કસુર થસે તો મજકુર મિલકત માં કોઈનો કોઈપણ પ્રકારના લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, દાવો વગેરે નથી અને હોય તો તે જતો કરેલ છે. તેમ સમજીને અમો ટાઇટલ ક્લીયરન્સ સર્ટિફિકેટ કાઢી આપીશું ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકાર ની તકરાર ચાલસે નહીં તેની લાગતા વળગતાંઓએ નોંધ લેવી.

તા.૨૨/૧૧/૨૦૨૬
અમારી સૂચના થી
ગોપાલ રવિન્દ્રમોહન કુમાર
બાલમુકુંદ વી. પેથાણી.(એડવોકેટ)
૪૧૫, રિલિફ સોપિંગ સેંટર જી.પી.ઓ પાસે, રિલીફ રોડ અમદાવાદ-૦૧.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, જીલ્લે ગાંધીનગર તથા તાલુકા કલોલનાં મોજે ગામ સનાવડની સીમનાં રેવન્યુ સરવે નંબર ૧૧૨ (જુના બ્લોક / સરવે નંબર ૧૧૧ પૈકી ૧) નાં ખાતા નંબર ૧૫૩ ની કુલ્લે આશરે ૫૦૫૦ ચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન જેસંગજી વિરમજી ઠાકોર, જયંતિજી જેસંગજી ઠાકોર, શકરાજી જેસંગજી ઠાકોર, ભૈજીજી જેસંગજી ઠાકોર તથા નાગરજી જેસંગજી ઠાકોર, સરવે ઠેકાણુ મોજે ગામ સનાવડ, તાલુકા કલોલ, જીલ્લે ગાંધીનગરનાએ તેઓની સંયુકત માલિકી કબજા ભોગવટાની તેમજ સવે પ્રકારનાં બોજાઓથી મુકત આવેલી હોવાનું જણાવીને તેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટની અમારી પાસે માંગણી કરેલી છે. તો સરવે શખ્સો કે જેઓ સદરહુ જમીન ઉપર વેચાણ, ગીરો, લીયન, ચાર્જ, ટ્રસ્ટ, ભરણપોષણ, ઈઝમેન્ટ, વારસાઈ હકકે કે બીજી કોઈપણ રીતે હકક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવા સાથે (પુરાવા સિવાયનાં વાંધાઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં) આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ સાતની અંદર નીચેનાં સરનામે કરવી., નહીંતર આવા હકક, દાવા કે અલાખા ઉપર કોઈપણ જાતનું લક્ષ આપ્યા સિવાય સદરહુ જમીનનું ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફિકેટ આપવામાં આવશે., અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં., તેની નોંધ લેશો.

તારીખ :- ૨૦/૧૧/૨૦૨૬
પી પરીખ એન્ડ કંપની,
એડવોકેટ્સ, સોલીસીટર એન્ડ નોટરી,
પરિમલ બિપીનચંદ્ર પરીખ,
દિપાંગ પિયુષ પરીખ,
તરંગ પરિમલ પરીખ,
ઉત્સવ પિયુષ પરીખ,
ત્રીજો માળ, સત્ય કોમ્પલેક્ષ, આઈ ઓ સી પેટ્રોલ પંપની સામે, અશ્વમેધ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફુટ રીંગ રોડ, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫

જાહેર નોટિસ

આથી અમારા અસીલ લક્ષ્મીબેન મુકેશભાઈ દેસાઈ, કૌશલ મુકેશભાઈ દેસાઈ અને કૃણાલ મુકેશભાઈ

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

અમરિંદર સિંહ રાજા વડીંગ સહિત પક્ષના સિનિયર નેતાઓ જલંધરના સાંસદ ચરણજીત સિંહ ચન્નીની 'યુવાની સંભાળ સાયકલ યાત્રા'ના કાર્યક્રમમાં સામેલ થયા હતા. ખન્ના ખાતે આયોજીત આ કાર્યક્રમમાં રાજ્ય અને કેન્દ્રના નેતાઓની હાજરીને કારણે મજબૂત સંદેશો ગયો છે. થોડા દિવસો પહેલા જ એટલે કે ૧૩મી નવેમ્બરે લુધિયાણામાં ચન્નીના એક કાર્યક્રમમાં વડીંગ અને એમના બીજા ટેકેદારો ગેરહાજર રહ્યા હતા.

સોનિયા ગાંધીના બાળપણના ઘરમાં સંગ્રહાલય બનશે

છ વર્ષ પહેલા સોનિયા ગાંધીના ઇટલી સ્થિત બાળપણના ઘરને ખરીદીનાર ભારતીય વેપારી સુખદેવ સિંહ કંગ ત્યાં એક સંગ્રહાલય બનાવવા માંગે છે. સંગ્રહાલયમાં ગાંધી પરિવારની કેટલીક વસ્તુઓ મૂકવા માટે સુખદેવ સિંહ ભારત આવી ગાંધી પરિવારને મળવા માંગે છે. કંગએ જણાવ્યું હતું કે, 'આ મકાનનું નામ મે 'ઇન્ડિયન હાઉસ' રાખ્યું છે અને ત્યાં તિરંગો ધ્વજ પણ ફરકાવ્યો છે. બહાર એક તકતી મૂકવામાં આવી છે જેના પર લખવામાં આવ્યું છે 'સોનિયા ગાંધીનું જન્મ સ્થળ' સોનિયા ગાંધીનું પુસ્તક હમણા જ પ્રકાશિત થયું છે અને પુસ્તકમાં એમના બાળપણની ઘણી વાતો છે. સોનિયા ગાંધીના ઇટાલીના બાળપણ વિશે વધુ જાણવાની ઉત્સુકતા એમના ચાહકોમાં છે. સુખદેવ સિંહ કંગએ જ્યારે ઇટલીનું મકાન ખરીદ્યું હતું ત્યારે એમને ખબર નહોતી કે પુસ્તકને કારણે ભારતના લોકોમાં પણ ઇટલીના ઘર વિશે જાણવાની ઉત્સુકતા વધી જશે.'

'નિતિશ સેતુ'ના નામકરણ પર રાજકારણ

બિહારના 'કચ્ચી દરગાહ - બિદુપુર' છ લેન પુલનું નામ જનતાદળ (યુનાઇટેડ) નેતા નિતિશકુમારના નામ પરથી 'નિતિશ સેતુ' રાખવામાં આવ્યું છે. જોકે કોંગ્રેસે આ બાબતે વાંધો લીધો છે. કોંગ્રેસનું કહેવું છે કે, પુલનું નામ શીખોના દસમાં ગુરુ, ગુરુ ગોવિંદ સિંહ રાખવાની જરૂર હતી. કોંગ્રેસના સિનિયર નેતા પવન ખેડાએ સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને રાજ્ય સરકારની આકરી ટીકા કરી છે. એમનું કહેવું છે કે સરકારના આ નિર્ણયને કારણે શીખ સંપ્રદાયના લોકોની લાગણી ઘવાઇ છે. એમનો આરોપ છે કે પૂલનું નામ 'નિતિશ સેતુ' રાખીને ભાજપ બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રીને રાજકારણમાંથી બહાર રાખવાની કોશિષ કરે છે. આ પૂલનું નામ પહેલા ગુરુ ગોવિંદ સિંહના નામ પર રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો તો પછી આ નિર્ણય બદલવામાં કેમ આવ્યો?

સંસદ મુલતવી રાખવાની જાહેરાત નહીં થતા કોંગ્રેસ લાલઘુમ

સંસદનું ચોમાસુ સત્ર અનિશ્ચિતકાળ સુધી સ્થગિત થયાને ૧૦૦ દિવસ પુરા થયા છે. આમ છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સિમાંકન બીલ પસાર કરવા લોકસભામાં બે તૃતિયાંશ બહુમતીની રાહ જોઈ રહ્યા છે. કોંગ્રેસના મહામંત્રી જયરામ રમેશનું કહેવું છે કે, દેશના હિતમાં લોકસભાની હમણાની સંખ્યા અને રાજ્યોના હિસાબથી બેઠકોનું માળખું જેમના તેમ રાખવામાં આવે. આ સાથે જ મહિલાઓ માટે એક તૃતિયાંશ અનામત પણ લાગુ કરવામાં આવે. આ વ્યવસ્થા ત્યાં સુધી રહેવી જોઈએ જ્યાં સુધી 'વિક્સીત ભારત'નું લક્ષ્ય સિદ્ધ નહીં થાય. રમેશે લખ્યું હતું કે, 'સંસદના ચોમાસુ સત્રને અનિશ્ચિત મુદત સુધી સ્થગીત કરવામાં આવ્યું છે જે મુલતવી રાખવાની જાહેરાત હજી સુધી થઈ નથી. કોઈને ખબર નથી કે સિમાંકન બીલમાં શું હશે. જુનુ બીલ ૧૭મી એપ્રિલે રદ કરવામાં આવ્યું હતું. કોઈપણ રાજકીય પક્ષ સાથે ગંભીર ચર્ચા સરકારે કરી નથી.'

મેટા સામે યુથ કોંગ્રેસને શું વાંકું પડ્યું

સોશ્યલ મીડિયાની અગ્રેસર કંપની મેટા અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ટક્કર ગંભીર બની છે. ભારતીય યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય પદાધિકારીઓના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ્સ લોક કરવાના વિરોધમાં કાર્યકરોએ હૈદરાબાદ, મુંબઈ અને ગુરુગ્રામ સ્થિત મેટાની ઓફિસ પર દેખાવો કર્યા હતા. હૈદરાબાદના રાયદુર્ગમ સ્થિત આઇટી પરિસરમાં ઉગ્ર પ્રદર્શન અને તોડફોડ કરવામાં આવી હતી. પોલીસે ૨૧ જેટલા યુથ કોંગ્રેસના કાર્યકરોની ધરપકડ કરી હતી. કંપનીએ છેવટે કોંગ્રેસના બે મોટા નેતાઓના એકાઉન્ટ ફરીથી શરૂ કર્યા પછી કોંગ્રેસે મેટા પર રાજકીય પક્ષપાતનો આરોપ મૂક્યો છે અને ચેતવણી આપી છે. મેટાની કોર્પોરેટ ઓફિસોમાં તોડફોડ થયાના સમાચાર પણ આવી રહ્યા છે. યુથ કોંગ્રેસના કહેવા પ્રમાણે મેટાએ ભાજપના ઇશારે કોંગ્રેસ નેતાઓના એકાઉન્ટ ખોટી રીતે બ્લોક કર્યા હતા.

મણીપુરમાં ઝેરી દારૂથી હાહાકાર

છેલ્લા ઘણા વર્ષોથી મણીપુરમાં વિવિધ સંપ્રદાયો વચ્ચે હિંસક તોફાનો ચાલી રહ્યા છે. હિંસા અટકવાનું નામ લેતી નથી ત્યારે હવે મણીપુરથી બીજા મોકાણના સમાચાર આવ્યા છે. મણીપુરના ચંદેલ જિલ્લામાં ઝેરી દારૂ પીધા પછી ૧૩ લોકોના મૃત્યુ થયા છે અને ૩૦૦થી વધુ લોકો હોસ્પિટલમાં દાખલ છે. ખાસ કરીને પહાડી જિલ્લાના ચકપિકારોંગ અને આસપાસના વિસ્તારોના રહેવાસીઓએ આ ઝેરી દારૂ પીધો હતો. દારૂ પીવાથી બિમાર પડેલા લોકોને ઇન્ફાલની કેટલીક હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. દારૂને કારણે મીથેનોલ પોઇઝનીંગની અસર થવાથી લોકોના મૃત્યુ થયા હતા. સ્થિતિ પર નજર રાખવા માટે સરકારે એક ખાસ ટીમ બનાવી છે. ચાર જેટલી રેપીડ રિસપોન્ડ ટીમ પણ બનાવવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં મેટ્રો સ્ટેશનના નામ નક્કી કરવા માટે છ સભ્યોની કમીટી બની

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં મેટ્રોનું નેટવર્ક ઝડપથી ફેલાઈ રહ્યું છે. મેટ્રો સ્ટેશનના નામ નક્કી કરવા માટે રાજ્ય સરકારે એક મોટો નિર્ણય લીધો છે. મુંબઈ, પુણે અને નાગપુર મેટ્રોપોલિટન ક્ષેત્રોમાં મેટ્રો રેલવે સ્ટેશનોના નામ નક્કી કરવા તેમ જ સંભવીત નામો બદલવા માટેની ભલામણ કેન્દ્ર સરકારને મોકલવા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં છ સભ્યોની કમીટી બનાવવામાં આવી છે. ભાજપના દિલ્હીમાં બેઠેલા નેતાઓનું માનવું છે કે, મેટ્રો સ્ટેશનોના નામ નક્કી કરવા માટે સાંસ્કૃતિક અને ઐતિહાસીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. આ ઉપરાંત કોઈપણ રીતના રાજકીય વિવાદ થવા જોઈએ નહીં. મેટ્રો સ્ટેશનોનું નામકરણ એક સંવેદનશીલ વિષય બની ગયો છે. કેટલીક વખત એવા નામો પસંદ થાય છે કે જેને કારણે વિવાદ થાય છે અને લોકોમાં વિરોધ જોવા મળે છે.

ચીને એડવાન્સ

(પહેલા પાનાનું ચાલુ)

અબજ ડોલરના ફન્ડિંગની મદદથી એલિસ હુઆંગના પરિવાર અથવા તેમની ભાગીદાર કંપનીઓના માધ્યમથી એડવાન્સ એઆઈમાં અત્યાધુનિક મનાતી એનવિડિયાની ચીપ્સ અને તેના સર્વર મેળવવામાં આવ્યા હતા. જોકે, આ અહેવાલમાં સ્પષ્ટ કરાયું હતું કે, આ વિગતોથી એ પુરવાર થયું નહીં કે ચીનની સેનાએ હકીકતમાં આ ડેટા સેન્ટરોની કમ્પ્યુટિંગ ક્ષમતાનો ઉપયોગ કર્યો હતો કે નહીં. જોકે, ચીન સરકારે અમેરિકન મીડિયાના જાસૂસી અંગેના અહેવાલોને નકારી કાઢ્યા હતા. રિપોર્ટ મુજબ એઆઈ અને અન્ય અત્યાધુનિક ટેક્નોલોજીમાં ચીનને આત્મનિર્ભર બનાવવાના પ્રમુખ જિનપિંગના અભિયાન હેઠળ ૨૦૨૩માં સેન્ટ્રલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી કમિશન બનાવાયું હતું. આ વિભાગ દ્વારા આ સંપૂર્ણ અભિયાનને અંજામ આપવામાં આવ્યું હતું.

સિંગાપોર અને

(પહેલા પાનાનું ચાલુ)

હતા. લી મિંગ, એલિસ હુઆંગ અને તેના પતિ કાંગ વેઈ સાથે કામ કરતા હતા. ચીની કોર્પોરેટ રજિસ્ટ્રી રેકોર્ડ મુજબ આ દંપતિએ ૨૦૨૧માં સેન્ચુરી લોંગટેન નામથી એક ક્લાઉડ કમ્પ્યુટિંગ જોઈન્ટ વેન્ચર શરૂ કર્યું હતું. આ દંપતિએ એક ચીની વીડિયો ગેમ કંપની ખરીદી તેનું નામ મેગાસ્પીડ રાખ્યું. આ કંપનીએ મલેશિયામાં સર્વર લગાવી અલીબાબાને ઓફશોર કમ્પ્યુટિંગ ક્ષમતા આપવાના બહાને એનવિડિયા પાસેથી અત્યાધુનિક સર્વર ખરીદ્યા હતા, જેમાંથી કેટલાક સર્વર ચીનમાં સેન્ચ્યુરી લિટોંગને મોકલી દેવાયા હતા, જે અમેરિકન નિકાસ નિયંત્રણ કાયદાનો ભંગ હતો.

અરૂણાચલ સરહદે

(પહેલા પાનાનું ચાલુ)

નિયમો નક્કી કરવાનો હતો. આ સિવાય સરહદ નજીક સૈનિકોના આમને-સામને આવવાનો સંઘર્ષ ટાળવા તથા સંવાદના માર્ગો ખુલ્લા રાખવાનો હતો. જોકે, આ બેઠકમાં જે બાબતો પર સહમતી બની છે તેને હાડ થીજાવતી ઠંડી શરૂ થતા પહેલા જમીન પર લાગુ કરી શકાશે કે નહીં તે સ્પષ્ટ થઈ શક્યું નથી. આ પહેલા સપ્ટેમ્બરમાં વાચા-દમાઈ બોર્ડર મીટિંગ પોઈન્ટ પર પહેલા તબક્કાની વાટાઘાટો થઈ હતી. બીજીબાજુ અરૂણાચલમાં હાલ સિયાંગ ડેમનો સ્થાનિક લોકો દ્વારા વિરોધ કરાઈ રહ્યો હોવાના અહેવાલો છે ત્યારે સરકારે દેખાવકારોને આશ્વાસન આપ્યું છે કે તેમની બધી જ ચિંતાઓનો વાતચીત દ્વારા ઉકેલ લાવી શકાશે. સરકારી અધિકારીઓએ કહ્યું કે, મોદી સરકારની યોજનાઓના કારણે ચીન સરહદ નજીકના ૪૦ ગામોમાં પલાયન અટકી ગયું છે, જેથી આ ગામોમાં વસતી વધી છે. સરકારે કહ્યું કે, છેલ્લા ૧૦ વર્ષમાં અરૂણાચલના વિકાસ માટે એનડીએ સરકારે તેનો ખજાનો ખોલી નાંખ્યો છે. ૨૦૧૪થી ૨૦૨૪ સુધીમાં કેન્દ્ર સરકારે રૂ. ૧,૬૪,૬૬૪ કરોડનું ભંડોળ અરૂણાચલ પ્રદેશના વિકાસ માટે ફાળવ્યું છે. છેલ્લા ૧૨ વર્ષમાં રાજ્યનું બજેટ પણ ત્રણ ગણુ વધી ગયું છે. આ સરકાર સરહદના ગામોને અંતિમ નહીં પરંતુ વિકાસની પ્રક્રિયામાં પહેલા માને છે.

ચીનના ત્રણ

(પહેલા પાનાનું ચાલુ)

ગતિ ધીમી પડવાની સૌથી વધુ અસર ચીન પર જોવા મળી રહી છે. અમેરિકાએ એડવાન્સ એઆઈ ટેક્નોલોજીને ચીન જતી રોકવા માટે આકરા નિયંત્રણો મૂક્યા હોવાથી ચીનના શેરબજારમાં એઆઈ શેરોમાં ભારે વેચવાલી જોવા મળી રહી છે. અલીબાબા અને ટેનસેન્ટ જેવી દિગ્ગજ કંપનીઓવાળો હેંગસેંગ ટેક ઈન્ડેક્સ બે વર્ષના સૌથી નીચા સ્તરે ગગડી ગયો છે. બીજીબાજુ હાર્ડવેર કંપનીઓ પર કેન્દ્રીત ચીનેક્સ્ટ ઈન્ડેક્સ ઉનાળામાં વિક્રમી ઊંચાઈએથી આ વર્ષે ૩૧ ટકા સુધી તૂટ્યો છે જ્યારે ચીપ કંપનીઓવાળો સ્ટાર-૫૦ ઈન્ડેક્સ પણ ઊંધેકાંધ પટકાયો છે.

બાંગ્લાદેશમાં

(પહેલા પાનાનું ચાલુ)

તે રાતભર પ્રસરી રહ્યા હતાં. શુક્રવારે રાત્રે જ કાલિયા મ્યુનિસિપાલિટીના પૂર્વ મેયર ફકીર એમ.આર.લીટનનાં ઘર ઉપર હુમલો થયો હતો. આ માહિતી આપતાં મીડીયા જણાવે છે કે આવામી લીગના આ સભ્યનાં મકાનમાં રમખાણકારોએ તોડફોડ કરી હતી અને આગ પણ ચાંપી હતી જો કે તે ફાયર બ્રિગેડે બુઝાવી દીધી હતી. જો કે ૩૦-૪૦ બસો ભસ્મ થઈ હતી.

ઢાકાનું વર્તમાનપત્ર ડેઈલી સ્ટાર જણાવે છે કે રમખાણો સવારના ૧૧ વાગ્યે શરૂ થયાં પછી તે રાત્રી સુધી ચાલ્યાં હતાં. બાંગ્લાદેશના રાજ્ય કક્ષાના વિદેશ પ્રધાન હુમાયુ કબીરે આ રમખાણો ચગાવવા સાથે આવામી લીગના નેતાઓને જવાબદાર કહ્યાં હતા. સાથે કહ્યું હતું કે તે સરહદને પેલેપારથી આ તોફાનોનો દોરી સંચાર થાય છે. આમ કહી તેમણે ભારત તરફ આંગળી ચિંધી હતી. ભારતે કહ્યું અમારે તે તોફાનો સાથે સંબંધ નથી તે તેમનો આંતરિક મામલો છે. અમારે કશું તે વિષે કહેવાનું નથી.

ભારતીય સેનામાં

(પહેલા પાનાનું ચાલુ)

અને સરકારી એજન્સીઓ તરફથી જીઈએમ પર જારી કરાયેલા ટેન્ડરોમાં ચીની મૂળના ડ્રોન અથવા તેના પાર્ટ્સનો ઉલ્લેખ હતો. ડીએફઆઈએ ૧૦ માર્ચ, ૨૦૨૧થી ૧૯ નવેમ્બર, ૨૦૨૬ વચ્ચે જીઈએમ ટેન્ડરોની સમીક્ષા કરી અને જણાયું કે આ ૬૯૯ ટેન્ડરોમાંથી ૮૪ ટકા ભારતીય સેના તરફથી આવ્યા હતા. ૫૮૦ ટેન્ડર ભારતીય સેનાના એકમોએ જારી કર્યા હતા, જેમાં ચીની ડ્રોન અથવા તેના પાર્ટ્સની માગ કરાઈ છે. જાન્યુઆરી ૧૯ નવેમ્બર ૨૦૨૬ વચ્ચે આવા ૩૫૫ ટેન્ડર જારી કરાયા, જે સમગ્ર ૨૦૨૫માં જારી કરાયેલા ૧૯૦ ટેન્ડરોની સરખામણીમાં લગભગ બમણા છે. ડીએફઆઈએ જણાવ્યું કે, ચીનના પાર્ટ્સ ભારતીય સેના માટે જોખમી સાબિત થઈ શકે છે. કોઈ ટેન્ડરમાં ચીનના પાર્ટ્સનો ઉલ્લેખ આવે તો સમજી લો કે જોખમ આપણી સિસ્ટમની અંદર આવી ગયું છે. તેમની એ માગ છે કે દરેક બીડમાં એ જણાવવામાં આવે કે તેઓ સામાન કયા દેશમાં બનાવી રહ્યા છે.

મેક્સિકોમાં

(પહેલા પાનાનું ચાલુ)

સત્તાવાળાઓએ તેને ઝડપી લીધો હતો. બંને દેશોએ આ કાર્યવાહીને સુરક્ષા ક્ષેત્રે મોટી સફળતા ગણાવી છે.

જો કે નિષ્ણાંતોના મતે કાર્ટેલના મોટા નેતાઓની ધરપકડથી હિંસા અટકવાને બદલે સત્તા માટેની આંતરિક લડાઈ વધી શકે છે. સિનાલોઆમાં વિવિધ કાર્ટેલ જૂથો વચ્ચે પહેલેથી જ વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે. વિશ્લેષકો ચેતવણી આપે છે કે માત્ર મુખ્ય નેતાઓને પકડવાથી સમગ્ર ગુનાહિત નેટવર્ક નષ્ટ નથી થતું. તેના શૂટરો, ડ્રગ વેપારીઓ અને રાજકીય તથા પોલીસ સંપર્કો યથાવત રહે છે. તેથી લાંબા ગાળાની શાંતિ હજી પડકારરૂપ છે.

બણગાઓના

(પહેલા પાનાનું ચાલુ)

ટેક્નોલોજી અને સેમીકન્ડક્ટરમાં ચીનને આત્મનિર્ભર બનાવવાનું હોય, ચીનના પ્રમુખ જિનપિંગ કોઈપણ નિવેદન કર્યા વિના બૂમબરાડા પાડ્યા વગર, મોટી મોટી જાહેરાતો કર્યા વગર ચૂપચાપ તેમના કામ પાર પાડી રહ્યા છે. જિનપિંગે તેમના ગૂઢ અને ગંભીર વર્તનથી સાબિત કર્યું છે કે દુનિયામાં અત્યારે તેમના જેવો કુશળ અને હોશિયાર નેતા બીજો કોઈ નથી, જે કોઈપણ શોરબકોર કર્યા વિના ચૂપચાપ તેમનું કામ કરી રહ્યા છે અને અમેરિકા જેવી મહાસત્તાઓને હંફાવી રહ્યા છે.

આઈસનું વર્તન અયોગ્ય, અન્ય મુસાફરો મુશ્કેલીમાં મુકાયા, ફ્લાઈટ મોડી ઉપડી : એરલાઈને પણ ટીકા કરી

અમેરિકાના

(પહેલા પાનાનું ચાલુ)

આવ્યું હતું કે અધિકારીઓએ મેક્સિકોના એક નાગરિક રિકાર્ડોની ધરપકડ કરી છે. વિઝાની સમય મર્યાદા ખતમ થવા છતા અમેરિકામાં રહેવા બદલ આ કાર્યવાહી કરવામાં આવી છે. સોફિયા મેઝિયા નામની એક મહિલાને પણ અટકાયતમાં લેવામાં આવી છે.

ઘટના સમયે સોફિયાએ કર્મચારી પર ગરમ કોફી ફેંકી હતી. બીજી તરફ અટકાયતમાં લેવાયેલા બન્ને નાગરિકો પગે પડીને દાવો કરી રહ્યા હતા કે તેમની પાસે વર્ક પરમિટ છે, ખોટી રીતે અટકાયત કરવામાં આવી રહી છે. આ વિવાદ દરમિયાન ફ્લાઇટ મોડી ઉપડી હતી જેને પગલે અન્ય મુસાફરો પણ મુશ્કેલીમાં મુકાયા હતા.

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી રાહત થતી જાય. રાજકીય સરકારી કામકાજ અંગે મુલાકાત થઈ શકે. મહત્ત્વના નિર્ણય લઈ શકાય.

વૃષભ : કોર્ટ-કચેરીના કામકાજમાં આપને પ્રતિકૂળતા જણાય. કામમાં વિલંબ જણાય. વાદ-વિવાદ-ગેરસમજ - મનદુઃખથી સંભાળવું પડે.

મિથુન : આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. દોડધામ-શ્રમમાં ઘટાડો થાય.

કર્ક : જમીન-મકાન- વાહનની લે-વેચના કામમાં સાનુકૂળતા જણાય. જોકે દિવસ દરમ્યાન કામકાજ અંગે દોડધામ-શ્રમ રહ્યા કરે.

સિંહ : નોકરી-ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. અગત્યના કામકાજ અંગેની મુલાકાતમાં સાનુકૂળતા રહે.

કન્યા : દિવસના પ્રારંભથી જ આપને સુસ્તી-બેચેની જેવું લાગ્યા કરે. તબીયતની અસ્વસ્થતા જણાય. વાહન ચલાવવામાં સાવધાની રાખવી.

તુલા : આપના ગણત્રી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી આનંદ અનુભવો. ઈચ્છિત વ્યક્તિ સાથે મિલન-મુલાકાત થઈ શકે.

વૃશ્ચિક : સીઝનલ ધંધામાં આપે માલનો વધુ પડતો ભરાવો કરવો નહીં. ગ્રાહકવર્ગનું આપે ધ્યાન રાખવું પડે. આકાસ્મિક ખર્ચ-ખરીદી જણાય.

ધન : આપની બુદ્ધિ-અનુભવ- આવડત-મહેનતથી કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી કામમાં સરળતા જણાય.

મકર : આપ હરો-ફરો-કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. માતૃપક્ષની ચિંતા અનુભવાય.

કુંભ : આપના કામમાં ઉપરીવર્ગ - સહકાર્યકરવર્ગ- નોકર-ચાકરવર્ગનો સાથ-સહકાર મળી રહે. બઢતી-બદલીના કામમાં પ્રગતિ જણાય.

મીન : આપના કામની સાથે સામાજિક - વ્યવહારિક કામકાજ અંગે વ્યસ્તતા જણાય. કુટુંબ-પરિવારનો સહકાર મળી રહે.

જન્મ તારીખ વર્ષ સંકેત

તા.૨૩/૧૧/૨૦૨૬,સોમવાર

આજથી શરૂ થઇ રહેલું આપનું જન્મવર્ષ મધ્યમ પસાર થાય.

નોકરી-ધંધો : નોકરી-ધંધાકીય રીતે વર્ષ દરમ્યાન આપને ઉતાર-ચઢાવનો અનુભવ થયા કરે. સંયુક્ત ધંધામાં આપની મુશ્કેલીમાં વધારો થાય. આપે સમય-સંજોગો- પરિસ્થિતિ અનુસાર આગળ વધવું. નવા રોકાણ કરવામાં સાવધાની રાખવી. તેમ છતાં વર્ષના પ્રારંભ અને અંતમાં એક-બે મહત્વનાં કામ થતાં રાહત અનુભવો.

નાણાંકીય સુખાકારી : નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ મધ્યમ રહે. વર્ષ દરમ્યાન આવકમાં ઉતાર-ચઢાવ રહ્યા કરે. પરંતુ જાવકનું પ્રમાણ ચાલુ જ રહે. નાણાંકીય આયોજન સાવધાનીપૂર્વક કરવું પડે.

યાત્રા-પ્રવાસ : યાત્રા-પ્રવાસની દ્રષ્ટિએ વર્ષ ઠીક રહે. વર્ષ દરમ્યાન આયોજન થાય પરંતુ તેને અમલમાં મુકવામાં મુશ્કેલી જણાય. યાત્રા-પ્રવાસ દરમ્યાન સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડે. ઘર-પરિવારની ચિંતાના લીધે પ્રવાસ ટુંકાવવો પડે.

આજનુ પંચાંગ


તા.૨૩/૧૧/૨૦૨૬,સોમવાર



દિવસના ચોઘડિયા : અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત **રાત્રિના ચોઘડિયા :** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ **અમદાવાદ સૂર્યોદય :** ૬ ક. ૫૯ મિ., સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૨ મિ. **નવકારસી સમય :** (અ) ૭ ક. ૪૭ મિ. **જન્મરાશિ :** મેષ (અ,લ,ઈ) રાશિ આવે **નક્ષત્ર :** ભરણી ૨૬ ક. ૦૩ મિ. સુધી પછી કૃતિકા નક્ષત્ર આવે. **ગોચર ગ્રહ :** સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-તુલા, શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર-મેષ હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન, પ્લુટો-મકર રાહુકાળ ૭.૩૦ થી ૯.૦૦ (દ.ભા.) **વિક્રમ સંવત :** ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૩ દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : માર્ગશીર્ષ ૨ વ્રજ માસ : કાર્તિક-૨૯ **માસ-તિથિ-વાર :** કારતક સુદ ચૌદસ - વૈકુંઠ ચતુર્દશી - ચોમાસી ચૌદશ (જૈ.) **મુસલમાની હિજરીસન :** ૧૪૪૮ જમાદીઉલઆખર માસનો ૧૩મો રોજ **પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૬ તીર માસનો ૧૧મો રોજ ખોરશેદ

એરાઉન્ડ ધ વર્ડ્સ

- રીટા શાહ



આડી ચાવી

૧. દૂધમાં..... ભળવી, સુખદ સંયોગ થવો (૩)
૨. ..... ના ફળ મીઠા (૩)
૪. મંદિરના શિખર ઉપર લહેરાય (૨)
૫. દાખલાના જવાબનો.....મળવો જોઈએ. (૨)
૬. નક્કામું, બાતલ કરેલું (૨)
૮. ભેગું કરેલું, એકઠું થયેલું (૨)
૧૦. ઈતની શક્તિ હમે દેના ..... મન કા વિશ્વાસ (૨)
૧૨. ભણતર ભેગું હોવું જોઈએ (૪)
૧૮. નાચવાનો અવાજ (૪)
૨૧. ઘી ને તાર્યા પછી નીચે જામતો કચરો (૨)
૨૨. .....મળી જવો, પ્રેમની લાગણી જન્મવી (૨)
૨૩. નમેલું (૨)
૨૫. મોરની માદા (૨)
૨૬. વજન (૨)
૨૭. .....હાથ દઈને બેસવું, હતાશ થઈ જવું (૩)
૨૮. ધૂમ્રપાન (અ.) (૩)

ઊભી ચાવી

૧. હોઠ ....ત્તો ઉત્તર ઝાઝા (૨)
૩. ....., જમીન ને જોરૂ ત્રણે કજિયાના છોરૂ (૨)
૪. ..... નો છેડો ઘર (૩)
૭. મારા ..... કંઈ ભરાઈ ગયા છે (૩)
૮. આપ ભલા તો ..... ભલા (૨)
૯. માણ ખખડાવી કથા કહેનાર વ્યાસ (૪)
૧૧. ..... ગણવા, બેચેનીમાં રાત પસાર કરવી (૨)
૧૩. પિંજરાનું ..... હોવું, તાબેદાર હોવું (૨)
૧૪. રાજસ્થાનમાં આવેલું શ્રીકૃષ્ણનું તીર્થ (૪)
૧૫. ..... વળગવું, સ્વાદ રહી જવો (૨)
૧૬. નહિ ત્રણમાં, નહિ તેરમાં, નહિ ..... ના મેળમાં (૩)
૧૭. ..... બેસાડવું, બંધબેસતું કરવું (૨)
૧૯. ..... ગજના નમસ્કાર (૨)
૨૦. દેનેવાલા જબભી દેતા હૈ પૂરા ..... ફાડ કે દેતા હૈ (૩)
૨૪. એક તેલી બી (૨)
૨૬. બળિયાના બે ..... (૨)

ગઇકાલના જવાબ : ઊભી ચાવી : (૧) ઘરચોળું (૩) ઘરેણું (૪) ચરણ (૫) ચોરણી (૬) છાપરું (૭) જરૂર (૮) ઝાંખપ (૯) ટપાલી (૧૦) ઠરાવ (૧૧) ડાકણ (૧૨) ઢોલક (૧૪) તરણેતર (૧૭) થાપણ (૧૮) દરજી (૨૦) ધરમપુર (૨૧) નવરાત્રિ (૨૨) પરણેતર (૨૩) ફરિયાદ (૨૪) બરફ (૨૫) ભરતી (૨૬) મરચું **આડી ચાવી :** (૧) ઘરઘાટી (૨) ઘરચોળું (૩) ચરણ (૪) છાપરું (૫) જરૂર (૬) ઝાંખપ (૭) ટપાલી (૮) ઠરાવ (૯) ડાકણ (૧૦) ઢોલક (૧૧) તરણેતર (૧૨) થાપણ (૧૩) દરજી (૧૫) ધરમપુર (૧૬) નવરાત્રિ (૧૭) પરણેતર (૧૮) ફરિયાદ (૧૯) બરફ (૨૦) ભરતી (૨૧) મરચું

મંત્રમુગ્ધ

- ''ધ્યાન ન થાય, સૂક્ષ્મતાથી જાપ ન થાય તો, નિઃસંકોચ માળાનો આશ્રય લેવો. માળામાં મનને સ્થિર કરવું. સ્થિરતા અને એકાગ્રતા માટે માળાને માધ્યમ બનાવવું.'' **- અધ્યાત્મ સાધક,મહાન સંત શ્રી રણછોડદાસજી મહારાજ**
- ''યુદ્ધ- હિંસા અને શોષણભર્યા આ વિશ્વ સામે બે જ માર્ગ બચ્યા છે. ભગવાન મહાવીરનો માર્ગ અને મહાવિનાશનો માર્ગ. જો ભગવાન મહાવીરે આપેલ અહિંસા- કરૂણાને આપણે વિશ્વના પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડીશું નહીં તો વિશ્વનો વિનાશ નિશ્ચિત છે.''

- સહસ્ત્રાવધાની આચાર્ય શ્રી અજિતચંદ્રસાગરસૂરીશ્વરજી

- ''અન્ય તમામ સદ્‌ગુણોની સરખામણીમાં બીજાની વાતને સંયમ અને ધૈર્યપૂર્વક સાંભળવાનો ગુણ અત્યંત દુર્લભ છે; આ કળા વિરલ મહાનુભાવોમાં જ જોવા મળે છે. કારણ કે બોલવું જેટલું સરળ છે, બીજાને શ્રવણ કરવું એટલું જ કઠિન છે.''

- વ્યક્તિત્વ વિકાસના પ્રેરક વિચારક અમેરિકન લેખક ડેલ કાર્નેગી

- ''માણસ ભલે ગમે તેટલો વિદ્વાન કે હોંશિયાર હોય, પણ જો તેના જીવનમાં ખુશી અને આનંદ ન હોય તો તેનું ડહાપણ અધૂરું છે, કારણ કે પ્રસન્ન રહેવું એ જ સમજદારીનું સૌથી મોટું પ્રમાણ છે.''

- રસપ્રદ નિબંધ લખનાર ફ્રાંસ ફિલોસોફર માઈકલ દ મોન્ટાઈન્ગ્રે

- ''સફળતા કે સિદ્ધિઓ માત્ર બાહ્ય બળ કે તાકાતથી જ નથી મળી જતી, પરંતુ પ્રતિકૂળતાઓની આંધી વચ્ચે પણ અંતિમ ક્ષણો સુધી પોતાના સંઘર્ષને જાળવી રાખી મેદાનમાં યથાવત્ રહેવું એ જ સર્વોચ્ચ પરાક્રમ છે.''

- સંઘર્ષમાં શક્તિ આપતી પ્રેરણાદાયી વાત

સંકલન : russhabhshahgs@gmail.com

ગુજરાત સમાચાર સુડોકુ

ક્રમ નં. ૬૩૧૩ ૨૩ નવેમ્બર., ૨૦૨૬

	૯	૪		૩		૫	૧	
૨	૩		૭		૫		૬	૮
		૮		૪		૬		
	૪	૬				૭	૨	
		૫		૭		૧		
૪	૭		૮		૬		૯	૫
	૬	૩		૫		૨	૭	

સુડોકુના નિયમો

(૧) ૧ થી ૯ સુધીના જ અંકનો ઉપયોગ કરવો.
(૨) દ

દેશ-દુનિયા

F-1ના ટ્રેક પર સ્પીડ બહાર ગ્લેમરનો જલવો



ટીયેના ટેલર


આઈઝા ગોન્ઝાલેઝ


હેના વેડિંગહમ


એશ્ટીન-બાર્કર


કિમ કર્દાશિયન


એલિક્સ અર્લી

અમેરિકાના લાસ વેગાસમાં યોજાયેલી ૨૦૨૬ની ફોર્મ્યુલા-૧ ગ્રાન્ડ પ્રિક્સ માત્ર રેસિંગના રોમાંચ પૂરતી મર્યાદિત રહી નહોતી. અહીં હોલિવૂડના સ્ટાર્સ, સ્પોર્ટ્સ સ્ટાર્સ, મ્યુઝિશિયન્સનો જમાવડો જોવા મળ્યો હતો. એફ-૧ના ટ્રેક પર કારની સ્પીડ અને ટ્રેકની બહાર સેલિબ્રિટીઝના ગ્લેમરસ અંદાજે આ ઈવેન્ટને ખાસ બનાવ્યો હતો. આ ઈવેન્ટમાં સૌથી વધુ ચર્ચા કિમ કર્દાશિયનની રહી હતી. તે પોતાના બોયફ્રેન્ડ અને ફેરારીના ડ્રાઈવર લુઈસ હેમિલ્ટનને પ્રોત્સાહન આપવા પહોંચી હતી. કિમે રેડ કલરના લેધર પેન્ટ્સ, વ્હાઈટ ટોપ અને બ્લેક લેધર ટ્રેન્ચ કોટ પહેર્યો હતો. ખાસ વાત એ હતી કે, બીજા એક ઈવેન્ટમાં તે બ્લેક લેધર પેન્ટ્સ સાથે લગભગ સરખા લૂકમાં જોવા મળી હતી. આ આઉટફિટ સાથે તેણે હાઈ હીલ્સ અને બ્લેક સનગ્લાસિસ પહેર્યા હતાં. તે ફેરારીના ગેરેજમાં પણ જોવા મળી હતી. કિમ ઉપરાંત હોલિવૂડના જાણીતા અભિનેતા કિયાનુ રીવ્સ અને કોલિન ફેરેલ પણ એફ-૧ પેડોકમાં જોવા મળ્યા હતા. અમેરિકન ફૂટબોલ સ્ટાર રસેલ વિલ્સન અને ભૂતપૂર્વ બાસ્કેટબોલ ખેલાડી રસેલ વેસ્ટબ્ રુક પણ જોવા મળ્યા હતા. આ ઉપરાંત માર્ક વોલબર્ગ, વીનસ વિલિયમ્સ, સ્ટીવ ઓકી, ગોર્ડન રામસે અને ટેરી ક્રુઝ સહિતની જાણીતી હસ્તીઓએ પણ રેસ વીકએન્ડમાં હાજરી આપી હતી. ગોર્ડન રામસે લેગો સેલિબ્રિટી રેસમાં પણ જોવા મળ્યા હતા. લાસ વેગાસમાં એફ-૧ હવે માત્ર મોટર રેસિંગની સ્પર્ધા રહી નથી, પરંતુ સ્પોર્ટ્સ, ફેશન અને સેલિબ્રિટી કલ્ચરનું મોટું મંચ બની રહી છે.

આવતાં વર્ષે શૂટિંગ, ૨૦૨૮માં રજૂ થશે

અજય દેવગણ પણ સ્પાય થ્રીલરમાં નસીબ અજમાવશે

મુંબઈ, તા. ૨૨

અજય દેવગણ અને નિર્માતા ભૂષણ કુમાર ફરી એકવાર નવી ફિલ્મ માટે હાથ મિલાવી રહ્યા છે.




આ વખતે બંને ભારતીય ગુપ્તચર તંત્રની પૃષ્ઠભૂમિ પર આધારીત મોટા બજેટની જાસૂસી થ્રિલર ફિલ્મ લઈને આવી રહ્યા છે. આ ફિલ્મ ૨૦૨૮માં સિનેમાઘરોમાં રિલીઝ થવાની શક્યતા છે. અજય દેવગણ આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. અજય દેવગણ અને ભૂષણ કુમાર અગાઉ 'તાન્હાજી', 'દ્રશ્યમ ૨', 'ધમાલ ૪' અને 'દે દે પ્યાર દે' જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચુક્યા છે. તેમની આ નવી ફિલ્મ બંનેની સફળ ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

ફિલ્મ માટે નિર્માતા ભૂષણકુમાર જંગી બજેટ ફાળવે તેવી સંભાવના

સંત કબીરના જીવન પર આધારિત મ્યુઝિકલ ફિલ્મ કબીરાની જાહેરાત

મુંબઈ, તા. ૨૨

દિગ્દર્શક અભિષેક શર્મા મહાન કવિ-સંત કબીરના જીવન પર આધારીત એક ભવ્ય મ્યુઝિકલ ફિલ્મ કબીરા લઈને આવી રહ્યા છે. આ ફિલ્મ ૧૫મી સદીના કાશીની પૃષ્ઠભૂમિ પર આધારીત હશે, જેમાં તનિષ્ક બાગચી સંગીત આપશે. વર્ષ ૨૦૨૭ની શરૂઆતમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે, જે કબીરના વિચારો અને કાવ્યોને મોટા પડદે જીવંત કરશે.


ફિલ્મમાં સંગીતનું વિશેષ મહત્વ રહેશે, જેમાં તનિષ્ક બાગચી કબીરના દોહાને લોક, સૂફી અને શાસ્ત્રીય સંગીતના સમન્વય સાથે રજૂ કરશે. 'રામ સેતુ' અને 'પરમાણુ' જેવી ફિલ્મો પછી અભિષેક શર્મા પ્રથમવાર પીરિયડ મ્યુઝિકલ ફિલ્મ બનાવી રહ્યા છે.

પૌરાણિક ફેન્ટસી સિનેમામાં વધુ એક ઉમેરો

નવા હીરો અને દિગ્દર્શક સાથે હનુ-માન ટુ બનાવવામાં આવશે

મુંબઈ, તા. ૨૨

વર્ષ ૨૦૨૪ની ઐતિહાસીક બ્લોકબસ્ટર ફિલ્મ 'હનુ-માન'ની અપાર સફળતા પછી સર્જકોએ તેની સીક્વલ 'હનુ-માન ટુઃ ધી રાઈઝ ઓફ વાનર્સ'ની સત્તાવાર જાહેરાત કરી છે.




પ્રશાંત વર્માના સિનેમેટિક યુનિવર્સની આ આગામી ફિલ્મમાં મોટો ફેરફાર કરીને મુખ્ય અભિનેતા તેજા સજ્જાના સ્થાને પંજા વૈષ્ણવ તેજને કાસ્ટ કરવામાં આવ્યા છે, જ્યારે દિગ્દર્શનની કમાન વી.આનંદ સંભાળશે. ફર્સ્ટ લૂક પોસ્ટરમાં ભગવાન હનુમાનની વિશાળ આકૃતિ સાથે એક રહસ્યમય ફેન્ટસી દુનિયાની ઝલક જોવા મળે છે. ભારતીય પૌરાણિક કથાઓ પર આધારીત ફિલ્મોનો ક્રેઝ હાલમાં ચરમસીમાએ છે. એક તરફ 'રામાયણ' વિશ્વભરમાં રેકોર્ડબ્રેક કમાણી કરી રહી છે અને પ્રશાંત વર્મા પોતે ઋષભ શેટ્ટી સાથે 'જય હનુમાન' બનાવી રહ્યા છે, ત્યારે 'હનુ-માન ટુ'ની જાહેરાતે દર્શકોમાં ભારે ઉત્સુકતા જગાવી છે. આ પેન-ઈન્ડિયા ફિલ્મમાં વિનય રાય, વેનેલા કિશોર અને સમુથિરકાની જેવા કલાકારો જોવા મળશે,જે તેલુગુ ઉપરાંત હિન્દી, તમિલ, મલયાલમ અને કન્નડ ભાષામાં રિલીઝ થશે.

તેજા સજ્જાના સ્થાને હવે પંજા વૈષ્ણવ મુખ્ય ભૂમિકા નિભાવશે

બર્થ ડે નિમિત્તે ફર્સ્ટ લૂક જાહેર કર્યો

કાર્તિક પણ નિર્માતા બની ગયો, કરણ જોહર સાથે કાલિયા માટે ભાગીદારી

મુંબઈ, તા. ૨૨

કાર્તિક આર્યને પોતાના જન્મદિવસે આગામી ફિલ્મ 'કાલિયા'નો પથમ લુક જાહેર કર્યો છે. ધર્મા પ્રોડક્શન્સ અને કાર્તિકની ડોપામાઈન સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત આ ફિલ્મમાં ભારતીય પૌરાણિક કથાને આધુનિક મોન્સ્ટર થ્રિલરના સ્વરૂપમાં રજૂ કરવામાં આવશે. ફિલ્મનું દિગ્દર્શન સંદીપ મોદી કરી રહ્યા છે.




ફિલ્મના ટીઝરમાં એક માતા બાળકને કાલિયા નાગની વાર્તા સંભળાવે છે. પૌરાણિક કથા મુજબ કાલિયા નદીના પાણીને ઝેરી બનાવતો ભયાનક રાક્ષસ હતો, જેને ભગવાન શ્રીકૃષ્ણે પરાજિત કરી ભગાડ્યો હતો. જો કે ટીઝરમાં એક વિશાળ ભયાનક પ્રાણી ફરી નદીમાંથી બહાર આવતું જોવા મળે છે.

સંદેશ છે કે જેને શ્રીકૃષ્ણે ભગાડ્યો હતો, તેને માણસોએ પાછો બોલાવ્યો છે. કાર્તિક આ ફિલ્મમાં રાક્ષસનો સામનો કરવો જોવા મળે તેવી શક્યતા છે. ધર્મા પ્રોડક્શન્સ માટે આ પ્રથમ મોટા પાયાની મોન્સ્ટર થ્રિલર ફિલ્મ છે. કાર્તિકની બીજી નાગઝિલા આગામી વર્ષે ૧૨ ફેબ્રુઆરીએ અને કાલિયા ૫ મે, ૨૦૨૮ના રોજ રિલીઝ થશે.

પૌરાણિક કથાને આધુનિક મોન્સ્ટર થ્રીલર તરીકે રજૂ કરાશેઃ સંદીપ મોદીનું દિગ્દર્શન

૮૬ વર્ષની ઉંમરે પર્વતારોહણનો વર્લ્ડ રેકોર્ડ








સપનાં પૂરાં કરવા માટે જુસ્સો જરૂરી છે. સ્પેનના ૮૬ વર્ષીય પર્વતારોહક કાર્લોસ સોરિયા ફાન્ટાનની સફર આ વાત સાબિત કરે છે. જે ઉંમરે મોટાભાગના લોકો પર્વતારોહણ વિશે વિચારવાનું પણ ટાળે છે, તે ઉંમરે કાર્લોસ દુનિયાના સૌથી ઊંચા પર્વતોમાંથી એકને સર કરીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ નોંધાવી ચૂક્યા છે. ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ કાર્લોસે નેપાળના ૮,૧૬૩ મીટર ઊંચા મનાસ્લુ પર્વતનું શિખર સર કર્યું હતું. તે સમયે તેમની ઉંમર ૮૬ વર્ષ અને ૨૩૩ દિવસ હતી. આ સાથે તેઓ ૮,૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા પર્વતનું શિખર સર કરનાર સૌથી વધુ ઉંમરના વ્યક્તિ બન્યા હતા. કાર્લોસે અત્યાર સુધી દુનિયાનાં ૮,૦૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતાં ૧૪ પર્વતોમાંથી ૧૨નાં શિખરો સર કર્યા છે. આ યાદીમાં વિશ્વનું સૌથી ઊંચા માઉન્ટ એવરેસ્ટ, કે-૨, કંચનજંઘા, અન્નપૂર્ણા અને મનાસ્લુ જેવા મુશ્કેલ પર્વતોનો સમાવેશ થાય છે. તેમનું ટારગેટ હવે ધૌલાગિરિ અને શિશાપાંગા પર્વતો સર કરવાનું છે.

વિજ્ઞાને વિકાસ કર્યો કે પર્યાવરણનો વિનાશ !

કુદરતી હોનારત - ગ્લોબલ વોર્મિંગ : માનવજાત પર અનિશ્ચિતતાના વાદળ

વિશ્વભરમાં જળવાયુ પરિવર્તન હવે માત્ર પર્યાવરણવિદોની ચર્ચાનો વિષય નથી રહ્યો, પરંતુ તે માનવજાતના અસ્તિત્વ સામે સૌથી મોટો અને ભયાનક પડકાર બનીને ઊભો છે. માટે તો મોટી ચેતવણી આવી છે. તુર્કીયેના અંતાલ્યા શહેરમાં ૯ થી ૨૦ નવેમ્બર દરમિયાન આયોજિત સંયુક્ત રાષ્ટ્રના ૩૧મા જળવાયુ પરિવર્તન સંમેલન એટલે કે COP૩૧માં આ ચોંકાવનારો અહેવાલ ભારત માટે ખતરાની એવી ઘંટડી છે જેનો અવાજ જો આજે સાંભળવામાં નહીં આવે, તો આવનારી પેઢીઓ માટે પૃથ્વી પર શ્વાસ લેવો પણ મુશ્કેલ બની જશે.

છેલ્લા ત્રણ દાયકાના આંકડાઓ પર નજર નાખીએ તો ભારતની સ્થિતિ અત્યંત વિસ્ફોટક અને ચિંતાજનક દેખાઈ રહી છે. ૧૯૯૬થી ૨૦૨૫ સુધીના ૩૦ વર્ષના સમયગાળામાં ભારતે પૂર, અસહ્ય ગરમી અને લૂ, વિનાશક ચક્રવાત અને ભીષણ દુષ્કાળ જેવી ૪૩૬ જેટલી મોટી કુદરતી આફતોનો સામનો કર્યો છે. આ કુદરતી તાંડવમાં ભારતના ૭૮,૦૦૦થી વધુ નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. માત્ર જાનહાનિ જ નહીં, પરંતુ દેશના અર્થતંત્રની કમર તોડી નાખે તેવું ૧૭૦ અબજ ડોલરથી વધુનું આર્થિક નુકસાન ભારતે વેઠવું પડ્યું છે. આ ૪૩૬ ઘટનાઓએ દેશની ૧.૨ અબજથી વધુ વસ્તીને સીધી કે આડકતરી રીતે પ્રભાવિત કરી છે. લાખો પરિવારો રાતોરાત બેઘર બન્યા છે, તેઓને પોતાના વતન છોડીને હિજરત કરવાની ફરજ પડી છે, ખેતીલાયક ફળદ્રુપ જમીનો બંજર બની રહી છે અને દેશના વિશાળ દરિયાકિનારાના વિસ્તારોનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે.

ભારતના ઈતિહાસમાં આ ૩૦ વર્ષ દરમિયાન એવી ભયાનક આપત્તિઓ આવી છે જેમના નામ માત્રથી આજે પણ લોકોના રૂંવાડા ઊભા થઈ જાય છે. ૧૯૯૮માં ગુજરાતમાં ત્રાટકેલું વિનાશક વાવાઝોડું હોય કે ૧૯૯૯માં ઓડિશાને ઘમરોળી નાખનારું મહાચક્રવાત, ૨૦૧૪માં આવેલું હુદહુદ વાવાઝોડું હોય કે ૨૦૨૦માં બંગાળ અને ઓડિશામાં તબાહી મચાવનારું અમ્ફાન ચક્રવાત, આ દરેક તોફાને વિકાસના દાવાઓને પોકળ સાબિત કર્યા છે. ૨૦૧૩માં ઉત્તરાખંડમાં આવેલા જળપ્રલયે હજારો લોકોને મોતની નીંદર સુવડાવી દીધા હતા, તો ૨૦૧૯માં દેશના ૧૩ રાજ્યોમાં એકસાથે આવેલા ભીષણ પૂરે સમગ્ર દેશને હચમચાવી દીધો હતો. બીજી તરફ, આકાશમાંથી વરસતી આગ એટલે કે હીટવેવ અથવા લૂએ પણ ભારતમાં મોતનું તાંડવ મચાવ્યું છે. ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૩ અને ૨૦૧૫ના વર્ષોમાં ભારતે ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધીના અસહ્ય તાપમાનનો સામનો કર્યો હતો. જ્યારે ધરતી ભઠ્ઠીની જેમ તપતી હોય ત્યારે ગરીબ અને શ્રમિક વર્ગ માટે બહાર નીકળવું એ મોતને આમંત્રણ આપવા સમાન બની જાય છે.

આ સંકટ માત્ર ભારત પૂરતું સીમિત નથી, પરંતુ સમગ્ર વિશ્વ આજે બારૂદના ઢગલા પર બેઠું છે. જર્મનવોચના અહેવાલ મુજબ, છેલ્લા ૩૦ વર્ષમાં સમગ્ર વિશ્વમાં આશરે ૧૦,૦૦૦ જેટલી કુદરતી આપત્તીઓ આવી છે, જેમાં ૯ લાખથી વધુ લોકોના કરુણ મોત નિપજ્યા છે.

વૈશ્વિક અર્થતંત્રને આ કુદરતી આફતોના કારણે ૪.૭ ટ્રિલિયન ડોલરથી વધુનું સીધું આર્થિક નુકસાન થયું છે. આ રકમ કેટલી વિશાળ છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સામેલ જર્મનીના વર્તમાન જીડીપી જેટલી છે.

વિશ્વના ૫.૫ અબજ લોકો આ આપત્તિઓથી પ્રભાવિત થયા છે, જે દર્શાવે છે કે પૃથ્વી પર ભાગ્યે જ કોઈ એવો ખૂણો બચ્યો છે જ્યાં જળવાયુ પરિવર્તનની કાળી છાયા ન પડી હોય.

આ તમામ કુદરતી આફતોમાં 'લૂ' એટલે કે હીટવેવ એક એવા સાયલન્ટ કિલર તરીકે ઉભરી આવી છે જે સૌથી વધુ લોકોના જીવ લઈ રહી છે. રિપોર્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ત્રણ દાયકામાં ગરમીના કારણે થયેલા મોતની સંખ્યા અન્ય કોઈપણ આપત્તિ કરતા વધારે છે. પરંતુ સૌથી મોટી કમનસીબી એ છે કે વિકાસશીલ દેશોમાં ગરમીથી થતા મોતના સાચા આંકડા ક્યારેય સરકારી ચોપડે નોંધાતા જ નથી. હીટસ્ટ્રોક કે અસહ્ય ગરમીના કારણે થતા મૃત્યુને ઘણીવાર અન્ય બીમારીઓમાં ખપાવી દેવામાં આવે છે. જાણકારોના મતે, વાસ્તવિક મૃત્યુઆંક રિપોર્ટમાં દર્શાવેલા આંકડાઓ કરતા ક્યાંય વધુ ભયાનક હોઈ શકે છે. નોંધનીય છે કે આ રિપોર્ટમાં ૨૦૨૬ના વર્ષમાં પડેલી ભીષણ ગરમી અને હીટવેવના આંકડાઓને હજુ સામેલ કરવામાં આવ્યા નથી. જો તેને પણ ઉમેરવામાં આવે તો આ તસવીર વધુ બિહામણી બની શકે છે.

હવે સવાલ એ ઊભો થાય છે કે આ મહાવિનાશને રોકવાનો રસ્તો શું છે? શું આપણે હાથ પર હાથ ધરીને પ્રલયની રાહ જોતા રહીશું કે પછી કોઈ નક્કર પગલાં ભરીશું? રિપોર્ટના લેખકોએ વિશ્વના નેતાઓને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો આ જળવાયુ સંકટમાંથી બચવું હશે, તો સૌથી વધુ કાર્બન ઉત્સર્જન કરતા દેશો અને મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓએ પોતાની લાલચ પર લગામ લગાવવી પડશે. કોલસો, ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ જેવા ફોસિલ ફ્યુઅલ પરની નિર્ભરતા યુદ્ધના ધોરણે ઘટાડવી પડશે. પર્યાવરણના ભોગે થતો વિકાસ એ વિકાસ નથી, પરંતુ માનવ અસ્તિત્વ સાથેની રમત છે. ઊર્જાના વૈકલ્પિક અને સ્વચ્છ સ્ત્રોતો તરફ વળવું એ હવે કોઈ વિકલ્પ નથી, પરંતુ અનિવાર્યતા છે

> દેશમાં ૧૯૯૮માં ગુજરાતમાં ત્રાટકેલું વિનાશક વાવાઝોડું હોય કે ૧૯૯૯માં ઓડિશાને ઘમરોળી નાખનારું મહાચક્રવાત, ૨૦૧૪માં આવેલું હુદહુદ વાવાઝોડું હોય કે ૨૦૨૦માં બંગાળ અને ઓડિશામાં તબાહી મચાવનારું અમ્ફાન ચક્રવાત, આ દરેક તોફાને વિકાસના દાવાઓને પોકળ સાબિત કર્યા છે : બીજી તરફ છેલ્લા ૩૦ વર્ષમાં સમગ્ર વિશ્વમાં આશરે ૧૦,૦૦૦ જેટલી કુદરતી આપત્તીઓ આવી છે, જેમાં ૯ લાખથી વધુ લોકોના કરુણ મોત નિપજ્યા છે. વૈશ્વિક અર્થતંત્રને આ કુદરતી આફતોના કારણે ૪.૭ ટ્રિલિયન ડોલરથી વધુનું સીધું આર્થિક નુકસાન થયું છે. તે ઉપરાંત વિશ્વના ૫.૫ અબજ લોકો આ આપત્તિઓથી પ્રભાવિત થયા છે : જળવાયુ સંકટમાંથી બચવું હશે, તો સૌથી વધુ કાર્બન ઉત્સર્જન કરતા દેશો અને મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓએ પોતાની લાલચ પર લગામ લગાવવી પડશે. કોલસો, ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસ જેવા ફોસિલ ફ્યુઅલ પરની નિર્ભરતા યુદ્ધના ધોરણે ઘટાડવી પડશે. પર્યાવરણના ભોગે થતો વિકાસ એ વિકાસ નથી, પરંતુ માનવ અસ્તિત્વ સાથેની રમત છે. ઊર્જાના વૈકલ્પિક અને સ્વચ્છ સ્ત્રોતો તરફ વળવું એ હવે કોઈ વિકલ્પ નથી, પરંતુ અનિવાર્યતા છે

જર્મનીની પ્રતિષ્ઠિત પર્યાવરણ અને વિકાસ સંસ્થા જર્મનવોચ દ્વારા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સ ૨૦૨૭ના રિપોર્ટે સમગ્ર વિશ્વની ઊંઘ ઉડાડી દીધી છે. તેમાંય ભારત અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ મુજબ, જળવાયુ પરિવર્તન અને કુદરતી આફતોથી સૌથી વધુ પ્રભાવિત થયેલા વિશ્વના ટોપ-૧૦ દેશોની ભયાનક યાદીમાં ભારતનો સમાવેશ થયો છે. આ

ન્યુઝ ફોકસ

મોટા દેશોના વિકાસની આંધળી દોટનું પરિણામ નાના દેશો ભોગવે છે

જળવાયુ પરિવર્તનની આ લડાઈમાં સૌથી મોટો અન્યાય એ છે કે જે દેશોએ પર્યાવરણને સૌથી ઓછું નુકસાન પહોંચાડ્યું છે, તેઓ જ આજે સૌથી વધુ ભોગ બની રહ્યા છે.

વિકસિત અને અમીર દેશોએ પોતાના ઔદ્યોગિક વિકાસની આંધળી દોડમાં કાર્બન ઉત્સર્જન કરીને વાતાવરણને ઝેરી બનાવ્યું, પરંતુ તેની કિંમત આજે ઓછી આવક ધરાવતા વિકાસશીલ અને ગરીબ દેશો ચૂકવી રહ્યા છે. જાણકારોના મતે, સૌથી વધુ પ્રભાવિત ટોપ-૧૦ દેશોની યાદીમાં બહામાસ એકમાત્ર એવો દેશ છે જેની ગણતરી ઉચ્ચ આવક ધરાવતા દેશોમાં થાય છે.

બાકીના તમામ દેશો એવા છે જેમની આર્થિક સ્થિતિ નબળી છે અને જેમનો વૈશ્વિક પ્રદૂષણમાં ફાળો નહિવત રહ્યો છે. આ એક એવો વૈશ્વિક અન્યાય છે જેની સામે અવાજ ઉઠાવવો અનિવાર્ય છે. ક્લાઈમેટ રિસ્ક ઈન્ડેક્સમાં સૌથી વધુ પ્રભાવિત દેશોનું વર્ગીકરણ બે અલગ-અલગ શ્રેણીઓમાં કરવામાં આવ્યું છે, જે વિનાશની બે અલગ-અલગ તસવીરો રજૂ કરે છે. એક તરફ ડોમિનિકા (પ્રથમ સ્થાન), મ્યાનમાર (બીજું સ્થાન) અને હોન્ડુરાસ (ત્રીજું સ્થાન) જેવા દેશો છે, જ્યાં કેટલીક અત્યંત વિનાશક અને પ્રલયકારી આફતોએ એક જ ઝાટકે સમગ્ર દેશને ખેદાનમેદાન કરી નાખ્યો છે.

બીજી તરફ ફિલિપાઈન્સ (સાતમું સ્થાન) અને ભારત (દસમું સ્થાન) જેવા દેશો છે, જ્યાં કોઈ એક મોટી આફત નહીં પરંતુ વારંવાર આવતી કુદરતી આપત્તિઓએ સતત તબાહી મચાવી છે.

ભારત માટે આ સ્થિતિ વધુ ગંભીર છે કારણ કે આપણે દર વર્ષે, દર મહિને કોઈને કોઈ નવી આફતનો સામનો કરી રહ્યા છીએ. એક આફતમાંથી દેશ હજુ બેઠો થાય તે પહેલાં જ બીજી આફત દરવાજે ટકોરા મારતી હોય છે, જેના કારણે રાહત અને પુનર્વસનની કામગીરી પણ અધૂરી રહી જાય છે.



સક્ષમ નથી અને જેમનો આ સંકટ ઊભું કરવામાં કોઈ વાંક નથી, તેમને વિકસિત દેશોએ મોટા પાયે આર્થિક અને તકનીકી મદદ પૂરી પાડવી જોઈએ.

હવે COP૩૧ જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર માત્ર ઠાલા વચનો અને કાગળ પરના કરારો કરવાથી કામ નહીં ચાલે. આ મુદ્દો માત્ર દેશો વચ્ચેના સહયોગ કે દયાભાવનાનો નથી, પરંતુ સમગ્ર વિશ્વની અને દરેક રાષ્ટ્રની સુરક્ષા અને સ્થિરતા સાથે જોડાયેલો છે. જો જળવાયુ સંકટ પર કાબૂ મેળવવામાં નહીં આવે, તો આવનારા સમયમાં ખોરાક અને પાણી માટે વિશ્વયુદ્ધો ફાટી નીકળશે અને કરોડો લોકો શરણાર્થી બનીને ભટકવા મજબૂર થશે.

બીજી તરફ ભારત માટે પણ આ આત્મમંથન કરવાનો સમય છે. ટોપ-૧૦ પ્રભાવિત દેશોમાં આપણું નામ હોવું એ આપણી નીતિઓ અને આપત્તિ વ્યવસ્થાપનની મર્યાદાઓને પણ ઉજાગર કરે છે. જંગલોનો આડેધડ નાશ, નદીઓના પટમાં થતા ગેરકાયદેસર બાંધકામો, પહાડોને કોતરીને બનાવાતા રસ્તાઓ અને શહેરોમાં વધતું જતું કોંક્રિટનું જંગલ, આ બધા માનવસર્જિત કારણોએ કુદરતી આફતોની તીવ્રતામાં અનેકગણો વધારો કર્યો છે. જર્મનવોચનો આ રિપોર્ટ આપણને અરીસો બતાવી રહ્યો છે.

જો આપણે હજુ પણ નહીં જાગીએ, પર્યાવરણના સંરક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા નહીં આપીએ અને વિકાસના મોડલમાં બદલાવ નહીં લાવીએ, તો આવનારા ૩૦ વર્ષમાં થનારી તબાહીની કલ્પના કરવી પણ અશક્ય હશે. કુદરત પાસે પોતાનું સંતુલન જાળવવાના અનેક રસ્તા છે, અને જ્યારે તે પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે માનવીની તમામ વૈજ્ઞાનિક પ્રગતિ અને અહંકાર ઘૂંટણિયે પડી જાય છે.

મંજૂરી વગર યુવતીનો મોબાઈલ ખોલવો ભારે પડ્યું

અમેરિકામાં યુવતીની અંગત તસવીરો ચોરવા બદલ એક ભારતીય કસ્ટડીમાં

વોશિંગ્ટન, તા. ૨૨

અમેરિકામાં એક ભારતીય મૂળના યુવકે એક યુવતીના મોબાઈલમાંથી તેના અંગત ફોટો પોતાના મોબાઈલમાં લઈ લીધા હતા, સાથે જ યુવતીની મંજૂરી વગર સ્નેપચેટમાં લોગઈન પણ કરી લીધુ હતું. આ મામલે યુવકને દોષિત ઠેરવવામાં આવ્યો છે અને અમેરિકન ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એનફોર્સ આઈસ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યો છે.

યુવતીના મોબાઈલમાંથી એપની મદદથી અંગત ન્યુડ તસવીરો પોતાના મોબાઈલમાં લઈ લીધી, આઈસ દ્વારા કાર્યવાહી

ભારતીય મૂળના રાહુલ આનંદકૃષ્ણનને આઈસ દ્વારા કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. મંજૂરી વગર વાંધાજનક તસવીરો અને વીડિયો લેવા બદલ તેને દોષિત ઠેરવવામાં આવ્યો હતો જે બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. આઈસે જણાવ્યું હતું કે આનંદકૃષ્ણન કાઉંટ જેલમાં સજા કાપી ચુક્યો છે અને હવે ઈમિગ્રેશન કોર્ટની કાર્યવાહી પુરી થાય ત્યાં સુધી આઈસની કસ્ટડીમાં રહેશે. ઓસ્ટિન પોલીસને એવી ફરિયાદ મળી હતી કે ટેક્સાસમાં કેપિટલ પ્લાઝા શોપિંગ સેન્ટર સ્થિત ટોટલ વાયરલેસ સ્ટોરમાં કામ કરતા એક કર્મચારી વિરુદ્ધ ફરિયાદ મળી હતી. મહિલાએ ફરિયાદ કરી હતી કે સ્ટોરના એક કર્મચારીએ નેટવર્ક સેટિંગ ઠીક કરવાના નામે મારો મોબાઈલ લીધો હતો, બાદમાં મારા મોબાઈલમાં મારી જે અંગત તસવીરો હતી તેને મારી મંજૂરી વગર જ એક એપની મદદથી પોતાના મોબાઈલમાં ટ્રાન્સફર કરી દીધા હતા. એટલુ જ નહીં મારા સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ ખોલ્યા હતા. મોબાઈલને આરોપી યુવક દુકાનની પાછળ લઈ ગયો હતો જ્યાંથી તેણે આ તસવીરો પોતાના મોબાઈલમાં લઈ લીધી હતી. બાદમાં મોબાઈલ યુવતીના હાથમાં આવ્યો તો તેને આ વાતની જાણ થઈ હતી. તેથી તેણે પોલીસ બોલાવીને ફરિયાદ કરી હતી.

સૂખોઈની ગર્જના, સૂર્યકિરણના કરતબો..



નાગપુરના આકાશમાં રવિવારે ભારતીય વાયુસેનાના શૌર્ય, સાહસ અને અદભુત હવાઈ કૌશલ્યનો નજારો જોવા મળ્યો હતો. ભારતીય વાયુસેનાની મેન્ટેનન્સ કમાન્ડ દ્વારા આયોજિત એર ફેસ્ટ ૨૦૨૬માં સૂર્યકિરણ એરોમોડેલ ટીમના નવ વિમાનોએ આકાશમાં એક પછી એક રોમાંચક કરતબ બતાવ્યાં હતાં. વિમાનોની પાછળથી નીકળતા ઓરેન્જ, વ્હાઈટ અને ગ્રીન કલરના ધુમાડાએ આકાશમાં તિરંગાની સુંદર છટા ઊભી કરી હતી. સૂર્યકરણની સાથે સારંગ હેલિકોપ્ટર ડિસ્પ્લે ટીમે પણ દર્શકોને રોમાંચિત કર્યા હતા. સ્વદેશી ધ્રુવ એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર દ્વારા હવામાં વિવિધ રચનાઓ અને કરતબ રજૂ કરવામાં આવ્યાં હતાં. ખાસ કરીને હેલિકોપ્ટર દ્વારા હવામાં હાર્ટ શેપ બનાવવાનો નજારો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. કાર્યક્રમમાં સુખોઈ લડાકુ વિમાનની ગર્જના પણ સાંભળવા મળી હતી. ત્રણ સુખોઈ વિમાનોએ એકસાથે વિજય રચનામાં ફ્લાયપાસ કરીને ભારતીય વાયુસેનાની હવાઈ તાકાતનો પરિચય આપ્યો હતો. આકાશ ગંગા સ્કાયડાઈવિંગ ટીમના જવાનોએ ઊંચાઈ પરથી પેરાશૂટ વડે નીચે ઉતરીને પોતાની કુશળતા દર્શાવી હતી. આ ઉપરાંત ગરૂડ સ્પેશિયલ ફોર્સના જવાનોનું ડેમોન્સ્ટ્રેશન અને એર વોરિયર ડ્રિલ ટીમની શિસ્તબદ્ધ રજૂઆત પણ કાર્યક્રમના આકર્ષણ રહ્યાં હતાં.

ઈઝરાયેલમાં આઈઝનકોટે સરકાર રચવા નેતન્યાહૂ સાથે ગઠબંધનની ચર્ચા શરૂ કરી

નવી દિલ્હી, તા. ૨૨

ઈઝરાયલમાં નેતન્યાહૂની પાર્ટીના સમર્થન વિના ગાદી આઈઝનકોટ સરકાર બનાવી શકે તેમ નથી. તેથી તેઓએ પોતાની વિરોધી પાર્ટી સાથે પણ ગઠબંધન સાધવા મંત્રણા શરૂ કરવા નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે.

સહમતી સધાય તો આઈઝનકોટ અને નેતન્યાહૂ અડધો-અડધો સમય પીએમપદે રહે તેવી પણ શક્યતા

ઈઝરાયલમાં ચૂંટણી પછી સરકાર રચવામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે. રાષ્ટ્રપ્રમુખે 'યાશર' પાર્ટીના ગાદી આઈઝનકોટને સરકાર રચવા આમંત્રણ આપ્યું છે અને સંસદમાં બહુમતિ સિધ્ધ કરવા માટે ૨૮ દિવસની મુદત આપી છે.

આઈઝનકોટ પહેલા આરબ પાર્ટીઓના સમર્થનથી સરકાર બનાવવા વિચારતા હતા. પરંતુ હવે તેમની સાથે મંત્રણા નિષ્ફળ જઈ રહી છે. તેથી આઈઝનકોટે પોતાના પ્રતિસ્પર્ધી, બેન્જામીન નેતન્યાહૂની પાર્ટી 'લિકુડ' સાથે ગઠબંધન સાધવા, તેને નિમંત્રણ આપ્યું છે. આજે ૨૨ નવેમ્બરે બંને વચ્ચે મંત્રણા શરૂ થઈ છે.

ઈઝરાયલની નેસેટ (સંસદ)ની ચૂંટણીમાં બેન્જામીન નેતન્યાહૂની પાર્ટી લિકુડને ૫૩ સીટ મળી હતી. જ્યારે આઈઝનકોટની 'યાશર' પાર્ટીને ૪૮ સીટ મળી હ તી. હવે જો ૨૮ દિવસમાં આઈઝનકોટ સરકાર ન બનાવી શકે તો પ્રમુખ બન્જામિન નેતન્યાહૂને ફરી સરકાર રચવા આમંત્રણ આપે.

આઈઝન કોટની પાર્ટીમાં જ ગઠબંધન માટે મતભેદ છે. તેથી હજી તે અંગે નિર્ણય લઈ શકાયો નથી.

બીજી તરફ પ્રમુખ હરજોગ ઇચ્છે તો આઈઝનકોટને બહુમતી સિદ્ધ કરવા આપેલી ૨૮ દિવસની મુદત ૧૪ દિવસ વધારી પણ દે. આઈઝનકોટ પાસે ૩ વિકલ્પ છે. (૧) રૂઢિવાદી કટ્ટર જમણેરી 'હરદીમ' પાર્ટી સાથે ગઠબંધન સાધવું જે ઈઝરાયલ ધર્મ-ગ્રંથોનો પ્રચાર કરવા તેમજ સેના મજૂબૂત કરવા માગે છે. (૨) બીજો વિકલ્પ 'લિકુડ' સાથે જોડાણ કરવાનો છે. (૩) ત્રીજો વિકલ્પ તે છે કે જો પહેલાં બંને પ્રયાસો નિષ્ફળ જાય તો તેઓ લિકુડ સાથે પણ જોડાણ સાધી શકે જેમાં અર્ધો સમય નેતન્યાહૂ વડાપ્રધાન રહે, અર્ધો સમય આઈઝનકોટ વડાપ્રધાનપદે રહે તો. સહજ છે કે હવે પછીનાં અઢી વર્ષ દરમિયાન નેતન્યાહૂ વડાપ્રધાનપદે આવે.

ગુરૂ નાનક દેવની જન્મજયંતી માટે ૨૩૦૦થી વધુ શીખ શ્રદ્ધાળુઓ પાકિસ્તાન પહોચ્યાં

શીખ ધર્મના સ્થાપક ગુરૂ નાનક દેવજીની ૫૫૭મી જન્મજયંતીની ઉજવણીમાં ભાગલેવા ૨૩૦૦થી વધુ ભારતીય શીખ યાત્રાળુઓ રવિવારે વાઘા બોર્ડરથી પાકિસ્તાન પહોચ્યાં છે. ગુરૂ નાનક દેવજીની જન્મ જયંતી નિમિત્તે મુખ્ય સમારોહ મંગળવારે ननકાના સાહિબમાં આવેલા ગૂરૂદ્વારામાં યોજાશે. જે ગુરૂ નાનક દેવજીનું જન્મ સ્થળ છે.સરહદ પર ઈટીપીબીના અધ્યક્ષ કમર ઝમાન, પંજાબના લઘુમતી બાબતોના મંત્રી અને પાકિસ્તાન સિખ ગુરુદ્વારા પ્રબંધક સમિતિના પ્રમુખ સરદાર રમેશસિંહ અરોરા તથા અન્યોએ યાત્રાળુઓનું સ્વાગત કર્યું હતું. ઈટીપીબીના પ્રવકતા આમિર હાશમીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન સરકારે ૩૦૦૦થી વધુ વિઝા જારી કર્યા હતાં જેમાં લગભગ ૨,૩૩૯ ભારતીય યાત્રાળુઓ લાહોર પહોચ્યાં છે. આ યાત્રાળુઓ ૧ ડિસેમ્બરે ભારત પરત પહોચતા પહેલા કતારપુરના સાહિબ સહિત પાકિસ્તાનમાં સિખ ધર્મના અનેક ઐતિહાસીક સ્થળોની મુલાકાત લેશે.



નોર્વેની સ્કૂલોમાં બાળકો આઈફોન અને આઈપેડનો ઉપયોગ કરતા હોય છે. આઈપેડ-આઈફોનનો ઉપયોગ ભણતરની શરૂઆતથી જ સામાન્ય બન્યો છે. જેના કારણે બાળકો નાની ઉંમરથી ટેકનોલોજીના જાણકાર બની રહ્યા છે. ભારત જેવા દેશોમાં સ્કૂલ્સમાં નાના બાળકોને આઈફોન-આઈપેડ ન આપવામાં આવતા હોય પરંતુ, ઘરે ઘરે બાળકો દ્વારા મોબાઈલ ફોનનો ઉપયોગ વધ્યો છે. નોર્વેએ તેને ભણતર સાથે જોડ્યો છે. તેમ છતાં દેશમાં વિરોધ થઈ રહ્યો છે. ઘણા માતા-પિતા કહી રહ્યા છે કે, બાળકોની સ્કૂલ તેમને આદત પાડી રહી છે.

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર પર વિશ્વાસ કરવો ભારે પડ્યો

ફેરનેસ ક્રીમથી કિડનીને ભારે નુકસાન, યુવતી આઈસીયુમાં દાખલ

તિરુવનંતપુરમ, તા. ૨૨

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએંસર્સની વાતોમાં આવવું એક યુવતીને ભારે પડી ગયું હતું, આ યુવતીએ ચહેરાને ચમકાવવાના ચક્કરમાં કિડનીની બીમારી નોતરી લીધી હતી. ઈન્ફ્લુએંસરના કહ્યા મુજબ ફેસ ક્રીમ વાપરી જોકે આ ક્રીમમાં એટલી માત્રામાં ધાતુ (મરક્યૂરી) હતી કે જેને કારણે યુવતીને કિડનીની બીમારી થઈ ગઈ. પરિસ્થિતિ એટલી કફોડી થઈ ગઈ હતી કે યુવતીને આઈસીયુમાં દાખલ કરવી પડી હતી.

યુવતીની યાદશક્તિ અને બ્લડ પ્રેશર ઘટ્યા, હાથ પગ પર સોજા થવા લાગ્યા, બેભાન થતા હોસ્પિટલ લઈ જવાઈ

કેરળના મલપ્પુરમના અરીકોડેની રહેવાસી એક ૧૮ વર્ષીય યુવતી એક વર્ષ પહેલા સોશિયલ મીડિયા પર એક ઈન્ફ્લુએંસરની વાતોમાં આવી ગઈ હતી, તેણે સોશિયલ મીડિયા પર એક ફેસ ક્રીમની જાહેરાત જોઈ હતી. વિશ્વાસમાં આવીને તેણે આ ક્રીમ ઓનલાઈન મંગાવી હતી અને ઓગસ્ટ ૨૦૨૫માં તેનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું હતું. એક વર્ષમાં તેણે ત્રણ બોટલ ક્રીમ વાપરી નાખી. ચહેરા પર પિંપલ કે અન્ય કોઈ પણ ડાઘ દૂર કરવા માટે અથવા ગોરા દેખાવા માટે આ ક્રીમનો તે ઉપયોગ કરતી હતી. ત્રણ મહિના પહેલા જ યુવતીના શરીર પર આ ક્રીમની આડ અસરો દેખાવા લાગી અને સ્વાસ્થ્યની ગંભીર સમસ્યા પેદા થવા લાગી. અચાનક જ તેનું બ્લડ પ્રેશર ડ્રોપ થવા લાગ્યું, હાથ પગમાં ધ્રુજારી થવા લાગી અથવા સોજા થવા લાગ્યા. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે તે પગ પર ઉભી પણ નહોતી રહી શકતી, એક દિવસ તે બેભાન થઈ ગઈ જેને પગલે ત્યારે મામલો બહાર આવ્યો હતો, યુવતી જે ક્રીમનો ઉપયોગ કરી રહી હતી તે હોસ્પિટલને આપી, બાદમાં હોસ્પિટલ દ્વારા લેબમાં આ ક્રીમની ચકાસણી કરતા સૌ કોઈ ચોંકી ઉઠ્યા હતા, સરકાર માન્ય

ક્રીમમાં મરક્યુરીનું પ્રમાણ ભયજનક હતું, જે ચામડીથી કિડની સુધી પહોંચતા ફિલ્ટર સિસ્ટમ ખોરવાઈ

તેને આઈસીયુમાં દાખલ કરવી પડી હતી. યુવતીએ મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે મને યાદશક્તિ ઓછી થવા લાગી, જે કઈ અભ્યાસ કર્યો હોય તે યાદ નહોતું રહેતું જેને કારણે પરિક્ષામાં સમસ્યા થવા લાગી. અરીકોડેમાં એક ખાનગી હોસ્પિટલમાં યુવતીને દાખલ કરવામાં આવી હતી. ડોક્ટરોએ યુવતીને કોસ્મેટિકના ઉપયોગ અંગે સવાલ કર્યો લેબમાં ટેસ્ટ કરતા સામે આવ્યું કે ક્રીમમાં ભયાનક માત્રામાં મરક્યૂરી એટલે કે પારો (ધાતુ) નીકળ્યું, આ ધાતુ જેને લિક્વિડ મેટલ તરીકે પણ ઓળખવામાં આવે છે તે સ્કિનના માધ્યમથી કિડની સુધી પહોંચ્યું હતું, કિડનીના ફિલ્ટરિંગ યુનિટ પર તેની અસર જોવા મળી જેને કારણે યુરિનના માધ્યમથી બહુ જ મોટા પ્રમાણમાં પ્રોટિન ઘટવા લાગ્યું.

જમ્મુના કુપવાડામાં એલઓસી નજીક ૬ કરોડનું ડ્રગ્સ જપ્ત

જમ્મુ કાશ્મીરના કુપવાડા જિલ્લામાં વાસ્તવિક અંકુશ રેખા નજીકથી હેરોઈન જેવો પદાર્થ મળી આવ્યો છે. જેની બજાર કિંમત અંદાજે ૬ કરોડ રૂપિયા હોવાનું અધિકારીએ રવિવારે જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે નશીલા પદાર્થોને લગતી પ્રવૃત્તિઓ સામેની એક મોટી કાર્યવાહીમાં કુપવાડા પોલીસે આશરે ૮૨૭ ગ્રામ હેરોઈન જેવો પદાર્થ જપ્ત કર્યો છે. આ જપ્તી શનિવારે કોર્ડન એન્ડ સર્ચ ઓપરેશન ઉત્તર કાશ્મીરના કર્નાહ વિસ્તારમા આવેલી અમરોહીમાં હાથ ધરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે આ અભિયાન દરમિયાન કર્નાહના અમરોહીના રહેવાસી ઝમીર અહેમદ ટુંચના રહેઠાણની તપાસ કરવામાં આવી હતી. જ્યાં એક કાળી પોલીથીન બેગ મળી આવી હતી. જેમાં આ શંકાસ્પદ માદક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે એનડીપીએસ કાયદા હેઠળ ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજસ્થાન, તમિલનાડુ, ઝારખંડ અને બિહારમાં અકસ્માતો : ૨૭નાં મોત

નવી દિલ્હી, તા. ૨૨

રાજસ્થાન, તમિલનાડુ, ઝારખંડ અને બિહારમાં થયેલા અલગ અલગ માર્ગ અકસ્માતોમાં કુલ ૨૭ લોકોનાં મોત થયા છે. રાજસ્થાનમાં ૯, તમિલનાડુમાં ૮, ઝારખંડમાં ૬ અને બિહારમાં ૪ લોકોનાં મોત થયા છે.

મૃતકોના પરિવારને રૂ. બે લાખ જ્યારે ઘાયલોના પરિવારોને રૂ. ૫૦ હજારના વળતરની સરકારની જાહેરાત

રાજસ્થાનમાં ઉદયપુર નેશનલ હાઈવે પર ખાટુ શ્યામજી મંદિરની તીર્થયાત્રા પરત ફરી રહેલા એક પરિવારનાં ૯ સભ્યોનાં મોત થયા હતાં. તે જે કારમાં સવાર હતાં તે કાર સડક કિનારે ઉભેલી એક ટ્રક સાથે અથડાઈ ગઈ હતી.

આ અકસ્માત રાતે ૧ વાગ્યે સર્જાયો હતો. પીડિતો મહારાષ્ટ્રનાં ધુલે જિલ્લામાં પોતાના ઘરે પરત ફરી રહ્યાં હતાં. સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ તેજસ્વી ગૌતમે જણાવ્યું હતું કે ૯ લોકો ઘટના સ્થળે જ મૃત્યુ પામ્યા હતાં. જ્યારે અન્ય આઠ લોકો ઘાયલ થયા હતાં.

આ કારમાં એક જ પરિવારનાં ૧૬ સભ્યો સવાર હતાં. પ્રાથમિક તપાસમાં કારનાં ડ્રાઈવરને ઝોકું આવી જતાં આ અકસ્માત સર્જાયો હતો. વડાપ્રધાન મોદીએ મૃતકોનાં પરિવારજનોને બે-બે લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

તમિલનાડુનાં તિરુચિરાલ્લી જિલ્લામાં એક કાર લીમડાનાં ઝાડ સાથે અથડાતાં આઠ લોકોનાં મોત થયા છે અને અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

ઝારખંડનાં ખુંટી અને લાતેહાર જિલ્લામાં થયેલા બે અલગ અલગ માર્ગ અકસ્માતોમાં કુલ છ લોકોનાં મોત થયા છે અને અન્ય બે લોકો ઘાયલ થયા છે.

બિહારનાં પટણા જિલ્લામાં રવિવારે વહેલી સવારે એક કાર અન્ય વાહન સાથે અથડાતા ત્રણ મહિલાઓ સહિત ચાર લોકોનાં મોત થયા હતાં અને બે લોકો ઘાયલ થયા હતાં તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું.



યુક્રેન છેલ્લા ઘણા સમયથી યુદ્ધનો સામનો કરી રહ્યું છે. તેની અસર લગ્નોમાં પણ જોવા મળી રહી છે. રાજધાની કિવમાં રશિયાના પાસપોર્ટ સાથેના કપલે લગ્ન કર્યા. અને કસમ ખાધી કે, છેલ્લા શ્વાસ સુધી રશિયાની વિરૂદ્ધ લડીશું. યુક્રેનમાં રશિયા વિરૂદ્ધની લોકલાગણી જ કદાચ કારણ છે જેના કારણે હદ બહારના નુકસાન બાદ યુક્રેન ટકી રહ્યું છે.

એઆઈએડીએમકેનાં સીએમ પર પ્રહારો

વિજયને ખેડૂતો કરતા પોતાની હેરસ્ટાઈલની વધારે ચિંતા : ઉદયકુમાર

(પીટીઆઈ) મદુરૈ, તા. ૨૨

એઆઈએડીએમકેનાં વરિષ્ઠ નેતા આર બી ઉદયકુમારે રવિવારે કાવેરી ડેલ્ટામાં કૃષિ સંકટ અંગે તમિલનાડુનાં મુખ્યપ્રધાન સી જોસેફ વિજય પર તીવ્ર હુમલો કર્યો હતો.

જે મતદારોએ ફેરફારની આશામાં વિજયને મત આપ્યો હતો તેમને નિરાશા હાથ લાગી

તેમણે આરોપ મૂક્યો હતો કે મુખ્યપ્રધાન દેવામાં ડૂબેલા ખેડૂતોની ચિંતા કરવાને બદલે પોતાની હેરસ્ટાઈલ પર વધુ ધ્યાન આપી રહ્યાં છે. એક વીડિયો નિવેદનમાં ઉદયકુમારે જણાવ્યું હતું કે જે મતદારોએ ફેરફારની આશામાં વિજયને મત આપ્યો હતો તેમને નિરાશા હાથ લાગી છે.

ચેન્નાઈમાં એક લગ્ન સમારંભમાં મુખ્યપ્રધાનની હાજરી અંગે મીડિયા અને સોશિયલ મીડિયામાં ચાલી રહેલી ચર્ચા વચ્ચે પૂર્વ પ્રધાને તેમના લુક પર આપવામાં આવી રહેલા ધ્યાનની સરખામણી રાજ્યનાં કૃષિ ક્ષેત્રોમાં ફેલાયેલી ગંભીર સ્થિતિ સાથે કરી હતી.

ઉદયકુમારે પ્રશ્ન કર્યો હતો કે જ્યારે મુખ્યપ્રધાન અભિનેતા હતાં ત્યારે તેઓ પોતાની હેરસ્ટાઈલ બદલવા જેટલો સમય ફાળવતા હતા તેનાથી કોઈને નુકસાન થતું ન હતું. પરંતુ હવે તેઓ હેરસ્ટાઈલ બદલવા પાછળ ખર્ચાયેલા સમય જેટલો જ સમય અને કાળજી તમિલનાડુનાં ખેડૂતોનાં જીવનમાં પરિવર્તન લાવવા માટે ફાળવશે? તેમણે જણાવ્યું હતું કે લગ્ન સમારંભમાં મુખ્યપ્રધાન વિજયનો નવો લુક કદાચ આંખોને ગમે તેવો હોઈ શકે છે પરંતુ ખેડૂતોની પીડા તો આંસુ જ લાવે છે.

અગાઉ ૨૦૦૮માં ૮૭ દિવસ સત્ર સ્થગિત રહ્યું હતું

ભારતીય સંસદમાં નવો રેકોર્ડ : ચોમાસુ સત્ર પહેલીવાર ૧૦૦ દિવસથી સ્થગિત

નવી દિલ્હી, તા. ૨૨

સંસદનું ચોમાસુ સત્ર ભલે ૧૩ ઓગસ્ટે ભલે અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું હોય પણ હજુ સુધી આ સત્ર સમાપ્ત કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આમ ૧૦૦ દિવસ પૂર્ણ કરી ચૂકેલા આ સત્રે ભારતીય સંસદીય ઈતિહાસમાં નવો રેકોર્ડ બનાવ્યો છે.

ચોમાસુ સત્ર સમાપ્ત કરાયું ન હોવાથી ડિલિમિટેશન કાયદો પસાર કરવા માટે સંસદની બેઠક બોલાવવાની શક્યતા

આ અગાઉ ૨૦૦૮માં સંસદનું એક સત્ર સતત ૮૭ દિવસો સુધી ચાલુ રહ્યું હતું. હવે સૌની નજર સરકારની તરફથી મહિલા અનામત લાગુ કરવા માટે પ્રસ્તાવિત વિશેષ બેઠકની જાહેરાત પર ટકી છે. સરકારી સૂત્રોનાં જણાવ્યા અનુસાર બંધારણ સંશોધન કાયદો પસાર કરવા માટે વિશેષ કે વિસ્તારિત સત્ર બોલાવવાની સંભાવના તપાસવામાં આવી રહી છે. અગાઉ સરકાર દ્વારા વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો કે કાયદો લોકસભામાં ૧૫થી ૧૮ મતોનાં અંદરથી પસાર થઈ શકે છે. જો કે વિશેષ બેઠકની તારીખ અને સમયગાળા અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. પ્રસ્તાવિત બંધારણ સંશોધનનો ઉદ્દેશ પરિસીમન દ્વારા લોકસભાની વર્તમાન ૫૪૩ બેઠકોને વધારી મહત્તમ ૮૫૦ કરવાનો છે. આનાથી ૨૦૨૯ની સામાન્ય ચૂંટણી પહેલા સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામત લાગુ કરવાનો માર્ગ સાફ થઈ જશે.

દક્ષિણનાં રાજ્યોની ચિંતાઓ દૂર કરવા માટે સરકાર દરેક રાજ્યની લોકસભા બેઠકોમાં ૫૦ ટકા વૃદ્ધિનાં વિકલ્પ પર વિચારણા કરી રહી છે.

FIRST CUT BY MANJUL

મારી અપીલ પછી સોનાનાં ભાવ ગગડ્યા : મોદી





'શિયાળે શીતળ વા વાય પાન ખરે ઘઉં પેદા થાય, પાકે ગોળ કપાસ કઠોળ, તેલ ઘરે ચાવે તંબોળ. ઘરે શરીરે ડગલી શાલ, ફાટે ગરીબ તણા પગ ગાલ, ઘટે દિવસ ઘણી મોટી રાત, તનમાં જોર મળે ભલી ભાત....' શિયાળો જામી રહ્યો છે ત્યારે દલપતરામની પંક્તિઓ આ મોસમનું સુંદર વર્ણન કરે છે. ઠંડીનું પ્રમાણ વધવા સાથે સવારે ઝાકળને લઈને શહેરના કેટલાક વિસ્તારમાં ધુમ્મસભર્યું વાતાવરણ જોવા મળે છે.

વિકાસની આડમાં પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય સાથે ચેડાં

ગુજરાતની નદીઓમાં 'સ્લો પોઈઝન' 'ફોરેવર કેમિકલ'થી કેન્સરનો ખતરો

અમદાવાદ,રવિવાર

ઔદ્યોગિક વિકાસની હરણફાળ ભરી રહેલા ગુજરાતમાં હવે વિકાસની આડમાં પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. રાજ્યની જીવાદોરી સમાન નદીઓ અને ભૂગર્ભજળમાં 'PPFAS' (ફોરેવર કેમિકલ્સ) નામના અત્યંત ઘાતક રસાયણોનું ઝેર ભળી રહ્યું છે. Hazardous Materials Advances જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસ બાદ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલએ આ મુદ્દે કડક વલણ અપનાવી લાલ આંખ કરતાં ગુજરાત સરકારમાં દોડધામ મચી છે.

NGTએ લાલ આંખ કરતાં દોડધામ, નદીમાં કેટલું ઝેર ભળ્યુ તેનો GPCB પાસે હિસાબ નથી

ઉદ્યોગોના ઝેરી કચરાએ ભૂગર્ભજળ બરબાદ કર્યા, વોટર પ્લાન્ટ પણ રસાયણોને નષ્ટ કરી ન શક્યા

અતિ-ઔદ્યોગિકરણ ધરાવતા ગુજરાતમાં કેમિકલ, ફાર્માસ્યુટિકલ, ટેક્સટાઈલ, પેઈન્ટ્સ અને સેમિકન્ડક્ટર જેવા ઉદ્યોગોમાંથી ઠલવાતો પ્રવાહી કચરો પાણીમાં ફોરેવર કેમિકલ્સ ભળવાનું સૌથી મોટું કારણ બની રહ્યો છે. ખાસ કરીને અમદાવાદ અને સુરત જેવા મોટા ટેક્સટાઈલ હબમાં કાપડને વોટરપ્રુફઅને ડાઘ-પ્રતિરોધક બનાવવા વપરાતા ફ્લોરિનેટેડ કોટિંગ્સ, તેમજ કેમિકલ ઝોનમાં વપરાતા ઈન્ડસ્ટ્રિયલ ક્લીનર્સ અને મેટલ પ્લેટિંગની પ્રક્રિયામાંથી આ ઝેરી રસાયણો સીધા જ નદી અને જળ સ્તોમાં ભળી રહ્યા છે.માત્ર ઔદ્યોગિક કચરો જ નહીં, પરંતુ રોજિંદા જીવનમાં વપરાતા ફાસ્ટ ફૂડ રેપર્સ (ફૂડ પેકેજિંગ), નોન-સ્ટીક વાસણો (ટેફલોન કોટિંગ), કોસ્મેટિક ઉત્પાદનો અને રિફાઈનરીઓમાં આગ બુઝાવવા વપરાતા ખાસ ફીણમાં પણ આ ઘાતક સંયોજનોનો ભરપૂર ઉપયોગ થાય છે.

આશ્ચર્યની વાત એ છે કે, આટલી ગંભીર સમસ્યા હોવા છતાં ગુજરાતની સાબરમતી, મહી, નર્મદા કે તાપી જેવી મુખ્ય નદીઓ કે શહેરોના ભૂગર્ભજળમાં ફોરેવર કેમિકલ્સ નું પ્રમાણ કેટલું છે, તેનો કોઈ જ સત્તાવાર ડેટાબેઝ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પાસે ઉપલબ્ધ નથી. એટલુ જ નહી, ઔદ્યોગિક કચરામાં આ રસાયણોની મહત્તમ મર્યાદા નક્કી કરતા કોઈ કાયદેસરના ધોરણો જ નથી પરિણામે પ્રદુષણ ફેલાવતાં ઉદ્યોગોને જાણે કે ખુલ્લો દોર મળી ગયો છે.

નિષ્ણાતોના મતે, લાંબા સમય સુધી ફોરેનર કેમિકલ્સના સંપર્કમાં રહેવાથી માનવ શરીરમાં હોમીનલ અસંતુલન, થાઈરોઈડ, લીવરને ગંભીર નુકસાન, પ્રજનન ક્ષમતામાં ઘટાડો અને કેન્સર જેવા જીવલેણ રોગોનું જોખમ અનેકગણું વધી જાય છે.જો હવે કડક નિયંત્રણો નહીં મુકાય, તો આવનારી પેઢી માટે પીવાનું પાણી ઝેર સમાન બની જશે. એનજીટી આ ફટકાર બાદ હવે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સરકાર ઉદ્યોગો પર કેવો સકંજો કસે છે તે જોવું રહ્યું.

'ફોરેવર કેમિકલ્સ' એટલે શું?

આ રસાયણોને 'ફોરેવર કેમિકલ્સ' એટલા માટે કહેવામાં આવે છે કારણ કે તેના કાર્બન-ફ્લોરિન બોન્ડ અત્યંત મજબૂત હોય છે, હજારો માનવસર્જીત રસાયણોનો એક સમૂહ હોવાથી પર્યાવરણ કે માનવ શરીરમાં વર્ષો સુધી નાશ પામ્યા વિના ટકી રહે છે. ચોંકાવનારી હકીકત એ છે કે રાજ્યના સામાન્ય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ પણ પાણીમાંથી આ ઝેરી રસાયણોને સંપૂર્ણપણે દૂર કરવામાં સદંતર નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે. આ રસાયણ સરળતાથી તૂટતા ન હોવાથી માટી, હવા,જળસ્ત્રોત, અને ભૂગર્ભજળમાં ભળી જાય છે. આ કારણોસર જ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે ગુજરાતના જળસ્ત્રોતમાં ફોરેવર કેમિકલ્સને લઈને ચિંતા વ્યકત કરી છે.

ગુજરાતમાં હવે પાણીમા ફોરેવર કેમિકલ્સની મર્યાદા નક્કી થાય તેવી શક્યતા

ગુજરાત સહિત અન્ય રાજ્યમાં પીવાના પાણી અને ઔદ્યોગિક કચરામાં ફોરેવર કેમિકલ્સના નિયંત્રણને લઈને નવા નિયમો લાગુ થાય તેવી સંભાવના છે. તેનું કારણ એછેકે, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે ગુજરાત, મહારાષ્ટ્ર, તામિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં પાણીમાં ફોરેવર કેમિકલ્સની હાજરીને લઈને ગંભીર નોંધ લીધી છે. કેન્દ્રીય પર્યાવરણ અને સીપીસીબી પાસે ખુલાસો માંગ્યો છે. આ જોતાં હવે પીવાના પાણીના ફોરેવર કેમિકલ્સની મહતમ મર્યાદા નક્કી થઈ શકે છે.

શબ્દ, સંવેદના, આધ્યાત્મિકતાના અવિસ્મરણીય યાત્રી

રાજેન્દ્ર શુક્લની અલવિદા : ગુજરાતી ગઝલનો ગિરનારી ગઢ ખરી પડ્યો

અમદાવાદ, રવિવાર

ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં કેટલીક વ્યક્તિઓ એવી હોય છે, જેમની ઓળખ માત્ર તેમની રચનાઓથી થતી નથી, પરંતુ તેમની સમગ્ર જીવનસાધના એક સાહિત્યિક પરંપરા બની જાય છે. આવા જ એક વિરલ સર્જક કવિ રાજેન્દ્ર શુક્લનું રવિવારે અમદાવાદ ખાતે અવસાન થયું છે, તેઓ ૮૪ વર્ષના હતા.તેમના અવસાનથી ગુજરાતી કવિતા અને ગઝલના ક્ષેત્રે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અવાજ મૌન થયો છે. પરંતુ કવિનું મૌન ક્યારેય તેમના સર્જનનું મૌન હોતું નથી.

કોક ત્રિભેટે થઈશું ભેળા, લ્યો હવે ફંટાય છે કેડી

સાચો કવિ પોતાની પાછળ શબ્દોનું એવું વિશ્વ મૂકી જાય છે, જેમાં આવનારી પેઢીઓ પોતાનાં સમયને, પોતાની સંવેદનાને અને પોતાના અસ્તિત્વને શોધી શકે. રવિવારે



સાંજે તેમની અંતિમ યાત્રામાં ખૂબ જ મોટી સંખ્યામાં સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

છેલ્લા બે-ત્રણ દિવસથી હૃદયસંબધિત તકલીફને કારણે અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. રાજેન્દ્ર અનંતરાય શુક્લનો જન્મ ૧૨ ઓક્ટોબર, ૧૯૪૨ના રોજ જૂનાગઢ જિલ્લાના બાંટવા ગામમાં થયો હતો.તેમનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વતનમાં થયું. ઉચ્ચ અભ્યાસ માટે તેઓ અમદાવાદ આવ્યા હતા. એલ.ડી. આર્ટ્સ કોલેજમાંથી ૧૯૬૫માં સંસ્કૃત અને પ્રાકૃત વિષયો સાથે બી.એ. તથા ૧૯૬૭માં અનુસ્નાતકની પદવી મેળવી.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના અભ્યાસે તેમની ભાષાકીય સમજને સમૃદ્ધ બનાવી. ભારતીય કાવ્યપરંપરા, છંદ, અલંકાર, દર્શન અને આધ્યાત્મિક સાહિત્ય સાથેનો તેમનો પરિચય તેમની કવિતામાં ઊંડાણપૂર્વક પ્રગટ થયો હતો. તેમણે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં અધ્યાપન કર્યું હતું. ૧૯૮૨માં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને જીવનનો મોટો હિસ્સો કાવ્યસર્જન, અધ્યયન અને સંતાનોના શિક્ષણના વૈકલ્પિક પ્રયોગને સમ પત કર્યો હતો. તેમના પત્ની નયના જાની પણ કવયિત્રી હતાં. આમ, તેમના ઘરનું વાતાવરણ પણ સાહિત્યિક સંવેદનાથી સભર હતું.તેમની પ્રથમ કવિતા ૧૯૬૨માં પ્રતિષ્ઠિત ગુજરાતી સામયિક 'કુમાર'માં પ્રકાશિત થઈ હતી.ત્યારબાદ 'કૃતિ', 'રેખા', 'કવિતા', 'મિલાપ', 'કવિલોક', 'વિશ્વમાનવ', 'કંકાવટી', 'શબ્દસૃષ્ટિ'અને 'નવનીત-સમર્પણ' જેવા સામયિકોમાં તેમનું સર્જન પ્રકાશિત થતું રહ્યું. ૧૯૭૦માં કોમલ રિષભ, ૧૯૮૧માં અંતર ગંધાર, ૨૦૦૫માં ગઝલસંહિતા પ્રગટ થયા હતા.

રાજેન્દ્ર શુક્લની સાહિત્યસાધનાને વિવિધ પ્રતિષ્ઠિત પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવી હતી.

૧૯૭૦ :	'કોમલ રિષભ' માટે ગુજરાત સરકારનું શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ પારિતોષિકત રમેશ પારેખ સાથે સંયુક્ત સન્માન.
૧૯૮૦-૮૧ :	'અંતરગંધાર' માટે ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક.
૧૯૮૧ :	કવિ શ્રી ન્હાનાલાલ પારિતોષિક.
૧૯૮૧ :	'અંતરગંધાર' માટે ગુજરાત સરકારનું કાવ્યસંગ્રહ પારિતોષિક.
૨૦૦૧ :	કલાપી એવોર્ડ.
૨૦૦૫ :	નરસિંહ મહેતા એવોર્ડ.
૨૦૦૬ :	રણજિતરામ સુવર્ણચંદ્રક.
૨૦૦૭ :	'ગઝલસંહિતા' માટે કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર.
૨૦૦૮ :	નર્મદ સુવર્ણચંદ્રક.
૨૦૦૯ :	વલી ગુજરાતી ગઝલ એવોર્ડ.

સ્વ. રાજેન્દ્ર શુક્લની મશહૂર રચનાઓ

: મનને સમજાવો નહીં કે મન સમજતું હોય છે,આ સમજ, આ અણસમજ, એ ખુદ સરજતું હોય છે.છે ને કવકોલાહલે આ સાવ મૂગું મૂઢ સમ,એકલું પડતાં જ તો કેવું ગરજતું હોય છે...!

: આ વખત તો વેશમાંથી નીકળી ગયો છું હું,શબ્દના પ્રદેશમાંથી નીકળી ગયો છું હું. માત્ર મૌન છે સરળ, ન શબ્દની અલંકૃતિ, એ બધા ય અેશમાંથી નીકળી ગયો છું હું....

: કીડી સમી ક્ષણોની આ આવજાવ શું છે?મારું સ્વરૂપ શું છે, મારો સ્વભાવ શું છે? તુઓનો રંગ શું છે, ફૂલોની ગંધ શું છે? લગની, લગાવ, લહરો, આ હાવભાવ શું છે? લયને ખબર નથી કેં, આકાર પણ અવાચક, શું છે રમત પવનની, ડાળીનો દાવ શું છે? પર્વતને ઊંચકું પણ પાંપણ ન ઊંચકાતી, આ ઘેન જેવું શું છે, આ કારી ઘાવ શું છે...?

: ઘેનની પ્યાલી પાય છે કેડી, ક્યાંક મને લઈ જાય છે કેડી. શોધતાં આખી જિંદગી લાગે, આંખમાં જો અટવાય છે કેડી, કોક ત્રિભેટે થઈશું ભેળાં, લો હવે ફંટાય છે કેડી.

: ના કોઈ બારું, ના કોઈ બંદર, ચેત મછંદર,આપે તરવો આપ-સમંદર, ચેત મછંદર !ચડો ચાખડી, પવનપાવડી, જયગિરનારી,ક્યા હે મેરુ ક્યા હે મંદર, ચેત મછંદર !

ગઝલને ભારતીય અધ્યાત્મ, તત્ત્વચિંતન, સંગીત, પ્રકૃતિ, જીવનદર્શન અને માનવીના અંતરમનની અનુભૂતિ સાથે જોડી

૭ શહેરમાં ૧૫ ડિગ્રીથી નીચું તાપમાન

ગુજરાતમાં ઠંડીનું મોજું યથાવત્ નલિયા ૧૧ ડિગ્રીમાં ઠુંઠવાયું

અમદાવાદ,રવિવાર

ઉત્તર ભારતથી ફૂંકાઈ રહેલા ઠંડા પવનોને પગલે ગુજરાતમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ગત રાત્રિના ૧૧ ડિગ્રી સાથે નલિયામાં સૌથી નીચું તાપમાન નોંધાયું હતું.

આગામી ૩ દિવસ તાપમાન ૩ ડિગ્રી સુધી વધતાં ઠંડીમાં આંશિક ઘટાડો અનુભવાશે

નલિયાના સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૫ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. ગાંધીનગર, અમરેલી, રાજકોટ, ડાંગ, પોરબંદર, ડીસામાં પણ સરેરાશ લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. અમદાવાદમાં ૧૫.૫ ડિગ્રી સાથે સિઝનનું સૌથી નીચું તાપમાન હતું અને સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૦.૫ ડિગ્રીનો ઘટાડો થયો હતો. આગામી ૩ દિવસ અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, 'ગુજરાતમાં આગામી ૩ દિવસ લઘુતમ તાપમાનમાં તબક્કાવાર ૩ ડિગ્રી સુધીનો વધારો થતાં ઠંડીમાં આંશિક રાહત મળી શકે છે. '

ક્યાં સૌથી નીચું તાપમાન?

શહેર	તાપમાન	શહેર	તાપમાન
નલિયા	૧૧.૦	જુનાગઢ	૧૫.૪
ગાંધીનગર	૧૨.૩	અમદાવાદ	૧૫.૫
અમરેલી	૧૨.૮	સુરેન્દ્રનગર	૧૭.૦
રાજકોટ	૧૩.૬	સુરત	૧૭.૪
ડાંગ	૧૪.૦	ભાવનગર	૧૭.૬
પોરબંદર	૧૪.૧	કંડલા	૧૭.૯
ડીસા	૧૪.૮	ભુજ	૧૮.૩
વડોદરા	૧૫.૪	દ્વારકા	૧૯.૨

'સ્માર્ટ સિટી' અમદાવાદમાં હવા શ્વાસ લેવા લાયક રહી નથી

હવા પ્રદુષણ મુદ્દે લોકો જાગૃત નહીં થાય તો ડોક્ટરો માટે જીવવું પડશે

અમદાવાદ,રવિવાર

સ્માર્ટ સિટી અને વર્લ્ડ હેરિટેજ સિટીનું બિરુદ ધરાવતા અમદાવાદની હવા હવે શ્વાસ લેવા લાયક રહી નથી. દિવાળી બાદ અમદાવાદ શહેરના વાતાવરણમાં ઝેરી રજકણોનું પ્રમાણ ભયજનક સપાટીએ પહોંચી ગયું છે. સૌથી ચોંકાવનારી હકીકત એ છે કે ચાલુ નવેમ્બર મહિનામાં અમદાવાદીઓને એક પણ દિવસ શુદ્ધ અને સ્વચ્છ હવા નસીબ થઈ નથી. ફટાકડા,વાહનો અને ઉદ્યોગોના ધુમાડા ઉપરાંત અન્ય કારણોને લઈને હવા પ્રદુષિત થઈ રહી છે. સરકારના પ્રયાસો ઠીક છે પણ હવે ખુદ લોકોએ જાગૃત થવું પડશે નહીતર અડધી કમાણી દવા પાછળ ખર્ચાશે. એટલુ જ નહીં, ડોક્ટરો માટે જ જીવવુ પડશે તેવી સ્થિતીનું નિર્માણ થશે તે દિવસો હવે દૂર નથી.

ચાલુ મહિનામાં ૧૩ દિવસ હવે અત્યંત ઝેરી બની રહી, એક દિવસ અતિ જોખમી સ્તરે, છ દિવસ AQI ૨૦૦થી વધુ

ચાલુ મહિનામાં હવાની ગુણવત્તા એટલી હદે કથળી કે, નવેમ્બર માસમાં ૧૩ દિવસ એવા રહ્યા છે જ્યારે શહેરનો એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૬૦થી વધુ નોંધાયો હતો, જે હવાની અત્યંત ખરાબ અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ દર્શાવે છે.

આ મહિનાના ૬ દિવસ દરમિયાન તો પ્રદૂષણનું સ્તર એટલું વધી ગયું હતું કે. એકયુઆઈ ૨૫૦ના આંક વટાવ્યો હતો જેથી વહેલી સવારે અને મોડી સાંજે શહેર પર ઝેરી ધુમ્મસની ચાદર છવાયેલી જોવા મળી હતી. એક દિવસે તો દરમિયાન પ્રદૂષણ ગંભીર રીતે વકર્યું હતું અને એર ક્વોલિટી ઈન્ડેક્સ ૩૦૦નો આંકડો પણ વટાવી ગયો હતો. આ સ્તરની હવા 'અતિ જોખમી' શ્રેણીમાં આવે છે, જે સ્વસ્થ વ્યક્તિને પણ બીમાર પાડી શકે છે.

દિવાળી પછી ફટાકડાના ધુમાડા, વાહનોનું પ્રદૂષણ અને બાંધકામની ધૂળને કારણે હવામાં ઝેરી રજકણો સતત વધી રહ્યા છે. આ પ્રદૂષિત વાતાવરણ ખાસ કરીને અસ્થમા, બ્રોન્કાઈટિસ અને હૃદયરોગના દર્દીઓ માટે જીવલેણ સાબિત થઈ શકે છે. તબીબોના મતે, સતત ઝેરી હવા શ્વાસમાં જવાથી બાળકો અને વૃદ્ધોમાં ફેફસાંના ચેપ, આંખોમાં બળતરા અને ગળામાં ખરાશની ફરિયાદોમાં મોટો ઉછાળો આવ્યો છે.

શહેરની હવા સુધારવા, રસ્તાઓ પરથી ધૂળના રજકણો સાફ કરવા અને ગ્રીન કવર વધારવા પાછળ સરકારી તંત્ર તો કામગીરી કરી રહ્યુ છે. મિસ્ટ કેનન, રોડ સ્વીપિંગ મશીનો અને એર ખ્યુરિફાયર ટાવર જેવા પ્રોજેક્ટ્સ પાછળ ખર્ચ કરાય છે. પણ સાથે સાથે લોકોએ પણ આગળ આવવું પડશે. શહેરીજનોને પણ પ્રદુષિત હવા કેટલી નુકશાનકારક છે તેનો અંદાજ નથી કેમકે, દર વર્ષે શ્વાસ-દમ, હૃદય,ફેફસા સહિત અન્ય રોગના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે માટે ખુદ જનતાની પર્યાવરણ પ્રત્યેની બેદરકારી જ જવાબદારી છે.

જો આ જ સ્થિતી રહી તો, એક દિવસ એવો ય આવશે કે, ઝેરી હવાને કારણે ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બનશે.

અમદાવાદમાં આ સપ્તાહે એર ક્વોલિટી ઈન્ડેક્સ કેટલો રહ્યો

૧૫ નવેમ્બર	૧૮૦
૧૭ નવેમ્બર	૧૬૪
૧૮ નવેમ્બર	૧૭૫
૧૯ નવેમ્બર	૧૬૪
૨૦ નવેમ્બર	૧૬૩
૨૧ નવેમ્બર	૧૭૦
૨૨ નવેમ્બર	૧૮૩

દિવાળી બાદફટાકડાં,વાહનો,ઉદ્યોગોના ધુમાડાએ શહેરની હવાની ગુણવત્તા બગાડી, અસ્થમાના દર્દીઓ માટે જોખમ

કેશોદ પાસે ૩ યુવક-યુવતી કારમાં જીવતા ભૂંજાયા

ગુજરાતમાં માર્ગ અકસ્માતમાં એક જ દિવસમાં ૧૬ લોકોએ જીવ ગુમાવ્યા

અમદાવાદ, રવિવાર

ગુજરાતમાં શનિવારે સર્જાયેલા માર્ગ અકસ્માતોમાં ૧૬ લોકોએ જીવ ખોયા હતા. સૌથી ગંભીર અકસ્માતમાં બર્થ-ડે ઉજવવા માધવપુર જતાં ચારમાંથી ત્રણ યુવક-યુવતી કેશોદ પાસે કાર પલ્ટી ગયા પછી લાગેલી આગમાં જીવતા ભૂંજાઈ ગયા હતા. તો, ભુજ આર્મી કેમ્પ ખાતે કાર્યરત ગઢવાલ રાયફલ ગ્રુપના ત્રણ જવાનના પરિવાર સફેદ રણથી પરત ફરતો હતો ત્યારે ટ્રક કારને કચડી નાંખતા સાત લોકોના મૃત્યુ નિપજ્યા હતા.

સફેદ રણથી પરત ફરતા બે આર્મી જવાન સહિત તેમના પરિવારના સાત સભ્યના મૃત્યુ : ચિરઈ નજીક અકસ્માતે દંપતીને ખંડીત કર્યું

તો, ચિરઈ નજીક અકસ્માતે દંપતીને ખંડીત કર્યું હતું. કચ્છમાં ત્રણ અકસ્માતમાં કુલ ૯ લોકોના, કેશોદ પાસે ત્રણ, જામનગર જિલ્લામાં ૩ સહિત ૧૬ લોકોના મૃત્યુ નિપજ્યા હતા. જુનાગઢના કેશોદ નજીક પથ્થરના કારણે પલ્ટી ખાધા પછી કાર સળગતાં એક યુવતી અને બે યુવક સળગીને ભડથું થઈ ગયા હતા. જુનાગઢના નંદિનીબહેન પોપટનો જન્મ દિવસ હોવાથી મિત્રો ડેનિસ દેવરાણિયા, ઝલક મશરૂ અને ક્રિષ્ના ચુડાસમા સાથે ઉજવણી કરવા માટે જુનાગઢથી માધવપુર જઈ રહ્યા હતા. વહેલી સવારે ૪-૩૦ વાગ્યે કેશોદ નજીક વળાંકમાં પથ્થર સાથે અથડાઈ પલ્ટી ખાઈ ગઈ હતી તે પછી ભિષણ આગ લાગી હતી. કારચાલક ડેનિસ ઉપરાંત ઝલક અને બર્થ-ડે ગર્લ નંદિનીના મૃત્યુ નિપજ્યા હતા. કાચ તુટવાથી ફંગોળાઈ ગયેલી ક્રિષ્ના ચુડાસમા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

સફેદ રણ ખાતે સાંજનો સમય વિતાવી પરત ફરતાં ભુજ આર્મી કેમ્પમાં રહેતા (અનુસંધાન બીજા પાને)

CSLC CURE SIGHT LASER CENTER

ફ્રી આઈ ચેકઅપ

૦૨ થી 30 નવેમ્બર, ૨૦૨૬



ઉપલબ્ધ સુવિધાઓ

• સિલ્ક ફ્લેપલેસ (ગુજરાતનું સૌ પ્રથમ AI રોબોટિક લેસર) • બ્લેડ ફ્રી / ફેમ્ટો લેસર • કોન્ટુરા વિઝન • મોતિયા/ કેટરેક્ટ • ICL ઈમ્પ્લાન્ટેશન • પડદાનું ચેકઅપ • ઝામર (ગ્લુકોમા)

ડૉ. પરિમલ દેસાઈ | ડૉ. આદિત્ય દેસાઈ | ડૉ. આશિષ કાયસ્થ | ડૉ. જીગ્નેશ શાહ | ડૉ. અર્ચના તથા એસોસીએટ્સ ડૉક્ટર્સની ટીમ

WhatsApp on, +91 99799 02658 | +91 93773 38797

૩જો માળ, દેવ બિલ્ડીંગ, મર્સિડીઝના શોરૂમની સામે, પરિમલ ગાર્ડન ચાર રસ્તા, અમદાવાદ-૬.

સોમવાર થી શનિવાર સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ સુધી | બધી સર્જિકલ પ્રક્રિયાઓ પર સરળ EMI ઉપલબ્ધ છે.

૨૯વી પુણ્ય તિથિ પર ભાવભીની શ્રદ્ધાંજલિ



भूरालालजी गंगारामजी कोठारी

स्वर्गवास दि. 23-11-1997

संस्थापक अध्यक्ष :


राहुल पेपर ईन्डीया प्रा. लि. • तुलसी अेन्टरप्राईझ

आपका प्रेम, आशीर्वाद और संस्कार हमारे जीवन की अमूल्य मूडी है। आप आज हमारे बीच में नहीं है किन्तु आपकी यादें और आपके संस्कार हंमेशा हमारे हृदय में जीवंत रहेंगे।

मनोहरलाल भूरालालजी कोठारी
भावेश एम. कोठारी
राहुल एम. कोठारी
राहुल पेपर्स ईन्डीया प्रा. लि. परिवार

पारस भूरालालजी कोठारी
मितेष पी. कोठारी
निशीत पी. कोठारी
तुलसी अेन्टरप्राईझ परिवार

૨૯વી પુણ્ય તિથિ પર ભાવભીની શ્રદ્ધાંજલિ




भूरालालजी गंगारामजी कोठारी

स्वर्गवास दि. 23-11-1997

हमारे अतीत का निर्माण किया,
हमारे वर्तमान को सक्षम बनाया,
हमें उज्जवल भविष्य का आशीर्वाद दिया,
महान वास्तविक तीर्थ स्वरुप
परम पूजनीय पिता को हमारा नमस्कार

सुशीलादेवी वरधीचंदजी सुतरीया
महावीर सुतरीया
राकेश सुतरीया
संजय सुतरीया
महावीर अेन्टरप्राईझ परिवार

छट્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. રીખવચંદ બાબુલાલ શાહ

(કાલરી) (શ્રદ્ધા ટચવાળા)

સ્વર્ગવાસ તા. ૨૩-૧૧-૨૦૨૦

પરમ પૂજ્ય પિતાશ્રીને કોટી કોટી વંદન....

અનુપકુમાર રીખવચંદ શાહ પરિવાર

શ્રદ્ધા ગોલ્ડ ટેસ્ટીંગ લેબ (માણેકચોક)

શ્રદ્ધા જ્વેલર્સ (શિવરંજની ક્રોસ રોડ)

બેસણું



'પુકારો ગમે તે સ્વરે હું મળીશ જ, સમયના કોઈ પણ થરે હું મળીશ જ!'

અમારા આત્મીય સ્વજન

ઋષિ કવિશ્રી રાજેન્દ્ર અનંતરાય શુક્લ

તા. ૨૨-૧૧-૨૦૨૬ના રોજ શબ્દલીન થયા છે.

સદ્ગતનું બેસણું

તા. ૨૩-૧૧-૨૦૨૬, સોમવારે સાંજે ૦૫-૦૦ થી ૦૮-૦૦ સુધી રાખેલ છે.

સ્થળ: સીમા હોલ, આનંદનગર રોડ, પ્રહલાદનગર, અમદાવાદ. મો. 9898421234

રજનીકાંત શુક્લ (ભાઈ) દિલીપકુમાર શુક્લ (ભાઈ)

નયના રાજેન્દ્ર શુક્લ (પત્ની)

ધ્વેવત શુક્લ (પુત્ર) જાજવલ્ય શુક્લ (પુત્ર)

ક્ષમા શુક્લ (પુત્રવધૂ)-આત્મજા શુક્લ (પૌત્રી)-આત્મજ્ઞ શુક્લ (પૌત્ર)

સુધાંશુ જાની - કલ્પના જાની (જાની પરિવાર)

કોલેજ-બેઠક નામંજૂરી સામે અનેક અપીલો થતાં ફી વધારો

મેડિકલ કોલેજોને કમિશનમાં અપીલ કરવી મોંઘી પડશે : ફી ૩થી ૬ ગણી વધી

અમદાવાદ,રવિવાર

યુજી અને પીજી મેડિકલમાં નવી કોલેજોની મંજૂરી કે હયાત કોલેજોને રીન્યુઅલ પરમિશનથી માંડી બેઠક વધારાની મંજૂરીની પ્રક્રિયામાં મેડિકલ કમિશનના મેડિકલ એસેસમેન્ટ એન્ડ રેટિંગ બોર્ડ દ્વારા ઘણીવાર અનેક કોલેજોને રીન્યુઅલ પરમિશન અપાતી નથી કે બેઠક વધારો આપવામા આવતો નથી ત્યારે બોર્ડના આ નિર્ણય સામે અનેક કોલેજો અપીલમાં જતી હોય છે.આ ઉપરાંત કમિશનના યુજી અને પીજી એજ્યુકેશન બોર્ડ દ્વારા નક્કી કરાતા સ્ટાન્ડર્ડ કે નિયમો સામે પણ અપીલ થતી હોય છે ત્યારે મેડિકલ કમિશને વિવિધ બોર્ડના નિર્ણયો સામે કરાતી અપીલ અરજીની ફીમાં ૩થી૬ ગણો વધારો ઝીંકી દેવાયો છે.આ ઉપરાંત હવે સરકારી અને ખાનગી કોલેજો માટે પણ અલગ અલગ ફી રહેશે, જે અગાઉ એક હતી.

અગાઉ તમામ કોલેજો માટે કોમન ૫૯ હજાર ફી હતી:હવે સરકારી માટે ૧.૭૭ અને ખાનગી માટે ૩.૫૪ લાખ ફી

નેશનલ મેડિકલ કમિશને છેલ્લે મે ૨૦૨૪માં મેડિકલ કોલેજો માટે અપીલ ફી નક્કી કરી હતી.જેમાં કમિશને ફેરફાર કરીને મોટા પાયે ફી વધારો કર્યો છે.મેડિકલ કમિશને કોલેજોએ અપીલ અરજીમાં ભરવાની થતી ફીમાં ૩થી૬ ગણાનો એક સાથે વધારો ઝિંક્યો છે.મેડિકલ કોલેજો કમિશનના એસેસમેન્ટ રેટિંગ બોર્ડ તેમજ યુજી મેડિકલ એજ્યુકેશન બોર્ડ કે પીજી મેડિકલ એજ્યુકેશન બોર્ડના મંજૂરી-નિયમોના-માપદંડો કે દંડના નિર્ણયો સામે અનેકવાર અપીલ અરજી કરતી હોય છે.મેડિકલ કમિશન એક્ટ ૨૦૧૯ની સેકશન ૨૨(૩), ૨૮(૫) અને ૩૩(૫) હેઠળ કોલેજો અપીલ કરવાનો હક મળે છે. કમિશન દ્વારા અગાઉ અપીલ અરજી માટે ૫૯ હજાર રૂપિયા ફી નક્કી કરી હતી.જેમાં ૧૮ ટકા જીએસટીનો પણ સમાવેશ થતો હતો.

પરંતુ કમિશને અપીલ અરજી માટેની ફીમાં મોટો વધારો કર્યો છે.જેમાં હવે ખાનગી અને સરકારી કોલેજો માટે પણ અલગ અલગ ફી નક્કી કરી છે. હવે સરકારી કોલેજોએ કમિશનના વિવિધ બોર્ડના નિર્ણયો કે ઓર્ડર સામે ઓનલાઈન અપીલ અરજી કરવી હોય તો ૫૯ હજાર રૂપિયાને બદલે ૧.૭૭ લાખ રૂપિયા ફી ભરવી પડશે.જેમાં ૧.૫૦ લાખ પર ૧૮ ટકા જીએસટી ભરવાનો રહેશે. જ્યારે ખાનગી કોલેજો અને ડીમ્ડ યુનિ.ઓએ ઓનલાઈન અપલી અરજી કરવી હોય તો ૩.૫૪ લાખ પિયા ફી ભરવી પડશે. જેમાં ૩ લાખ પર ૧૮ ટકા જીએસટી ભરવો પડશે.આ સુધ